

હાઇસ્કોરિંગ મેચમાં હૈદરાબાદે મુંબઇને 31 રનથી હરાવ્યું

PAGE NO. 17

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



USAમાં પૂલ તૂટતાં વિશ્વને કરોડોનો ફટકો વૈશ્વિક સપ્લાય ચેઇન ખોરવાઇ જવાની શંકા

PAGE NO. 19

FRIDAY, 29 MARCH, 2024 Vol. 21, No. 13 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# અરવિંદ કેજરીવાલના રિમાન્ડ 4 દિવસ લંબાયા

## 10 દિવસના રિમાન્ડ પૂરા થતાં ઈડીએ વધુ 7 દિવસના રિમાન્ડ માંગ્યા હતા : જપ્ત કરેલા ચાર ડિજિટલ ઉપકરણોના ડેટાનું થઇ રહેલું વિશ્લેષણ

**નવી દિલ્હી**

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને દિલ્હી લિકર પોલિસી કેસમાં કોર્ટે રાહત આપી નહોતી. કેજરીવાલને એક એપ્રિલ સુધી ઈડીની કસ્ટડી વધારવાનો કોર્ટે આદેશ આપ્યો હતો દિલ્હી લિકર પોલિસી કેસમાં ધરપકડ કરાયેલા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સાથે ઈડીની ટીમ ગુરુવારે બપોરે રાઉઝ એવન્યુ કોર્ટ પહોંચી હતી. જ્યાં ઈડી અને કેજરીવાલ બંને તરફથી જોરદાર દલીલો આપવામાં આવી હતી. દલીલો સાંભળ્યા બાદ કોર્ટે કેજરીવાલના ઈડી રિમાન્ડને ૪ દિવસ માટે લંબાવી હતી. ગુરુવારે કેજરીવાલના ૧૦ દિવસના રિમાન્ડ પૂરા થયા હતા. આ પછી ઈડી



એ તેને કોર્ટમાં રજૂ કરીને ૭ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી.

દિલ્હીના સીએમના રિમાન્ડની માંગ કરતી વખતે ઈડીએ કહ્યું કે મોબાઈલ ફોન (અરવિંદ કેજરીવાલની પત્નીના)માંથી ડેટા કાઢવામાં આવ્યો છે અને હાલમાં તેનું વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે. જો કે, અન્ય ચાર ડિજિટલ ઉપકરણો (CM કેજરીવાલ સાથે સંબંધિત) માંથી ડેટા જપ્ત કરવામાં આવ્યો છે, જે ૨૧ માર્ચ, ૨૦૨૪ ના રોજ દિલ્હીના મુખ્યમંત્રીના પરિસરમાંથી તપાસ દરમિયાન મળી આવ્યો હતો.

એએસજી એસવી રાજુએ કહ્યું હતું કે કેજરીવાલનું નિવેદન નોંધવામાં આવ્યું છે અને તેઓ પ્રશ્નોના સીધા જવાબો આપી રહ્યા નથી. ASGએ કહ્યું, 'મળેલા ડિજિટલ ડેટાની પણ તપાસ કરવામાં આવી રહી છે. કેટલાક લોકોને ગોવાથી બોલાવવામાં આવ્યા છે અને તેમને રૂબરૂ બેસીને તેમના નિવેદનો નોંધવા પડશે. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે 4 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

જ્યારે કેજરીવાલે કોર્ટ સમક્ષ તેમની ધરપકડનો વિરોધ કરતા કહ્યું કે, આ કેસ બે વર્ષથી ચાલી રહ્યો છે. સીબીઆઈનો કેસ ઓગસ્ટ ૨૦૨૨માં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યારે કોઈ અદાલતે મને દોષિત ઠેરવ્યો નથી ત્યારે મારી ધરપકડ કેમ કરવામાં આવી?

## કેજરીવાલે વકીલને બદલે જાતે દલીલો કરી

કેજરીવાલે વકીલને બદલે પોતાની જાતે જજ સામે દલીલો કરીને ઈડીને ચૂપ કરી દીધી હતી. કેજરીવાલે પહેલો સવાલ એવો કર્યો કે મારી ધરપકડ કેમ થઈ? જવાબમાં ઈડીના વકીલે એવું કહ્યું કે અમારી પાસે તમારી સામે નિવેદન છે. ત્યાર બાદ કેજરીવાલે કહ્યું કે જો હું મોદી અને અમિત શાહને ૧૦૦ કરોડ આપ્યા છે તેમ કહું તો શું તમે ફક્ત મારા નિવેદનને આધારે તેમની ધરપકડ કરશો? આ સવાલ પર જજ અને ઈડીના વકીલ બંને ચૂપ રહ્યાં હતા. કેજરીવાલે વકીલ દ્વારા નહીં પરંતુ પોતે જજની સામે પોતાનો કેસ રજૂ કર્યો હતો. તેમણે જજને કહ્યું કે ઈડીના બે જ ઉદ્દેશ્ય છે. એક, આપ (આમ આદમી પાર્ટી)ને સમાપ્ત કરવી. બીજું ગેરવસૂલીનું રેકેટ ચલાવવાનો, જેના દ્વારા તેઓ પૈસા ભેગા કરી રહ્યા છે. શરથ રેડ્ડીએ ભાજપને ૫૫ કરોડ રૂપિયા આપ્યા હતા. મારી પાસે પુરાવો છે કે આ રેકેટ ચાલી રહ્યું છે. ચાર જગ્યાએ મારું નામ આવ્યું છે, ધારાસભ્યો દરરોજ મારા ઘરે આવે છે. શું આ નિવેદન ચૂંટાયેલા મુખ્ય પ્રધાનની ધરપકડ કરવા માટે પૂરતું છે?.

## કેજરીવાલને રાહત : CM પદેથી હટાવવાની અરજી દિલ્હી હાઈકોર્ટે ફગાવી

કેજરીવાલ જેલમાં હોવાથી તેમને મુખ્યમંત્રી પદેથી હટાવવા માટે અરજી થઈ હતી જેને હાઈકોર્ટે ફગાવી દીધી છે. હાઈકોર્ટે કહ્યું કે તેમને સીએમ પદેથી દૂર કરવાનો કોઇ નિયમ નથી. કેજરીવાલને મુખ્યમંત્રી પદેથી હટાવવા કે નહીં તે નક્કી કરવાનું કામ ન્યાયતંત્રનું નહીં પરંતુ એક્ઝિક્યુટિવ તંત્રનું છે. આ બાબત ન્યાયતંત્રની દખલગીરીના દાયરામાં નથી આવતી. સરકારની અન્ય પાંખોએ કાયદા અનુસાર આ વિશે વિચાર કરવાનો છે. સુરજિત સિંહ યાદવ નામના અરજકર્તાએ દિલ્હીના મુખ્યમંત્રી પદ પરથી અરવિંદ કેજરીવાલને હટાવવા માટે અરજી કરી હતી.

ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank®
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Serving Greater Toronto Region Fax: 416-253-9461

Marché Patel
L'endroit où retrouver les saveurs de chez nous... Notre culture
One place for our food...Our Culture
www.marchepatel.com
Online & Retail Indian Grocery Store
42 Rue chabanel o, Montreal, H2N 1E6
Phone : 514 573 2632
E-mail : support@marchepatel.com
www.marchepatel.com

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

BEST of MONTREAL
The Suburban BEST of MONTREAL GAGNANT 2023 2023 WINNER
Voyage Intersky Travel
Voted Best Travel Agency
The Suburban
આપ કે પ્યાર ઓર ભરોસે કે લિયે ધન્યવાદ
Airline Tickets (worldwide) &Travel insurance, PR or passport renewal, OCI, Indian Visa, Surrender and more......
VOYAGES InterSky TRAVELS
Divyesh (Dev) Patel
514 -513-9191
514 389 7070-toll free: 1855 389 7070

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# ઓન્ટેરિયોનું બજેટ : નવી મેડિકલ સ્કૂલ અને પોલીસ માટે હેલિકોપ્ટર ખરીદીની જોગવાઈ

## આરોગ્ય, શિક્ષણ અને આવાસ જેવા મહત્વના ક્ષેત્રો માટે અબજો ડોલરની ફાળવણી

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયોનું 2024નું બજેટ પ્રાંતના ઈતિહાસમાં સૌથી મોટું છે, જેમાં આરોગ્ય, શિક્ષણ અને આવાસ જેવા મહત્વના ક્ષેત્રો માટે અબજો ફાળવવામાં આવ્યા છે. જો કે, તેમાં અગાઉ સાંભળ્યા ન હોય, તેવી કેટલીક નીતિઓ અને પ્રોજેક્ટ્સનો પણ સમાવેશ થાય છે.

પ્રોગ્રેસિવ કન્ઝર્વેટિવ્સ વોન, ઓન્ટમાં આવેલી યોર્ક યુનિવર્સિટી સાથે ફેમિલિ ફિઝિશિયન માટે નવી મેડિકલ સ્કૂલ બનાવવા માટે ભાગીદારી કરી રહ્યા છે. આ નવી પહેલ ઉપર થોડી વિગતો આપવામાં આવી છે, અધિકારીઓનું કહેવું છે કે, આયોજન માટે લગભગ $ 9 મિલિયન અલગ રાખવામાં આવ્યા છે. જયારે સરકારનું કહેવું છે કે, કેનેડામાં આ પ્રથમ મેડિકલ સ્કૂલ હશે, ડિસેમ્બરના ઓડિટર જનરલ રિપોર્ટમાં જાણવા મળ્યું કે, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પર વધુ પડતી નિર્ભરતા અને સતત ઘટતી સ્થાનિક નોંધણી સંસ્થાને જોખમમાં મૂકી રહી છે. મંગળવારે પત્રકારો સાથે વાત કરતી વખતે નાણાપ્રધાન પીટર બેથલેન ફાલ્વીએ જણાવ્યું હતું કે, તેઓ યુનિવર્સિટીની નાણાકીય પરિસ્થિતિ વિશે ચિંતિત નથી. ગ્રેટર ટોરોન્ટો એરિયામાં "ગશ્તને ટેકો આપવા અને મોટી ઘટનાઓ અને ગંભીર ગુનાઓ રોકવા માટે પ્રાંત ત્રણ વર્ષમાં $ 36 મિલિયનનો ખર્ચ કરી રહ્યું છે. જેમાં ચાર હેલિકોપ્ટરની ખરીદી કરવાનું પણ આયોજન છે.

# ક્યૂબેકના પર્વતો પર હિમસ્ખલન બાદ 3 સ્નો-બાઈર્સના કરૂણ મોત

**ક્યૂબેક**

પ્રાંતના ગેસ્પે પેનિન્સુલા પર ચિક-ચોક પર્વતોમાં હિમપ્રપાતને પગલે ત્રણ ક્યૂબેકર્સ મૃત્યુ પામ્યા હતા. ક્યૂબેક પ્રાંતીય પોલીસને સાંજે 5:30 વાગ્યે એક કોલ મળ્યો હતો. જેમાં મોન્ટ મેડેઈલ નજીક લા માર્ટ્રે સેક્ટરમાં સ્નોબાઈક પર આવેલા વ્યક્તિએ હિમપ્રપાત સાથે ત્રણ લોકો ગુમ હોવાની જાણકારી આપી હતી.

જે બાદ સત્તાવાળાઓએ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતુ. હિમપ્રપાત ટીમને ટેકો આપવા માટે એમ્બ્યુલન્સ ક્રૂ સાથે નજીકના સેન્ટે-એન-ડેસ-મોન્ટ્સના અગ્નિશામકોને રવાના કરવામાં આવ્યા હતા.

SQ પ્રવક્તા ફ્રેડરિક દેસાઈસે જણાવ્યું હતું કે, અસરગ્રસ્તોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં હાજર ફરજ પરના તબીબે ત્રણેય સ્નો-બાઈકર્સને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. મૃત્યુ પામેલા પુરૂષોની ઓળખ કોરોનર ઓફિસ દ્વારા કોટીકુકના 35 વર્ષીય જોએલ ક્રેટ, કોટીકુકના 30 વર્ષીય નિકોલસ વેનાસે અને સેન્ટ-ડેનિસ-ડી-બ્રોમ્પટનના 33 વર્ષીય બ્રાયન ફોર્ગ્યુસ મોરિસેટ તરીકે કરવામાં આવી હતી.

# ભારત સાથે મળી નિજ્જરની હત્યાની તપાસ કરવા માંગીએ છે: પીએમ ટ્રુડો

**ઓટાવા**

કેનેડામાં ખાલિસ્તાની આતંકી હરદીપસિંહ નિજ્જરની હત્યામાં ભારતનો હાથ હોવાનો આરોપ મુકીને કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ ભારત સાથેના સબંધો ખરાબ કરી નાંખ્યા છે. આટલા સમય બાદ પણ ટ્રુડો આ હત્યામાં ભારતનો હાથ હોવાના પૂરાવા નથી આપી શક્યા પણ તેમણે આ મામલામાં ભારતનો હાથ હોવાનો બેસૂરો રાગ આલાપવાનુ ચાલુ જ રાખ્યુ છે.ટ્રુડોએ વધુ એક વખત કહ્યુ છે કે, કેનેડાની ધરતી પર કેનેડાના નાગરિકની હત્યાની ઘટનાને સરકારે ગંભીરતાથી લેવી જ જોઈએ અને અમે આ હત્યાને ગંભીરતાથી લીધી છે.

તેમણે આગળ કહ્યુ હતુ કે, કેનેડાની સરકાર સુનિશ્ચિત કરવા માંગે છે કે, નિજ્જર હત્યાની તપાસ યોગ્ય રીતે થઈ રહી છે. નિજ્જરની હત્યાના મૂળ સુધી જવા માટે ભારત સાથે મળીને રચનાત્મક રીતે કામ કરવાની અમારી ઈચ્છા છે. કેનેડાના નાગરિકોની સુરક્ષા અન્ય દેશોના હસ્તક્ષેપથી ના જોખમાય તે માટે મારી સરકાર કામ કરી રહી છે.

# ટોરોન્ટોમાં વધુ ઘાતક બનતું ડ્રગ ઓવરડોઝનું ત્રીજું ક્લસ્ટર, ચાર દિવસમાં સાતના મોત

**ટોરોન્ટો**

ટોરોન્ટોમાં ડ્રગ ઓવરડોઝનું ત્રીજી કલસ્ટર વધુને વધુ ઘાતક વલણ બતાવી રહ્યું છે. કારણ કે, પેરામેડિક્સ શંકાસ્પદ ડ્રગ ઓવરડોઝ મૃત્યુની સામાન્ય કરતાં વધુ સંખ્યા દર્શાવે છે. બુધવારે ટોરોન્ટો પબ્લિક હેલ્થ (TPH) એ અહેવાલ આપ્યો હતો કે, 23થી 26 માર્ચની વચ્ચે શહેરમાં ડ્રગના ઓવરડોઝને કારણે સાત લોકો મૃત્યુ પામ્યા હોવાનું માનવામાં આવે છે. આ મહિનાની શરૂઆતમાં 14 અને 17 માર્ચની વચ્ચે છ લોકો માટે જીવલેણ બનેલી ઓવરડોઝની ઘટના પછી આરોગ્ય એકમે ચેતવણી જારી કરી હતી. આ મૃત્યુ છેલ્લા ત્રણ મહિનામાં ચાર દિવસના સમયગાળામાં જોવા મળતા સરેરાશ કરતાં ત્રણ ગણા છે. 24 અને 27 ફેબ્રુઆરીની વચ્ચે શંકાસ્પદ ડ્રગ ઓવરડોઝને કારણે અન્ય છ લોકો મૃત્યુ પામ્યા હતા. આ શંકાસ્પદ ડ્રગ ઓવરડોઝના મૃત્યુ સમગ્ર શહેરમાં થયા છે. ટોરોન્ટો પબ્લિક હેલ્થે તાજેતરમાં જોયેલા કેટલાક વલણો તરફ ધ્યાન દોર્યું હતુ. જેમાં ખાસ કરીને ઉચ્ચ શક્તિવાળા ઓપીયોઈડ્સ, બેન્ઝોડિયાઝેપિન-સંબંધિત દવાઓ અને વેટરનરી ટ્રાંક્વીલાઈઝર્સ તેમજ ફેન્ટાનાઈલની સામાન્ય કરતાં વધુ સાંદ્રતાને કારણે અપેક્ષિત ફેન્ટાનાઈલ નમૂનાઓના દૂષણમાં વધારો થવાની બાબતનો ઉલ્લેખ કરાયો હતો. તેણે એમ પણ જણાવ્યું હતું કે અનિયંત્રિત/બિન-નિર્ધારિત ઓક્સિકોડોન, હાઈડ્રોમોર્ફોન, હાઈડ્રોકોડોન અને પરકોસેટના નમૂનાઓમાં પણ નિટાઝેન ઓપીયોઈડ્સની વધુ હાજરી જોવા મળી છે.













# નોર્થ યોર્ક ગુજરાતી કોમ્યુનિટી ગ્રુપ દ્વારા હોળી પર્વની ઉત્સાહ સાથે ઉજવણી



હોળી પ્રગટાવાયા બાદ સભ્યોએ એકબીજા પણ રંગોની છોળો ઉડાડી

નોથ યોર્ક : નોર્થ યોર્ક ગુજરાતી કોમ્યુનિટી ગ્રુપ દ્વારા પ્રજ્ઞેશ પટેલનું સક્ષમ નેતૃત્વ અને ૭દરૂય્ઝ ગ્રુપના સુંદર આયોજનથી **Humber River - Black Creek** હોળીના રંગે રંગાયું હતુ.

પરંપરા અને સંસકૃતિનો વારસો આગામી પેઢીમાં જીવંત રાખવા માટેના લક્ષ સાથે રવિવાર માર્ચ ૨૪ના દિવસે નોર્થ યોર્ક ગુજરાતી કોમ્યુનિટી ગ્રુપ દ્વારા **Humber River - Black Creek** ખાતે ગ્રુપના પ્રમુખ અને ફઉન્ડર પ્રજ્ઞેશ પટેલ તેમજ ઉપપ્રમુખ અને કો-ફઉન્ડર ચેતન અમીનના નેતૃત્વ હેઠળ હોળીની ઉજવણી કરાઈ હતી.

આ અદભૂત પ્રસંગમાં અડોશ-પાડોશના અંદાજીત ૧૯૦થી ૨૦૦ પરિવારોએ ભાગ લીધો હતો. સૌપ્રથમ હોળી પ્રગટાવાઈ અને ત્યારબાદ બધા આનંદ ઉત્સાહ અને રંગબિરંગી કલર્સથી ધુળેટી રમ્યા હતા. નાના બાળકોથી માંડીને વડીલો સુધી સૌ કોઈએ આ પ્રસંગને માણ્યો હતો. અંતે પ્રજ્ઞેશ પટેલે જય જય ગરવી ગુજરાતના ઉદઘોષ સાથે ગ્રુપના અગ્રણી કાર્યકરો સંજયભાઈ નાયક, ભાવિન પટેલ, સચિન પટેલ, રમેશભાઈ પટેલ, વિક્રમભાઈ પટેલ, ફલ્ગુન પટેલ, રિતેશ શાહ, નીતિન પટેલ, અલ્પેશ પટેલ, દિલીપ પટેલ, કૃણાલ પટેલ, ધ્રુવિલ પ્રજાપતિ, શિરાલી પટેલ અને સુજાતા પટેલનો તેમજ સમગ્ર કૉમ્યૂનિટી મેમ્બર્સનો આ પ્રસંગમાં સહકાર આપવા તથા સહભાગી થવા બદલ આભાર માન્યો હતો.










તંત્રી સ્થાનેથી

# લીકર પોલિસી કેસ : કેજરીવાલને રાહત થોડી અને અઢળક મુસીબત



તંત્રી - સ્વદેશ

ભારતના રાજકારણમાં છેલ્લાં અઠવાડિયાથી દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડનો મુદ્દો ચર્ચાને એરણે છે. દિલ્હીમાં લીકર પોલિસી કૌભાંડમાં સીએમ અરવિંદ કેજરીવાલના હાથ પણ ખરડાયેલા હોવાની ગંભીર આક્ષેપ સાથે ઈડી તેને સાણસામાં લેવા બે મહિનાથી મથામણ કરી રહી હતી. નવ વખત સમન્સ પણ મોકલ્યા હતા. પરંતુ કેજરીવાલ ઈડીના આ સમન્સને અસંવિધાનિક બતાવીને નકારતા રહ્યા હતા. આખરે લોકસભાની ચૂંટણીની જાહેરાત બાદ ઈડીએ ગત અઠવાડિયે જ કેજરીવાલની તેના નિવાસસ્થાનેથી ધરપકડ કરી લીધી હતી.

જે બાદ તેને કોર્ટમાં રજૂ કરીને ઈડીએ 28મી સુધીની કસ્ટડી મેળવી હતી. આ કસ્ટડી રિમાન્ડ ગુરુવારે પૂર્ણ થઈ જતા ઈડીએ ફરી એકવાર રાઉઝ એવન્યૂ કોર્ટમાં કેજરીવાલને હાજર કર્યા હતા. અહીં ઈડીએ ફરી એકવાર 7 દિવસ માટે રિમાન્ડની માગ કરી હતી. ઈડીનો દાવો હતો કે, હજુ કેજરીવાલનો અન્ય આરોપીઓ સાથે આમનો સામનો કરાવવાનું બાકી છે. જેથી કેજરીવાલને હજી પણ અમારી કસ્ટડીમાં રાખવામાં આવે. કોર્ટે બંને પક્ષને સાંભળ્યા બાદ

બપોરે ઈડીની કસ્ટડીની માગ પરનો ચુકાદો અનામત રાખ્યો હતો. જો કે થોડીવાર પછી કોર્ટે કેજરીવાલના રિમાન્ડમાં ચાર દિવસનો વધારો કરીને તેમને પહેલી એપ્રિલ સુધી ઈડીની કસ્ટડીમાં મોકલી દીધા હતા. રાઉઝ એવન્યૂ કોર્ટમાં હાજર થવા પહોંચેલા મુખ્યમંત્રી કેજરીવાલે પત્રકારો સમક્ષ કહ્યું હતુ કે, આ સમગ્ર મામલો એક રાજકીય કાવતરું જ છે.

આ કાવતરું ઘડનારા લોકોને જનતા જ જવાબ આપશે. મને કેમ પકડ્યો છે તે મને સમજાતું નથી? બે વર્ષથી આ બધુ ચાલે છે. કોઈ કોર્ટે અત્યાર સુધી મને દોષિત નથી માન્યો. મારી સામે કોઈ આરોપો નથી.' આ દરમિયાન તેમણે મોટો આરોપ મૂકતાં કહ્યું કે, 'અમારા વિરોધીઓ આમ આદમી પાર્ટીને તોડીને તેને ખતમ કરવા માગે છે.' કેજરીવાલે કોર્ટમાં પૂછ્યું હતું કે, 'શું ઈડી પાસે મારી વિરુદ્ધ કોઈ મજબૂત પુરાવા છે ? મારી ખોટી રીતે ધરપકડ કરાઈ છે. મારું નામ ફક્ત ચાર નિવેદનમાં આવ્યું છે. જેના આધારે મારી ધરપકડ કરવી યોગ્ય નથી. આ અંગે જજે કેજરીવાલને જવાબ આપતા કહ્યું હતું કે, તમે લેખિતમાં નિવેદન કેમ નથી આપતા ? તમારે લેખિતમાં નિવેદન આપવું જોઈએ.' ત્યારે કેજરીવાલે કહ્યું કે, આ મામલો બે વર્ષથી ચાલે છે. ઈડીએ 25 હજાર પાનાનો તપાસ અહેવાલ તૈયાર કર્યો છે. જેમાં મારુ નામ ફક્ત ચાર વખત આવે છે. જેમાં પણ ગેરરીતિ કે ભ્રષ્ટાચારની કોઈ વાતો નથી. હકીકતમાં ઈડી ફક્ત મારી ધરપકડ કરવા માગતી હતી. એક નિવેદનને આધારે એક મુખ્યમંત્રીની ધરપકડ કરવી કેટલી યોગ્ય છે ? અમે દરેક સ્થિતિનો સામનો કરવા તૈયાર છીએ. હું રિમાન્ડનો સામનો કરવા તૈયાર છું.'

આ દરમિયાન ઈડીએ ફરી એકવાર કેજરીવાલના રિમાન્ડની માગ કરી હતી. ઈડીએ રજૂઆત કરી કે, 'અમે કેજરીવાલનો સામનો ગોવાના નેતાઓ સાથે કરાવવા માગીએ છીએ.' ઈડીએ દાવો કર્યો હતો કે, 'કેજરીવાલ આઈટીઆરની વિગતો નથી આપી રહ્યા. તેઓ સીધા જવાબ નથી આપી રહ્યા.

ધરપકડ કરવાનો અમારો અધિકાર છે. આ કેસમાં 100 કરોડની લાંચ માગવામાં આવી હતી. મુખ્યમંત્રી કેજરીવાલે તપાસમાં સહયોગ કરવો જોઈએ. બીજી તરફ પત્રકારો સાથેની વાતચીતમાં અરવિંદ કેજરીવાલની પત્ની સુનીતાએ કહ્યું હતું કે, કેજરીવાલને હેરાન કરવામાં આવી રહ્યા છે. કેજરીવાલનું સ્વાસ્થ્ય સારું નથી. આ તમામ મામલે જનતા જ જવાબ આપશે.

આમ રાઉઝ એવન્યુ કોર્ટમાં થયેલી કાર્યવાહીએ કેજરીવાલની મુસીબત વધારી હતી. જો કે, બીજી બાજુ કેજરીવાલ માટે એક રાહતના સમાચાર પણ આવ્યા હતા. જેમાં મુખ્યમંત્રી પદેથી કેજરીવાલને હટાવવાની માગ કરતી અરજી દિલ્હી હાઈકોર્ટે ફગાવી દીધી હતી. એક અઠવાડિયાથી કેજરીવાલ જેલમાં બંધ હોવાને કારણે ખાસ કરીને ભાજપ તેને સીએમ પદેથી હટાવવા માંગ કરી રહ્યો છે. ભાજપના કાર્યકરો પણ વિરોધ પ્રદર્શ કરી રહ્યા છે. ભાજપની દલીલ એવી છે કે, આ પ્રકારે કોઈપણ નેતા જેલમાંથી સરકાર ચલાવી શકે નહીં. બીજી તરફ આમ આદમી પાર્ટીના નેતાઓ કેજરીવાલની તરફેણમાં છે અને કેજરીવાલ હાલ સીએમ પદેથી રાજીનામુ નહી આપે તેવી સ્પષ્ટતા કરી ચૂક્યા છે. જેને કારણે બંને પક્ષના કાર્યકરો દરરોજ આમને સામને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ખુદ દિલ્હીના ગર્વનરે પણ બુધવારે એક જાહેર કાર્યક્રમમાં કેજરીવાલ રાજીનામુ નહીં આપે તે દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન લાદવા કેન્દ્રને ભલામણ કરવાની વાત કરી હતી.

દરમિયાનમાં દિલ્હીના મુખ્યમંત્રી પદેથી અરવિંદ કેજરીવાલને હટાવવા માટે દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. જેના પર સુનાવણી કરતાં દિલ્હી હાઈકોર્ટે કહ્યું કે, આ એક રાજકીય મામલો છે અને તેમાં ન્યાયિક દખલની જરૂર નથી. આ કાર્યપાલિકા હસ્તકનો મામલો છે. અમે તેની ન્યાયિક સમીક્ષા ન કરી શકીએ. આમ દિલ્હી હાઈકોર્ટના આદેશથી કેજરીવાલને આંશિક રાહત થઈ છે.

કોંગ્રેસ તથા કેજરીવાલ મુદ્દે દુનિયામાં પણ પડઘા પડી રહ્યા છે. અમેરિકાના પ્રવક્તા મેથ્યુ મિલરે જણાવ્યું કે અમે કોંગ્રેસ પાર્ટીના આક્ષેપોથી પણ વાકેફ છીએ. ટેક્સ ડીપાર્ટમેન્ટએ તેમના કેટલાક બેંક ખાતાઓ ફ્રીઝ કરી દીધા છે, જેથી આગામી ચૂંટણીમાં પાર્ટી માટે અસરકારક રીતે પ્રચાર કરવો કોંગ્રેસ માટે પડકારરૂપ બની જશે. અમે આ દરેક મુદ્દા માટે ન્યાયીક, પારદર્શક અને સમયસર કાયદાકીય પ્રક્રિયા થાય એવી અપેક્ષા રાખીએ છીએ. આ ઉપરાંત મિલરે કહ્યું હતુ કે કેજરીવાલના કેસમાં પણ ભારત સરકાર લોકતાંત્રિક મૂલ્યોનું સન્માન કરે અને પારદર્શીતા દાખવે તેવી અપેક્ષા છે. આ પહેલાં જર્મનીએ પણ કેજરીવાલ મુદ્દે ટીપ્પણી કરી હતી. જો કે, ભારતે તેની સામે સખત વાંધો લીધો હતો. ભારતમાં અમેરિકી રાજદૂતને બોલાવીને વિદેશ મંત્રાલયે કહ્યું હતુ કે, ભારતનો આ આંતરિક મામલો છે. તેથી યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તાની ટિપ્પણી સામે સખત વાંધો ઉઠાવીએ છીએ. ભારતમાં રાજનીતિના જાણકારોનું માનવું છે કે કેજરીવાલ સામે થયેલી આ કાર્યવાહી એક ગંદા રાજકારણનો ભાગ છે. તેઓના મતે લોકસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી ઈન્ડિયા ગઠબંધનમાં જોડાયેલી છે. આવા સંજોગોમાં ભાજપ અને એનડીએ માટે દિલ્હી, પંજાબ, હરિયાણા તથા ચંદીગઢ જેવા વિસ્તારોમાં ચૂંટણી જીતવી મુશ્કેલ બની છે. આ ઉપરાંત દિલ્હીમાં પણ 13 વર્ષથી કેજરીવાલની સરકાર છે. ભાજપના હવાતિયા છતાં વિધાનસભા અને છેલ્લે એમસીડીની ચૂંટણીમાં પણ આમ આદમી પાર્ટીનો ભવ્ય વિજય થયો હતો. ભાજપના નેતા જાણે છે કે, આમ આદમી પાર્ટીની સરકાર સુચારુ રીતે ચાલી રહી છે. જો તેને આજે રોકવામાં નહીં આવે તો ભવિષ્યમાં તે ભાજપ માટે ખતરો બની શકે છે. કદાચ તે જ કારણોસર પણ કેજરીવાલને સાણસામાં લઈને આમ આદમી પાર્ટીને પતાવી દેવા આ ઉધામા થઈ રહ્યા છે.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca

SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL MAJOR INSURANCE COMPANIES OF CANADA

SUPER VISA
- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance

VISITOR VISA
- Visitor Insurance
- RRSP (Retirement Plan)
- RESP (Education Plan)

Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol Diabetes, Heart Problem can get insurance (Conditions apply)


MADHUSUDAN LAMA
647-833-4477


HETAL SHAH
416 -522-1676


ANIRUDH LAMA
416-822-2570

DESIGNED BY GUJARAT NEWSLINE

EFS Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1,
Etobicoke, ON, M9V 188
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com



DIVINE YOGA
By Geeta
Children Yoga Class
Adult Yoga Class
Yoga Class Every Saturday and Sunday 8:30-9:30 AM
Join today on ZOOM!
: Classes Available :
One to One Individual and Therapeutic
Geeta Tailor
416-456-2261
Contact Geeta at
divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta



# ગળતેશ્વરમાં ભક્તોનું ઘોડાપૂર : નદીના સંગમે 50 હજારથી વધુ શ્રદ્ધાળુઓએ ડૂબકી લગાવી

## નદીનો પટ લાંબો હોવાથી તંત્રએ દુર્ઘટના અટકાવવા માટે દોરડાથી હદ બાંધી

**ઠાસરા**

મહીસાગર અને ગળતી નદીના સંગમસ્થાને આવેલા ૫૦૦૦થી વધુ વર્ષ જૂના પૌરાણિક સ્થળ ગળતેશ્વર ખાતે હોળી- ધુળેટીના દિવસોમાં ૫૫,૦૦૦થી વધુ યાત્રિકો-પર્યટકોએ મહીસાગર નદીમાં ડૂબકી લગાવી ગળતેશ્વર મહાદેવ મંદિરના દર્શન કર્યા હતા. ગળતેશ્વર મહાદેવ ખાતે હોળીના દિને વહેલી સવારથી શિવ ભક્તો મહાદેવના દર્શને ઉમટી પડયા હતા. અમદાવાદ, ગાંધીનગર, મહેમદાવાદ,નડિયાદ, આણંદ, વડોદરા સહિત દૂર દૂરથી પોતાના સાધનો લઈ ગળતેશ્વર ખાતે પહોંચી નદીના પટમાં સ્નાન કરવા રંગોથી રંગાયેલા લોકોનું ઘોડાપૂર ઉમટયું હતું.

ગળતેશ્વર મહી નદીનો પટ લાંબો હોવાથી ખેડા જિલ્લા પોલીસ તંત્રએ પટમાં દોરડું બાંધી નહાવાની હદ બનાવી



હતી. બીજી તરફ સ્થાનિક તરવૈયાઓને પણ તૈનાત રખાયા હતા. જ્યારે ગળતેશ્વર મહાદેવ મંદિર પાસેના સંત આશ્રમ ખાતે હોળી- ધૂળેટીના પર્વ દરમિયાન આવનાર શ્રદ્ધાળુઓએ વિનામૂલ્યે ભોજન- પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

# ડાકોર બન્યું રણછોડમય, રંગની છોળો વચ્ચે ભક્તોએ ઠાકોરજીના દર્શન કર્યા

**ડાકોર**

ડાકોર ખાતે ફાગણી પુનમના દર્શન કરવા ભાવિકોનો મહેરામણ ઉમટ્યો હતો. જીલ્લા તંત્ર અને પોલીસ તંત્ર દ્વારા પરંપરા અનુસાર પૂજા કરી ધજા ચઢાવી સૌની સુખાકારી માટે પ્રાર્થના કરવામાં આવી હતી. ડાકોર ખાતે ફાગણી પૂનમની ધામધુમપુર્વક ઉજવણી ચાલી રહી છે. વર્ષોથી ફાગણી પૂનમે યાત્રાધામ ડાકોર ખાતે લાખોની સંખ્યામાં આવતા પગપાળા ભક્તો વહેલી સવારની મંગળા આરતીના દર્શન કરવા પહોંચ્યા હતા. સવારે 4.00 વાગ્યે મંગળા આરતી શરૂ થઈ હતી. જે દરમ્યાન મંદિરના દરવાજા ખુલતાની સાથે હજ્જારો ભક્તોએ



મંદિરમાં ડાકોરના ઠાકોરની એક ઝલકના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. મંગળા આરતી સમયે મંદિરના ઘુમ્મટમાં ભક્તોએ રંગોની છોળો ઉડાડી હતી. ભગવાને ફુલડોલમાં બિરાજમાન થઈ સોના ચાંદીની પિચકારીથી ભાવિકો સાથે હોળી ખેલી હતી.

# વડોદરાના આઉટર રીંગરોડ માટે કેન્દ્ર સરકારની સહાય નહીં મળે

**વડોદરા**

વડોદરા શહેરની આસપાસ ટ્રાફિકની સમસ્યા હલ કરવા 75 મીટર પહોળાઈનો આઉટર રીંગરોડ ત્રણ તબક્કામાં તૈયાર કરવાનું આયોજન શરૂ કરવામાં આવ્યું છે. ત્યારે વડોદરા કોર્પોરેશનના કમિશનર દિલીપ રાણાએ તાજેતરમાં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીની મુલાકાત લઈ રીંગરોડ માટે સહાયની માંગણી કરી હતી. પરંતુ આ રસ્તો હાઈ-વેને લગતો નથી પરંતુ રીંગરોડ એ પાર્ટ ઓફ સીટી છે જેથી નેશનલ હાઈવે ઓથોરિટી મદદ કરી શકશે નહીં. પરંતુ આ રોડ પર થનારા બ્રિજ માટે સંપૂર્ણ સહાય કરશે તેવી ખાતરી આપતા રૂ.300 કરોડની સહાયની માંગણી કોર્પોરેશન દ્વારા કરવામાં આવી છે. જ્યારે રીંગરોડ માટે રાજ્ય સરકાર પાસે માંગણી કરવામાં આવતા ચોરણી ગુજરાત મુખ્યમંત્રી યોજના અંતર્ગત સહાય આપવાની ખાતરી આપી હોવાનું જાણવા મળે છે.

આઉટર રીંગરોડ એરપોર્ટ સર્કલ થી લઈને ગેંડા સર્કલ અક્ષરચોક, વડસર, મકરપુરા, તરસાલી, ડભોઈ રોડ, વાઘોડિયા રોડ, આજવા રોડ, થઈ ફરી એરપોર્ટ સર્કલ સુધી આસાનીથી પહોંચી શકાય તે માટે 40 મીટરનો વોલ આઉટર રીંગરોડ તૈયાર કરવામાં આવ્યો હતો.

# ધૂળેટીએ વિદ્યાનગર કોલેજના 3 વિદ્યાર્થીએ ગોમતી નદીમાં નાહવા જતાં જીવ ગુમાવ્યા

## વાપી, આંકલાવ અને નડિયાદના જુવાન દીકરાઓના મોતથી પરિવારમાં ગમગીની

**નડિયાદ**

ધૂળેટીના દિવસે વિદ્યાનગર ખાતેની કોલેજમાં અભ્યાસ કરતા સ્ટુડન્ટોના ગુરપ દ્વારા રંગોના પર્વની ઉજવણી કરાઈ હતી. ત્યારબાદ ૧૧-૧૫ સ્ટુડન્ટોનું આ ગુરપ ખેડા જિલ્લાના વડતાલ ખાતે આવ્યા હતા. જ્યાં ગોમતી તળાવમાં નહાવાના આસયથી આ તમામ યુવાનો આવ્યા હતા. તળાવના પગથિયાં પાસે ઊભા હતા દરમિયાન આ સ્ટુડન્ટોના કેટલા યુવાનો પૈકી એકનો પગ લપસતા બેલેન્સ ગુમાવતા તે તળાવના પાણીમાં પડયો હતો. બાદ અન્ય બે મિત્રોને ધક્કો લાગતાં તે પણ તળાવના પાણીમાં પડયા હતા અને બે લોકો બચાવવા તળાવના પાણીમાં પડયા હતા. આ પૈકી ૩ લોકો ડૂબી જતાં મોત નિપજયા હતા. જ્યારે બે લોકોને સ્થાનિકોએ બચાવી લીધા હતા. નડિયાદ ફાયરબ્રિગેડે પહોંચી આ ત્રણેય યુવકોની શોધખોળ આદરી અને ત્રણેયના મૃતદેહને તળાવના પાણીમાંથી બહાર કાઢયા હતા. મૃતકોમાં પૂજન ભાવેશભાઈ દેસાઈ (ઉ.વ. ૧૯, રહે. દેસાઈ વાડી, વાપી) કુંજ કિર્તનભાઈ સુથાર (ઉ.વ. ૨૦, રહે.આંકલાવ) અને રૂદ્ર યોગેશભાઈ વૈદ્ય (ઉ.વ.૨૦, રહે.પીજ રોડ, નડિયાદ)નો સમાવેશ થાય છે. મૃતક યુવાન પૂજનના પિતા ભાવેશભાઈ સાથે વાત કરતા તેઓએ કહ્યું કે, મારો ૧૯ વષય પુત્ર ટીવાય બાયોલોજીમાં વિદ્યાનગરની એક કોલેજમાં અભ્યાસ કરે છે અને ત્યાં જ હોસ્ટેલમાં રહે છે. તળાવના પગથીયે ઉભા હતા એ દરમિયાન પગ લપસતા ઘટના બની છે.

ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering
Limited (with sweet & Farsan) $10.00 +Tax
Limited (without sweet & Farsan) $8.50 +Tax



CATERING SPECIAL
$ 14.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

Franchise Opportunity in GTA

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)
$15.99 (M-T) / $17.99 (F-S)
Call us for details

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો,ઑન્ટેરીયો, કેનેડા, M1H2Y2

SCARBOROUGH 840 Markham Road 416-438-0544
BRAMPTON 90 Eastern Ave Unit 20B 905-799-0013
THORNHILL 1470 Centre Street Unit 13 905-597-5777
PICKERING 512 KINGSTON RD. UNIT 2, 905-839-3277

# ‘જય ઉમિયા’ના નાદ સાથે મહેસાણા ગુંજ્યું 10 હજાર બહેનોની જ્વારા યાત્રા નીકળી

**મહેસાણા**

વિશ્વના સૌથી ઊંચા 504 ફૂટ એવા જગતજનની મા ઉમિયાના રમ્ય-ભવ્ય-દિવ્ય અને દૈદિપ્યમાન મંદિરનુ નિર્માણ તેમજ ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક તેમજ અન્ય તમામ સંસ્થાઓની શક્તિઓના સરવાળા થકી સંગઠીત, શિક્ષિત અને સંવેદનશીલ સમાજ નિર્માણ સાથે સમાજના જરૂરિયાતમંદ પરિવારોને તમામ ક્ષેત્રે મદદરૂપ થવાના અભિયાન અંતર્ગત વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન કાર્યરત છે.

મા ઉમિયા દિવ્યરથનું મહેસાણા ખાતે ભવ્યાતિભવ્ય સ્વાગત કરાયું હતું. જગત જનની મા ઉમિયાના રથનું વિશ્વઉમિયાધામના પ્રણેતા એવમ્ પ્રમુખ આર.પી.પટેલ, રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના હસ્તે પ્રસ્થાન કરાયું હતું. આ ઉપરાંત મહેસાણા જીલ્લાના દાતા ટ્રસ્ટીઓ, સમાજ શ્રેષ્ઠીઓ, સંગઠનના હોદેદારઓ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. મા ઉમિયાના રથ પ્રસ્થાન સમયે 1000થી વધુ



બહેનોએ જ્વારા યાત્રા કાઢી હતી. ઉમિયા માત કી જયના જય ઘોષ સાથે મહેસાણા શહેર ગુંજી ઉઠ્યું હતું. રથ પરિભ્રમણ અંગે વાત કરતા સંસ્થા પ્રમુખ આર.પી.પટેલે જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લામાં જગત જનની મા ઉમિયાનો રથ 450થી વધુ ગામોમાં પરિભ્રમણ કરશે. 150થી વધુ દિવસ સુધી મહેસાણા જિલ્લામાં મા ઉમિયાના રથનું પરિભ્રમણ થશે.

# સિનોરમાં પંચાયતના મહિલા સભ્યના પતિ ઉપર સરપંચના પુત્ર દ્વારા હુમલો

**વડોદરા**

શિનોર પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદમાં સરફરાજખાન નિયામતખાન નકુમ (રહે. સાધલી, નકુમ ફળિયુ, શિનોર) જણાવ્યું કે, તેમના પત્ની અસ્માબા નકુમ છેલ્લા અઢી વર્ષથી સાધલી ગ્રામ પંચાયતના સભ્ય તરીકે સેવા આપે છે. તેઓ નવી-જુની ગાડીના લે-વેચના ધંધા સાથે ગેરેજ ચલાવે છે. સાંજે પોણા સાત વાગ્યે તેઓ દુકાન બંધ કરીને બાઈક પર ઘરે રોજો ખોલવા માટે જાય છે. દરમિયાન સાધલી ગ્રામ પંચાયતના ચોરા પાસે બાઈક પહોંચતા જ ગામના સરપંચ મનિષાબેન જયેશભાઈ પટેલનો પુત્ર જૈમિન પટેલ પંચાયતના ઓટલા પર બેઠેલો હોય છે. બાઈક આવતા જોઈ હાથમાં લાકડી લઈ જૈમિન સરફરાજ ખાનને હાથમાં ઝાપટ મારી દે છે. જેથી તેઓ બાઈક પરથી પડી જાય છે. ત્યાર બાદ જૈમિન લાકડી વડે પગ, કમર, ખભા અને કાનના ભાગે મારમારી ત્યાંથી નાસી જાય છે. ઘટના બાદ સ્થાનિક એકત્ર થઈ જાય છે. સરફરાજ ખાનને સ્વસ્થ કરે છે અને તેમના પરિવારને જાણ કરે છે. જે બાદ ખાનગી વાહનમાં તેઓને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવે છે. જ્યાં તેઓ હાલ સારવાર હેઠળ છે.

# કલોલ નર્મદા કેનાલમાં ડૂબી જવાથી 4ના મોત : 5 લોકો હજી પણ લાપત્તા

**કલોલ**

કલોલ તાલુકાના રણછોડપુરા પાસે આવેલી કેનાલમાં એક જ પરિવારના પાંચ વ્યક્તિઓ નહાવા પડતા ડૂબી ગયા હતા. પિયજ કેનાલમાં રામનગરનો યુવક ડૂબતા તેનું મોત થયું હતું. નારણપુરા વિસ્તારમાં આવેલ હરીઓમ નગરમાં રહેતા એક પરિવારના પાંચ સભ્યો રણછોડપુરા પાસેથી પસાર થતી નર્મદાની ધોળકા સબ કેનાલમાં ડૂબી ગયા હતા. ધનરાજસિંહ નામનો યુવક નહાતી વખતે ડૂબવા લાગ્યો હતો જેને પગલે અન્ય ચાર લોકો પણ તેને બચાવવા અંદર પડતા પાંચેય લોકો પાણીના ગરકાવ થઈ ગયા હતા. જેમાં ધનરાજસિંહનું મૃત્યુ થયું હતું જ્યારે બાકીના લોકોની શોધખોળ ચાલુ છે.

કલોલ પાસે આવેલા રામનગર ગામનો યુવાન અશોકભાઈ સેનમા પિયજ ગામની કેનાલમાં ડૂબી જતા મોતને ભેટયો હતો. ત્રીજા બનાવમાં કલોલના રેલવે પૂર્વ વિસ્તારમાં રહેતો તરુણ ચૌહાણ મિત્રો સાથે કેનાલમાં નહાવા ગયો હતો. આ યુવક કડી પાસે કેનાલમાં ડૂબી ગયો હતો. આ યુવકની લાશનું પોસ્ટ મોર્ટમ કલોલ સિવિલ ખાતે કરાયું હતું. ઘટનાને પગલે કલોલ સિવિલ ખાતે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા.

# IPS સંજીવ ભટ્ટને ખોટા NDPS કેસમાં પૂર્વ 20 વર્ષની જેલની સજા અને 2 લાખનો દંડ

## પાલનપુરની હોટેલમાં અફીણ મૂકીને રાજસ્થાનના વકીલને ફસાવવાનો આરોપ હતો

**પાલનપુર**

પૂર્વ IPS અધિકારી સંજીવ ભટ્ટને હાથના કર્યા હૈયે વાગી રહ્યા છે, તેમની વિરૂધ્ધ નોંધેલા ખોટા NDPS (નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક) કેસ મુદ્દે પાલનપુર બીજી એડી. સેશન્સ કોર્ટે દોષિત જાહેર કરીને ગુરુવારે સજા ફટકારી છે. પાલનપુર સેશન્સ કોર્ટે સંજીવ ભટ્ટને 20 વર્ષની સજા સાથે રુપિયા બે લાખનો દંડ ફટકાર્યો છે.

પાલનપુરની સબજેલમાં બંધ સંજીવ ભટ્ટને ગઈકાલે પાલનપુરની સેસન્સ



કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં કોર્ટે સંજીવ ભટ્ટ દોષિત જાહેર કર્યા હતા. જોકે, કોઈ સજા સંભળાવવામાં આવી નહોતી. સંજીવ ભટ્ટ સામે 1996માં પાલનપુરની હોટેલમાં રાજસ્થાનના વકીલની રૂમમાં ખોટી રીતે અફીણ મૂકીને વકીલને ફસાવવાનો આરોપ લાગ્યો હતો. આ મામલે 5 સપ્ટેમ્બર 2018ના રોજ સંજીવ ભટ્ટની ભટ્ટની CID ક્રાઈમે ધરપકડ કરી હતી. 30 એપ્રિલ, 1996માં એક કેસ દાખલ કરવામાં આવ્યો હતો જેમાં પાલનપુરની એક હોટલ લાજવંતી હોટેલમાં સુમેરસિંહ રાજપુરોહિત અફીણનો જથ્થો લઈ આવવાનો છે, આ બાતમીને આધારે પોલીસે રેડ પાડીને એક કિલો 15 ગ્રામ અફીણ કબજે કર્યું હતું.

# પત્ની જેમને પાણીનો ગ્લાસ નથી આપતી, તે મને સલાહ આપે છેઃ નીતિનભાઈ ભડક્યા

## મહેસાણામાં નીતિન પટેલે પક્ષમાં જ રહેલા પોતાના વિરોધીઓ પર નિશાન સાધ્યું

**મહેસાણા**

મહેસાણામાં એક કાર્યક્રમમાં નીતિન પટેલે પક્ષમાં જ રહેલા પોતાના વિરોધીઓ પર કથિત નિશાન સાધતા કહ્યું કે જે લોકોનું ઘરમાં પત્ની પણ સાંભળતી નથી, તે લોકો અમને સલાહ આપવા બહાર આવ્યા છે. તેમનો કહેવાનો અર્થ હતો કે સામેવાળી વ્યક્તિમાં સલાહ આપવાની ક્ષમતા હોવી જોઈએ. તેમણે કહ્યું કે સલાહ આપવી દરેક વ્યક્તિનો અધિકાર છે.

મને બધી ખબર છે. હું દરેક કામમાં અનુભવી છું, પરંતુ હું બધા કામમાં નિષ્ણાત નથી, આથી સલાહકારની ક્ષમતા પણ જોવી જોઈએ. જો કોઈ વરિષ્ઠ પ્રોફેસર છે અને મને કંઈક લખવાની સલાહ આપે છે, તો તે સારું છે. હું આરોગ્ય મંત્રી છું અને જો કોઈ ડૉક્ટર મને સલાહ આપે કે નીતિન ભાઈ આ આરોગ્ય વિભાગમાં કરો તો ઠીક છે. તે એવા લોકોને સલાહ આપે છે, જેમના ઘરમાં પત્ની તેમને એક ગ્લાસ પાણી માટે પણ પૂછતી નથી. પત્નીને પણ ખબર છે કે આ નવરા બેઠા કંઈ કરે તેમ નથી. આવો લોકો જો બીજાને સલાહ ન આપે તો તેમને ઊંઘ પણ આવતી નથી. હવે રાજકીય વર્તુળોનું માનીએ તો આ વાત નીતિન પટેલે તેમના જ પક્ષના કડીના વિધાનસભ્ય કરસન સોલંકીને કહી છે. તે બન્ને વચ્ચે ખેંચતાણ ચાલી રહી છે અને કરસન સોલંકીએ નીતિન પટેલ પર આક્ષેપો પણ કર્યા હતા. સોલંકીએ ફરિયાદ કરતા કહ્યું હતું કે નીતિન પટેલન પ્રણામ કરું તો તેઓ સામે પણ જોતા નથી. આથી મેં તેમની સાથે વાત કરવાનુ બંધ કરી દીધું છે.

# વડોદરામાં પૂર્વ ક્રિકેટરે મંદિરને દાનમાં મળેલા 2 કરોડ ઉસેટ્યા

**વડોદરા**

વડોદરાના પ્રતાપગંજ માં જે-૧ ટાવર ખાતે રહેતા પૂર્વ ક્રિકેટર તુષાર અરોઠેને ત્યાં એસઓજીના પીઆઈ વી એસ પટેલ અને ટીમે તાજેતરમાં દરોડો પાડી રોકડા રૂ.૧.૩૯ કરોડ કબજે કર્યા હતા. આ રકમ તુષારના પુત્ર ઋષિ અરોઠેએ નાસિકના એચએમ આંગડિયામાંથી મોકલી હોવાની વિગતો બહાર આવતાં પોલીસે ઈન્કમટેક્સ વિભાગને જાણ કરી હતી. પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતે આ પ્રકરણના મૂળ સુધી જવા માટે એસઓજીને સૂચના આપતાં તેમની તપાસ દરમિયાન કેટલીક ચોંકાવનારી વિગતો ખૂલી છે.જેમાં પૂર્વ ક્રિકેટર ઋષિ અરોઠેએ સાળંગપુરના કષ્ટભંજન દેવ મંદિરે નવેમ્બર-૨૦૨૩માં યોજાયેલા શતામૃત મહોત્સવ માટે રાજસ્થાનના કોટા સ્થિત વડતાલ સ્વામિનારાયણ મંદિરે આવેલી રૂ.૨ કરોડના દાનની રકમ કોટાથી નાસિક સ્વામિનારાયણ મંદિરમાં ટ્રાન્સફર કરવાનું કામ હાથમાં લઈ તમામ રકમ વગે કરી હોવાનું બહાર આવ્યું છે. કોટા સ્થિત સ્વામિનારાયણ મંદિરમાં સાળંગપુર મહોત્સવ માટે એકત્રિત થયેલી દાનની રકમ કમિટિના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શશાંકભાઈએ એક મિત્રના માધ્યમથી ઋષિ અરોઠે મારફતે નાસિક મોકલવાનું કામ સોંપ્યું હતું.

# ગાંધીનગર કલેક્ટર કચેરીમાં ચાલુ નોકરીએ નાયબ મામલતદારનું હાર્ટ એટેકથી અવસાન

**ગાંધીનગર**

ગાંધીનગરમાં ચાલુ નોકરીએ નાયબ મામલતદારને હાર્ટ એટેક આવતા ખળભળાટ મચી ગયો છે. મામલતદાર કચેરીમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા મનીષ કડીયા તેઓ ઓફિસ આવ્યા હતા અને બપોરના સમયે અચાનક છાતીમાં દુઃખાવા જેવું લાગ્યું હતું. આ પછી તેમને 108 એમ્બ્યુલન્સ બોલાવીને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને જ્યાં સારવાર મળે તે પહેલાં જ તેમનું અવસાન થયું હતું. નાયબ મામલતદારના અચાનક અવસાનના પગલે કચેરીમાં શોક છવાઈ ગયો હતો અને પરિવારને જાણ કરવામાં આવતાં પરિવાર દોડી આવ્યો હતો અને આક્રંદ કરી મૂક્યું હતું.

# વડોદરામાં બીજા ઉમેદવારનો વિરોધ ડેમેજ કંટ્રોલ કરવા પાટીલ મેદાનમાં

**વડોદરા**

ગુજરાત લોકસભાની વિવિધ બેઠકો પૈકી ઉમેદવારની પસંદગીમાં ભાજપ વડોદરા અને સાબરકાંઠામાં થાપ થઈ ગયું હોય તેવી અનુભૂતિ કાર્યકર્તાઓ કરી રહ્યા છે. ત્યારે હવે ડેમેજ કંટ્રોલ કરવા માટે પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ આગામી દિવસોથી તમામ લોકસભા બેઠક વિસ્તારમાં ઉમેદવારને લઈને ફરશે. ભાજપે પસંદ કરેલા વડોદરા લોકસભા બેઠકના ઉમેદવાર રંજનબેન ભટ્ટનો વિરોધ થતાં તેમણે ચૂંટણી લડવાનો ઈનકાર કર્યા બાદ ભાજપે પોતાના નવા ઉમેદવાર તરીકે ડો.હેમાંગ જોશીના નામની જાહેરાત કરી હતી. પરંતુ તેમના નામની જાહેરાતથી પક્ષમાં રહેલા અને વર્ષોથી કામ કરતાં અનેક નેતાઓ અને કાર્યકરોની મનોકામના અધૂરી રહી ગઈ હોવાની અનેક ચર્ચાઓ છે.

તાજેતરમાં હેમાંગ જોશીના નામ મામલે સાવલી વિધાનસભા મત વિસ્તારમાં એક વોટ્સએપ ગ્રુપમાં પણ ડો.હેમાંગ જોશીના નામના નિર્ણય અંગે અનેક આક્ષેપો થયા હતા. જેને પગલે પાર્ટીનું ડેમેજ કંટ્રોલ કરવા ટોચના નેતાઓ સક્રિય થયા છે.

# અમૂલ ‘ધ ટેસ્ટ ઑફ ઈન્ડિયા’ની મોટી છલાંગ, યુએસમાં તાજા ઉત્પાદનોની શ્રેણી લોન્ચ કરી

**આણંદ**

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેને વિશ્વની સૌથી મોટી ડેરી તરીકે ઉભરી આવવા કહ્યું તેના એક મહિના જેટલા સમયગાળામાં જ અમૂલ, ‘ધ ટેસ્ટ ઑફ ઈન્ડિયા’ એ યુએસએમાં તાજું દૂધ લોન્ચ કરીને મોટી છલાંગ લગાવી છે. અમૂલની તાજા દૂધની શ્રેણીને ભારતની બહાર લોન્ચ કરવામાં આવી છે. ભારતની ડેરી જાયન્ટ-ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશને મિશિગન મિલ્ક પ્રોડ્યુસર્સ એસોસિએશન સાથે ભાગીદારી કરી છે, જે અમેરિકાની દસમી સૌથી મોટી ડેરી સહકારી છે. આ પ્રથમ વખત છે જ્યારે અમૂલ દૂધ, તાજી ઉત્પાદન શ્રેણી ભારતની બહાર ક્યાંય પણ અને યુએસ જેવા બજારમાં લોન્ચ કરવામાં આવશે.

# સુરતમાં બોગસ માર્કશીટના રેકેટનો પર્દાફાશ, 60 હજાર આપી માર્કશીટ લો

**સુરત**

સુરતમાં બોગસ માર્કશીટ વેચવાનું આખું રેકેટ ઝડપાયું છે. સુરતની સિંગણપોર પોલીસે સિંગણપોર પોલીસે રાજ્યની યુનિવર્સિટી શિક્ષણ બોર્ડના નકલી માર્કશીટ બનાવી કૌભાંડ આચરનાર આંતર રાજ્ય રેકેટનો પર્દાફાશ કરી આરોપી નિલેશ સાવલિયાની ધરપકડ કરી છે. તેની પાસેથી 137 બનાવટી માર્કશીટ મળી આવી છે. સિંગણપોર પોલીસે તપાસ કરતા આ કૌભાંડમાં નિલેશ સાવલિયા નામના એજન્ટની ભૂમિકા મહત્વની હોવાની સામે આવી છે. થોડા દિવસ અગાઉ કતારગામ વિસ્તારમાં રહેતા અક્ષર કળથિયાની કેરળના તિરુવનંતપુરમ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. કેરળ શિક્ષણ બોર્ડની ડુપ્લિકેટ માર્કશીટ બનાવી હોવાને કારણે તેની ધરપકડ કરવામાં આવી હતી. જેની તપાસ કરતાં ચોકાવનારા ખુલાસા થયા છે. ઉત્તરપ્રદેશના ફરીદાબાદનો મનોજ કુમાર નામના શખ્સ દ્વારા માર્કશીટ બનાવી કુરિયર દ્વારા નિલેશ સાવલિયાને મોકલવામાં આવતી હતી.

આ સમગ્ર રેકેટ વર્ષ 2011 થી જ ચાલતું હતું. ખોટી માર્કશીટ રજૂ કરવાના કેસમાં અક્ષર કળથિયાની ધરપકડ થતા કેરળ પોલીસે સુરતના એજન્ટ નિલેશ સાવલિયા અંગે સિંગણપોર પોલીસને માહિતી આપી હતી. પોલીસને અક્ષરે જણાવ્યું હતું કે, તે 12 મુ ધોરણ પણ પાસ થયો નથી, પરંતુ તેને ઉચ્ચ અભ્યાસ માટે ઈટલી જવું હતું, જેથી તેણે રૂપિયા 60,000 આપીને આરોપી નિલેશનો કોન્ટેક્ટ કરીને બનાવડાવ્યો હતો, પરંતુ વિઝાની પ્રોસેસમાં જ્યારે માર્કશીટની વેરીફાઈ કરવામાં આવ્યું ત્યારે માર્કશીટ ડુબલીકેટ નીકળી હતી. એટલે કેરળના તીરમપુરાના અધિકારીઓને ધ્યાને આવ્યું હતું. જેથી તેની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી અક્ષર કળથિયાની પૂછપરછમાં બહાર આવ્યું કે, નિલેશ મંગળ સાવલિયાની એજન્ટ તરીકેની ભૂમિકા છે. વર્ષ 2011 થી નિલેશ દ્વારા 70 થી 80 જેટલા લોકોને બનાવટી માર્કશીટ બનાવી આપવામાં આવી છે. બંને આરોપીઓ વચ્ચે અલગ અલગ ડોક્યુમેન્ટ પ્રમાણે પૈસા લેવામાં આવતા હતા.

# ગુજરાતમાં બંધ થયેલી સી-પ્લેન સર્વિસ ફરી શરૂ થશે

**વડોદરા**

ગુજરાતમાં સાબરમતી રિવર ફ્રન્ટ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી વચ્ચે સી-પ્લેન સર્વિસ ને ફરીથી શરૂ કરવાની યોજનાઓ બનાવવામાં આવી રહી છે, જે ઑક્ટોબર 2020માં શરૂ થઈ હતી અને એપ્રિલ 2021માં બંધ થઈ ગઈ હતી. આ સેવા ફરી શરૂ કરતા પહેલા તેના બંધ થવાના તમામ પાસાઓ પર વિચાર કરવામાં આવી રહ્યો છે જેથી તે ફરીથી બંધ ન થાય. આ માટે માલદીવ, કેનેડા, ન્યુઝીલેન્ડ અને અન્ય દેશોમાં સી પ્લેન સર્વિસ આપતી કંપનીઓ સાથે વાતચીત કરવામાં આવશે. જ્યાં આજે પણ સી પ્લેન સેવા ખૂબ જ લોકપ્રિય છે.

સી-પ્લેન સર્વિસ અંગે માહિતી આપતા, કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે વાસ્તવમાં ભારતમાં સી-પ્લેન સેવા 31 ઓક્ટોબર 2020 ના રોજ ગુજરાતમાં સાબરમતી રિવર ફ્રન્ટ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી વચ્ચે શરૂ કરવામાં આવી હતી. તેને પીએમ નરેન્દ્ર મોદીએ ઉતારી હતી.

# સુરતમાં 2 મિત્ર દારૂના નશામાં ચોથા માળેથી નીચે પટકાયા, એકનું મોત

સુરત: સુરતનાં પાંડેસરામાં ચોથા મળે દારૂ પીવા બેઠેલો યુવક નીચે પટકાતા મોત નિપજયું છે. 27 વર્ષીય લાલુ યાદવ ઘરના છત પર મિત્ર સાથે દારૂ પીવા બેઠો હતો. બંને મિત્રો નશાની હાલતમાં અચાનક ચોથા મળેથી નીચે પડકાયા હતા. લાલુ યાદવને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થ હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં લાલુ યાદવનું ટૂંકી સારવાર બાદ મોત નિપજ્યું છે. નીચે પડકાયેલો અન્ય મિત્ર ઘટના બાદ ફરાર થઈ ગયો છે.

પાંડેસરા પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી યુવકના મૃતદેહને પીએમ અર્થ મોકલી કાર્યવાહી હાથ ધરી છે. મૂળ ઉત્તર પ્રદેશનો વતની 27 વર્ષીય લાલુ રામચંદ્ર યાદવ સુરત રેલવે સ્ટેશન પાસે રહે છે. લાલુ યાદવ મિત્રને લઈ પાંડેસરા ભેસ્તાન સુડા આવાસ ખાતે રહેતો નાના ભાઈના ઘરે ગયો હતો. દરમિયાન લાલુ તેના મિત્ર સાથે ભાઈના જ ઘરના છતના ચોથા માળે દારૂ પીવા બેસી ગયો હતો. જ્યારે નાના ભાઈએ લાલુને દારૂ અહીં નહીં પીવા ટકોર કરી હતી. તેમ છતાં લાલુ તેના મિત્ર સાથે છત ઉપર દારૂ પીવા બેઠો હતો.

દારૂ પીધા બાદ બંને મિત્રો અચાનક ચોથા માળેથી નીચે પટકાયા હતા. ઘટનાને લઈ આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. ગંભીર રીતે ઘાયલ લાલુ યાદવને 108 મારફતે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન લાલુનું મોત નીપજ્યું છે. ઘટનામાં બંને મિત્રો એક સાથે નીચે પટકાયા હતા. જ્યાં લાલુ યાદવને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જ્યારે અન્ય તેનો મિત્રને સામાન્ય ઈજાઓ પહોંચતા તે કોઈને પણ કીધા વગર ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

સમગ્ર ઘટનાની જાણ પાંડેસરા પોલીસને કરાતા પોલીસ સ્થળે આવી પહોંચી હતી. લાલુ યાદવના મૃતદેહને પીએમ અર્થ મોકલી પરિવાર નિવેદન લઈ કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ તપાસ બાદ મોતનું કારણ બહાર આવશે.









સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# પુરુષોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજ લડી લેવાના મૂડમાં

## અમદાવાદમાં મળેલી બેઠકમાં રૂપાલા વિરુદ્ધ દેખાવ કાર્યક્રમો નક્કી કરાયા : હોળીના કાર્યક્રમમાં બેનરો મુકાતા આચારસહિતાના ભંગની ફરિયાદ

**રાજકોટ**

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાએ રાજપૂત સમાજ પર કરેલી વિવાદાસ્પદ ટિપ્પણીને લઈને ક્ષત્રિય સમાજમાં ભારે રોષ ફેલાયો છે. જો કે આ રોષને લઈને પરષોત્તમ રૂપાલાએ માફી પણ માંગી છે તેમ છતાં આક્રોશ યથાવત છે.

અમદાવાદ ખાતે મળેલી રાજપુત સમાજનીની સંકલન સમિતિની એક બેઠક દરમ્યાન રૂપાલાના વિરોધમાં વિવિધ કાર્યક્રમોની પણ જાહેરાત કરવામાં આવી છે. હાલ ક્ષત્રિય સમાજ રૂપાલાની ટિકિટ રદ કરવા માટે જાણે સમ ખાયને મેદાને ઉતર્યું હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે.

સમાજની દરેક શાખાઓ/પાંખ પોતપોતાની રીતે વિરોધ કરી રહ્યા છે અને ભાજપને રૂપાલાની ટિકિટ કાપવા અલ્ટિમેટમ પણ આપી દીધું છે. બેઠકમાં હાજર સમાજના આગેવાનોએ ભાજપ સામે કોઈ વાંધો નહીં હોવાનું જણાવ્યુ હતું. માત્ર રૂપાલા સામે વિરોધ હોવાને કારણે તેના વિરુદ્ધમાં મતદાન કરવાની અને દરેક જીલ્લામાં રૂપાલાના પૂતળા દહન કરવાની ચીમકી ઉચ્ચારી છે. રૂપાલા સામે આચારસંહિતા ભંગની ફરિયાદ દાખલ કરવામાં આવી છે. કોંગ્રેસ પાર્ટીએ ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલા સામે આચારસંહિતા ભંગની ફરિયાદ કરી છે. પરષોત્તમ રૂપાલાએ હોલિકા દહન જેવા ધાર્મિક કાર્યક્રમમાં મંજૂરી વિના હોર્ડિંગ્સ લગાવીને ચૂંટણી પ્રચાર કર્યો હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે.

### મારો આશય રાજવીઓને નીચા દેખાડવાનો નહોતો : રૂપાલા

પરશોત્તમ રૂપાલાના એક નિવેદનના કારણે ક્ષત્રિય સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જોકે, વિવાદ વકરતા પરશોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજની માફી માંગી છે. રૂપાલાએ કહ્યું કે, 'ગઈકાલે મેં વાલ્મીકિ સમાજના કાર્યક્રમમાં નિવેદન આપ્યું હતું, ક્ષત્રિય સમાજના આગેવાનોએ આ અંગે રોષ વ્યક્ત કર્યો છે. મારો આશય આપણા રાજવીઓને નીચા દેખાડવાનો નહોતો, તેમ છતાં મારા વીડિયો થકી કોઈની લાગણી દુભાતી હોય તો દિલગીરી વ્યક્ત કરું છું, દિલથી માફી માંગું છું.

### એક-બે દિવસમાં સુખદ સમાધાન થઈ જશેઃ સી આર પાટીલ

સી આર પાટીલે આ મુદ્દે નિવેદન આપતા જણાવ્યું હતું કે ક્ષત્રિય સમાજ સાથેનો વિવાદ આગામી 24 કલાકમાં ઉકેલાઈ જશે. આ મુદ્દે અમારી ક્ષત્રિય સમાજના અગ્રણીઓ સાથે વાટાઘાટ ચાલી રહી છે. આગામી એક-બે દિવસમાં સુખદ સમાધાન થઈ જશે. ભાજપ અને ક્ષત્રિય સમાજ વચ્ચેનો વિવાદ ટૂંક સમયમાં ઉકેલાઈ જશે. જેના મામલે પરષોત્તમ રૂપાલા દ્વારા માફી માગવામાં આવી તેમ છતાં પણ વિવાદ શાંત થઈ રહ્યો નથી. આ વચ્ચે સી આર પાટીલે વિવાદ શાંત કરવા માટે સક્રિય બની રહ્યા છે.

# ભાજપે તળપદા કોળી સમાજની અવગણના કરી છે : સોમા પટેલ

**સુરેન્દ્રનગર**

ગુજરાત સહિત દેશભરમાં લોકસભા ચૂંટણીના પડઘમ શરૂ થઈ ચુક્યા છે. ગુજરાતના ત્રણ મુખ્ય રાજકીય પક્ષો ભાજપ-કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ પોતાના ઉમેદવારો જાહેર કર્યા છે. જો કે કેટલાક નેતાઓ લોકસભા ચૂંટણીની ટિકિટ મેળવવા માટે ધમપછાડા કરતા જોવા મળે છે. સમાજના નામ પર રાજકારણ રમતા નેતાઓ પણ મેદાને આવ્યા છે. સુરેન્દ્રનગરના પૂર્વ સાંસદ સોમાભાઈ ગાંડાએ આ મુદ્દે ભાજપ પર નિશાન સાંધતા ચૂંટણીમાં પરિણામ ભોગવવાની ચિમકી ઉચ્ચારી હતી.

સુરેન્દ્રનગર લોકસભાની બેઠક પર ચંદુ શિહોરાને ભાજપે ટિકિટ આપી છે, તેના પગલે વિરોધનો વંટોળ વકર્યો છે. સુરેન્દ્રનગર તળપદા કોળી સમાજની બોર્ડિંગ ખાતે તળપદા કોળી સમાજનું સંમેલન યોજાયું હતું. જેમાં પૂર્વ સાંસદ સોમાભાઈ ગાંડા અને તળપદા કોળી સમાજના પૂર્વ ધારાસભ્યોએ સંમેલનમાં ખાસ હાજરી આપી હતી અને ભાજપ પક્ષ તળપદા કોળી સમાજના ઉમેદવારને ટિકીટ આપે તેવી માંગ કરી હતી. તળપદા કોળી સમાજના આ સંમેલનમાં પૂર્વ ધારાસભ્ય ઋત્વિક મકવાણાએ પણ સંમેલનમાં વિશેષ હાજરી આપી હતી.

# ગીર અભ્યારણમાં ટ્રેન અકસ્માતથી સિંહોના મોત થવા મામલે હાઈકોર્ટે લાલઘુમ, બાબુઓને ફટકાર

**ગીરસોમનાથ**

એશિયાટિક સિંહો માટે જગવિખ્યાત ગીર અભયારણ્ય ક્ષેત્રમાં સિંહોના મોત મામલે ગુજરાત હાઈકોર્ટે રેલ્વે સત્તાવાળાઓ અને વન અધિકારીઓને ફટકાર લગાવી છે. સિંહોની સુરક્ષા મામલે દાખલ જાહેર હિતની અરજીની સુનાવણી દરમ્યાન આજે ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને અનિરૂધ્ધ માયીની બેન્ચે રેલ્વે સત્તાવાળાઓ અને રાજય સરકારના સત્તાધીશોને બહુ માર્મિક ટકોર કરી સિંહોના મોત મુદ્દે ઝીરો અકસ્માત પોલિસીનો અમલ કરવા સ્ટાન્ડર્ડ



ઓપરેટિંગ પ્રોસેસ (SOP)ની કડક તાકીદ કરી હતી.

ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ અને જસ્ટિસ અનિરૂદ્ધ માયીની બેન્ચે જણાવ્યું હતું કે અધિકારીઓએ દરરોજ મીટિંગ કરવી જોઈએ અને તેઓ ઊંઘી પણ ન શકે, પરંતુ 12 એપ્રિલ સુધીમાં સિંહોના શૂન્ય અકસ્માતની ખાતરી કરવા માટે એસઓપી તૈયાર કરવી જોઈએ. જાન્યુઆરીમાં રેલ્વે ટ્રેક પર બે સિંહોના મૃત્યુની તપાસ ન કરવા બદલ રેલ્વે અધિકારીઓની ઝાટકણી કાઢતા ન્યાયાધીશોએ સવાલ કર્યો કે, "આવી પરિસ્થિતિમાં તમે સૂઈ કઈ રીતે શકો?." હાઈકોર્ટે રેલ્વે ઓથોરીટીની ઝાટકણી કાઢી સાફ શબ્દોમાં ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, માનવીની અસંવેદનશીલતાથી ઘણા સિંહોના અકાળે મૃત્યુ થયા છે. પરંતુ હવે કોર્ટ તેને સહન કરી લેશે નહીં.

# તળાજા તાલુકામાં મણાર ગામના ચેકડેમમાં નાહવા પડેલા ત્રણેય મિત્રોના ડુબી જતાં મોત

**તળાજા**

મણાર ગામે રહેતા મુકેશ બાબુભાઈ મકવાણા તેના મિત્ર રવિ કુટેચા અને રવિભાઈ ધરમશીભાઈ મકવાણા નામના ત્રણ યુવાનોએ ગઈકાલે સોમવારે આનંદ અને ઉત્સાહ સાથે રંગોત્સવની ઉજવણી કરી હતી. ત્યારબાદ ધૂળેટીના પર્વની યાદગીરી માટે ત્રણેય યુવાન મિત્રોએ મોબાઈલ ફોનમાં સેલ્ફી લીધા બાદ મણાર ગામમાં નદી પણ બાંધવામા આવેલા ચેકડેમમાં નહાવા માટે ગયા હતા. અહીં યુવાનો માટે ચેકડેમમાં નહાવા જવાની છલાંગ આખરી બની ગઈ હોય તેમ નહાવા



પડયા બાદ ચેકડેમના ઊંડા પાણીમાં ડૂબી ગયા હતા. ત્રણ મિત્ર પાણીમાં ડૂબી લાપતા થયા અંગેની વાત વાયુવેગે પ્રસરતા પોલીસ, અલંગ ૧૦૮, તરવૈયા, અલંગ અને તળાજા ફાયરની રેસ્ક્યુ ટીમ, મામલતદાર, સર્કલ સહિતના અધિકારીઓ દોડી આવ્યા હતા અને શોધખોળ બનાવ ત્રણેય હતભાગી યુવાનના મૃતદેહોને ચેકડેમના પાણીમાંથી બહાર કાઢી તળાજા સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં મૃતકા સગા-સબંધીઓ, ચુંવાળિયા ઠાકોર કોળી સમાજ તેમજ અન્ય સામાજિક, રાજકીય અને સેવાભાવી આગેવાનો દોડી આવ્યા હતા. આ બનાવની જાણ થતાં ફાયર વિભાગની ટીમ બનાવ સ્થળે દરી ગઈ હતી અને ત્રણેય હતભાગી યુવકોના મૃતદેહને ચેકડેમમાંથી બહાર કાઢી તળાજા સરકારી હોસ્પિટલ ખાતે પીએમ માટે ખસેડવામાં આવ્યા હતા.

# જામનગરમાં હોર્ન વગાડવાની ના પડાતાં 4 યુવાનો પર ખૂની હુમલો

**જામનગર**

જામનગરના નવાગામ ઘેડ હનુમાન ચોક વિસ્તારમાં વાહનનું હોર્ન વગાડવા જેવી સામાન્ય બાબતમાં બે જૂથ વચ્ચે તકરાર થઈ હતી. અને એક યુવાન અને તેના ત્રણ મિત્રો પર ખૂની હુમલો કરાયો છે. જામનગરમાં નવાગામ ઘેડ ગાયત્રી ચોક વિસ્તારમાં રહેતા જયપાલસિંહ મનુભા જાડેજા નામના ૨૮ વર્ષના યુવાને પોતાના ઉપર તેમજ પોતાના મિત્ર અજયરાજસિંહ જાડેજા, જયદીપસિંહ જાડેજા તથા ધિરાજસિંહ ગોહિલ વગેરે પર છરી,તલવાર, લોખંડના પાઈપ, ધોકા જેવા ધારદાર હથિયારો વડે હુમલો કરી ખૂનની કોશિશ કર્યાની ફરિયાદ સિટી બી. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ઈજા પામનાર ધિરાજસિંહ ગોહિલ કે જેમણે હુમલાખોર આરોપીઓ હોળી ને રાત્રે ત્રણ વાગ્યાના અરસામાં પોતાના મોટરસાયકલમાં મોટા અવાજથી હોર્ન વગાડતા હતા, જેથી તેઓને હોર્ન વગાડવાની ના પાડતાં તેઓએ બોલાચાલી કરી હતી. જે દરમિયાન અજયરાજ સિંહ જાડેજા, જયદીપસિંહ જાડેજા અને ફરિયાદી જયપાલસિંહ જાડેજા આવી પહોંચ્યા હતા, અને ઝઘડો કરવાની ના પાડતાં પંદર આરોપીઓ ટોળાના સ્વરૂપમાં આવ્યા હતા,

# ધોરાજી-ઉપલેટામા મનસુખ માંડવિયા વિરુદ્ધ પોસ્ટરો લાગ્યા, સ્થાનિક ઉમેદવારની તરફેણ

**પોરબંદર**

લોકસભા સીટના ભાજપના ઉમેદવાર મનસુખ માંડવિયા વિરુદ્ધ ધોરાજી અને ઉપલેટામાં આયાતી ઉમેદવાર તરીકેના બેનર લાગ્યા લાગતા હડકંપ મચી ગયો છે. ઉપલેટામાં મનસુખ માંડવિયાના વિરુદ્ધ પોસ્ટર લાગ્યા છે. સ્થાનિક ઉમેદવારને મત આપવાની માંગ સાથે ધોરાજી-ઉપલેટાના અલગ અલગ વિસ્તારોમાં પોસ્ટર લાગ્યા છે, જેને કારણે સ્થાનિક રાજકારણ ગરમાયું છે. ધોરાજી-ઉપલેટામાં પોસ્ટર બાબતે રાજકીય યુદ્ધ શરૂ થયું છે. ભાજપ-કોંગ્રેસ એ એક બીજા પર આક્ષેપ કર્યા છે.

પોસ્ટરો મુદ્દે ધોરાજી ભાજપના શહેર પ્રમુખે આક્ષેપ કરતા કહ્યું છે કે, "કોંગ્રેસના ઉમેદવાર હારી જવાના ભયથી પોસ્ટર લગાવી રહ્યા છે. ભાજપને લોકો ઇચ્છે છે અને કોંગ્રેસ હારી જવાની છે. હારી જવાના ભયથી કોંગ્રેસ આવા સ્ટંટ કરી રહ્યા છે." ધોરાજીમાં પોસ્ટર બાબતે રાજકીય યુદ્ધ શરૂ થયું છે. ભાજપ-કોંગ્રેસ એ એક બીજા પર આક્ષેપ કર્યા છે.

પોસ્ટર બાબતે ધોરાજી ભાજપના શહેર પ્રમુખે આક્ષેપ કરતા કહ્યું છે કે, "કોંગ્રેસના ઉમેદવાર હારી જવાના ભયથી પોસ્ટર લગાવી રહ્યા છે. ભાજપને લોકો ઇચ્છે છે અને કોંગ્રેસ હારી જવાની છે. હારી જવાના ભયથી કોંગ્રેસ આવા સ્ટંટ કરી રહ્યા છે."

# ભાવનગરમાં ડિસ્ટ્રીક્ટ ચેમ્બરના હોદ્દેદારો બિનહરિફ ચૂંટાયા, પ્રમુખ પદે ભુપત વ્યાસ

**ભાવનગર**

ભાવનગર જિલ્લામાં ૬૮ વર્ષથી ઉદ્યોગો માટે કામ કરતી અગ્રગણ્ય સંસ્થા ભાવનગર ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના વર્ષ ૨૦૨૪-૨૬ની બે વર્ષની મુદત માટે હોદેદારોની બિનહરિફ વરણી થઈ છે.

ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બરના પ્રમુખ તરીકે ભૂપતભાઈ વ્યાસ કે જેઓ પ્લાસ્ટિક ઉદ્યોગના પાયોનિયર છે. તેમની વરણી થઈ છે અને ઉપપ્રમુખ તરીકે ચેતનભાઈ કામદાર કે જેઓ મીઠા ઉદ્યોગ સાથે સંકળાયેલા છે અને મીઠા ઉદ્યોગની સ્થાનિક તેમજ રાષ્ટ્રીય સ્તરની સંસ્થામાં અગત્યનું સ્થાન ધરાવે છે અને સીઆઈઆઈના ભાવનગર જિલ્લાના ચેરમેન તરીકે તેમણે પ્રશંસનીય કામગીરી કરી છે, તેમની વરણી થઈ છે. કારોબારી સભ્યોમાં મહેન્દ્રભાઈ એસ. શાહ, રવિન્દ્રભાઈ ડી. ઘેવરિયા, દેવલભાઈ જે. શાહ, મનસુખલાલ એમ. કામાણી, ધીરૂભાઈ સિદ્ધપુરા, કે.બી. લાધાવાળા, પ્રતિકભાઈ સુરેજા, વૃંદાવનભાઈ જે. જગડ, પરેશભાઈ હાંસલિયા, ઉર્મિશભાઈ સિદ્ધપુરા, સ્નેહલભાઈ સિદ્ધપુરા, ભૌતિકભાઈ જે. ડેલીવાળા, વિરેનભાઈ પી. મહેતા, શૈલેષભાઈ હરસોરા, પ્રસન્નકુમાર ખેમકા, કાનજીભાઈ ચૌહાણ, દીપકભાઈ ડી. ચૌહાણ, વિજયભાઈ પી. નવાપરા, કિશોરભાઈ સુરેજા, પ્રવિણકુમાર કણસાગરા અને હસમુખભાઈ એલ. પટેલની વરણી થઈ હતી.



## મૃણાલ ઠાકુરે હૈદરાબાદના મંદિરમાં કરી પૂજા

મૃણાલ ઠાકુરનો એક વીડિયો ઈન્ટરનેટ પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. વાયરલ વીડિયોમાં અભિનેત્રી હૈદરાબાદના સૌથી જૂના મંદિરમાં ભક્તિ અને લાગણી સાથે પૂજા કરતી જોવા મળે છે. અભિનેત્રીની આ ફિલ્મ ટૂંક સમયમાં રિલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મનું નામ છે ‘ફેમિલી સ્ટાર.’ આ ફિલ્મમાં અભિનેત્રી સાથે વિજય દેવરાકોંડા જોવા મળશે. ચાહકો મૃણાલની ભક્તિ શૈલીને પસંદ કરી રહ્યા છે અને થોડા જ સમયમાં આ વીડિયો ઈન્ટરનેટ પર લોકપ્રિય થઈ ગયો છે. સામે આવેલા વીડિયોમાં મૃણાલ મંદિરમાં હાથ જોડીને પૂજા કરતી જોવા મળે છે.

સ્વદેશ





## લગ્નના તાંતણે બંધાઈ તાપસી પન્નુ: ઉદયપુરમાં બોયફ્રેન્ડ સાથે ગુપચુપ કર્યા લગ્ન



બોલિવૂડ અભિનેત્રી તાપસી પન્નુને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. તેમણે બોયફ્રેન્ડ અને બેડમિન્ટન ખેલાડી મેથિયાસ બો સાથે લગ્ન કર્યા છે. અહેવાલો અનુસાર, તાપસી પન્નુ અને મેથિયાસ બોએ 23મી માર્ચે લગ્નના તાંતણે બંધાયા હતા. સમારોહમાં તેમના પરિવાર અને નજીકના મિત્રો હાજર રહ્યા હતા. લગ્ન ઉદયપુરમાં થયા હતા. લગ્નની તૈયારીઓ 20મી માર્ચથી શરૂ થઈ હતી. તાપસી પન્નુ અને મેથિયાસ બોએ તેમના ખાસ દિવસ તેમના નજીકના લોકો સાથે વિતાવવા માંગતા હતા. તેઓ આ લગ્ન પર મીડિયાનું ધ્યાન ઈચ્છતા ન હતા, જેના કારણે તેઓએ તેમના લગ્નની જાહેરમાં જાહેરાત કરી ન હતી. નજીકના મિત્રો અને પરિવારની હાજરીમાં બંને લગ્નના બંધનમાં બંધાયા હતા.

## કૃતિ સેનન પોતાનાથી દસ વર્ષ નાના બિઝનેસમેનના પ્રેમમાં હોવાની અટકળો



મુંબઈ : એક્ટ્રેસ કૃતિ સેનન પોતાનાથી દસ વર્ષ નાના બિઝનેસમેન કબીર બહિયા સાથે ડેટિંગ કરતી હોવાની અફવા છે. બંને લંડનમાં હાથમાં હાથ પરોવી ઘૂમી રહ્યાં હોવાની કેટલીક તસવીરો વાયરલ થઈ છે. જોકે, સંખ્યાબંધ નેટ યૂઝર્સ માની રહ્યા છે કે કૃતિની આગામી ફિલ્મ ક્રૂ રિલીઝ થવાની છે. એટલે તેના માટે આ પબ્લિસિટી સ્ટન્ટ પણ હોઈ શકે છે. અગાઉ કૃતિ અને પ્રભાસની આદિપુરૂષ ફિલ્મ આવવાની હતી ત્યારે પણ બંને વચ્ચે સિરિયસ અફેર હોવાની ચર્ચા ફેલાવાઈ હતી. કબીર દહિયા યુકેનો બિઝનેસમેન છે અને તે ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોનીની પત્ની સાક્ષી ધોનીનો સંબંધી હોવાનું કહેવાય છે. તેની મહેન્દ્રસિંહ ધોની તથા સાક્ષી સાથેની કેટલીક તસવીરો પણ ઈન્ટરનેટ પર ફરતી થઈ છે. જોકે, આ અટકળો અંગે કબીર દહિયા કે કૃતિ તરફથી કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી. અગાઉ, કૃતિનું અફેર સાઉથના સ્ટાર અને આદિપુરૂષ ફિલ્મના તેના કો એક્ટર પ્રભાસ સાથે ચાલતું હોવાની વાત ફેલાઈ હતી. જોકે, બાદમાં ચાહકોને ખ્યાલ આવ્યો હતો કે વાસ્તવમાં આદિપુરૂષ ફિલ્મના પ્રચાર માટે પ્રભાસ અને કૃતિનાં અફેરની અફવા ઉડાડવામાં આવી હતી.

## તારક મહેતા ફેમ જેનિફરે અસિત મોદી સામે જાતીય સતામણીનો કેસ જીત્યો





ટીવી ઈન્ડસ્ટ્રીમાંથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ગયા વર્ષે ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’ની શ્રીમતી સોઢી ઉર્ફે જેનિફર મિસ્ત્રી બંસીવાલે શોના નિર્માતા અસિત કુમાર મોદી વિરુદ્ધ કોર્ટમાં જાતીય સતામણીનો કેસ દાખલ કર્યો હતો. એક વર્ષ બાદ ચુકાદો આવ્યો છે. રિપોર્ટ્સ અનુસાર, જેનિફરે અસિત સામેનો કેસ જીતી લીધો છે.

હાલમાં જ જેનિફરે કેસ જીતવા પર કહ્યું હતું કે, કેસનો નિર્ણય આવ્યાને 40 દિવસ વીતી ગયા છે. પ્રોડક્શન હાઉસે હજુ સુધી મને ચૂકવણી કરી નથી. મેં આટલા મહિનાઓ સુધી મહેનત કરી અને સિરિયલોમાં કામ કર્યું પણ મને આજ સુધી મારી મહેનતના પૈસા મળ્યા નથી. સૌ પ્રથમ આ મારી મહેનતથી કમાયેલ પૈસા છે જે હું લાયક છું. મેં ન્યાય માટે કોર્ટનો સંપર્ક કર્યો પરંતુ એક વર્ષ પછી પણ મને મારા પૈસા મળ્યા નથી.

## જહાન્વી ઘૂંટણભેર તિરૂપતિ મંદિરના 500 પગથિયાં ચઢી



મુંબઈ: જહાન્વી કપૂરનો ઘૂંટણભેર મંદિરનાં પગથિયાં ચઢતો વીડિયો વાયરલ થયો છે. તે કોઈ મનોકામના પૂર્ણ કરવા માટે આ રીતે તિરૂપતિ બાલાજી ખાતે દર્શને ગઈ હોવાનું કહેવાય છે. આ મંદિરનાં આમ તો ત્રણ હજાર સ્ટેપ છે પરંતુ તેમાંથી ૫૦૦ પગથિયાં ઘૂંટણભેર ચઢવાની અનેક શ્રદ્ધાળુઓ બાધા લેતા હોય છે. જહાન્વીની સાથે તેનો બોયફ્રેન્ડ શિખર પહાડિયા અને ફ્રેન્ડ ઓરી પણ સાથે હતા. ઓરી પણ જહાન્વી સાથે ઘૂંટણભેર પગથિયાં ચઢયો હતો. જોકે, હવે ખુદ ઓરીએ એવો ઘટસ્ફોટ કર્યો છે કે જહાન્વીની એક ખાસ બાધા હતી એટલે તે લોકો દર્શને ગયા હતા અને જહાન્વીને કંપની આપવા માટે પોતે પણ તેની સાથે આ રીતે ઘૂંટણભેર પગથિયાં ચઢયો હતો.

## હુક્કારબારમાં રેડ વખતે બિગ બોસ વિનર મુનાવર ફારુકીની ધરપકડ



સ્ટેન્ડ અપ કોમેડિયન અને બિગ બોસ 17ના વિજેતા મુનાવર ફારૂકીને પોલીસે કસ્ટડીમાં લીધો છે. જણાવવામાં આવી રહ્યું છે કે પોલીસે મંગળવારે રાત્રે મુંબઈમાં એક હુક્કાબારમાં દરોડા દરમિયાન આ કાર્યવાહી કરી હતી. ફારૂકીની સાથે અન્ય 6 લોકોની પણ અટકાયત કરવામાં આવી છે. ફારૂકી અને અન્ય અટકાયત કરાયેલા લોકો સામે સિગારેટ અને અન્ય તમાકુ પ્રોડક્ટ્સ એક્ટ 2003 હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. એક અખબારના અહેવાલ મુજબ દરોડા દરમિયાન ફારૂકી હુક્કાબારમાં હાજર હતો અને તેનું મેડિકલ પણ કરવામાં આવ્યું હતું. વરિષ્ઠ અધિકારીઓનું કહેવું છે કે કેસ નોંધાયા બાદ તેને છોડી દેવામાં આવ્યો હતો. બોરા બજારમાં આવેલા સબલાન હુક્કાબારમાં પોલીસે દરોડો પાડ્યો હતો. અહેવાલ મુજબ, એક અધિકારીએ જણાવ્યું હતું કે, ‘ત્યાંના લોકો હર્બલ હુક્કાની આડમાં તમાકુના હુક્કાનો ઉપયોગ કરી રહ્યા હોવાની માહિતી મળ્યા બાદ અમારી ટીમે હુક્કાબાર પર દરોડો પાડ્યો હતો’.










### ફ્યુચર ગેમિંગના માંધાતા માર્ટિન સામે સરકાર સાથે ઠગાઈ સુદ્ધાના કેસો સામેલ

# માર્ટિન : શ્રમજીવીથી દાતા સુધીની રોમાંચક સફર

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

ભારતમાં લોકસભાની 2024ની ચૂંટણી પહેલાં જ ઈલેક્ટોરલ બોન્ડ યોજનાને સુપ્રિમ કોર્ટે રદ કરી દેતા રાજકાય વર્તુળમાં ખળભળાટ મચી ગયો છે. કારણ કે, આ યોજનાનો લાભ લેનાર ભાજપ ભલે સૌથી મોટા પક્ષ હોય, પરંતુ અન્ય પક્ષોને પણ તેનો ઓછા-વત્તા અંશે લાભ મળ્યો છે. જો કે, હવે ઘણાં જૂથોએ દેશના રાજકીય પક્ષોને જંગી રકમનું કરેલું દાન શંકાના ઘેરામાં છે. કેન્દ્ર સરકાર અને ભાજપ સામે તો ગંભીર આરોપો મુકાયા છે કે દાન મેળવીને એજન્સી, કોન્ટ્રાકટરોને અબજોના કામ અપાયા છે. ભાજપને દાન આપનારાઓની યાદીમાં ફ્યુચર ગમિંગ પ્રાઈવેટ લિમિટેડ નામની લોટરી કંપની ટૉચના સ્થાને છે.

રાતોરાત જાણીતી થઈ ગયેલી આ કંપનીનો પાયો નાખનારા સેન્ટિયાગો માર્ટિને ચૂંટણી બોડના માધ્યમથી ભારતના વિવિધ રાજકીય પક્ષોને રૂ. ૧,૩૬૮ કરોડનું દાન કર્યું હતું. તેણે તામિલનાડુના શાસક પક્ષ ડીએમકે (દ્રવિડમ્ મુનેત્રમ્ કળગમ)ને ૫૦૦ કરોડ રૂપિયાથી વધુની રકમ દાનમાં આપી હતી. આમ તો માર્ટિનને લોટરી કિંગ કહેવાય છે. પશ્ચિમી તમિલનાડુના કોઈમ્બતુરના રહિશ માર્ટિને તેના વ્યાસાયિક જીવનની શરૂઆત એક મજૂરના રૂપમાં કરી હતી. ૧૯૬૧માં જન્મેલા માર્ટિને તેની યુવાનીના વર્ષોમાં મ્યાનમારમાં દૈનિક મજૂર તરીકે પણ કામ કર્યું હતુ. જો કે, ૧૯૮૦ના દાયકામાં ભારતીયોમાં લોટરી ટિકિટનો ક્રેઝ વધ્યો ત્યારે તે ભારત પાછો ફર્યો હતો. બાદમાં ચાના સ્ટોલમાં કામ કરીને તે કોઈમ્બતુરમાં સ્થાયી થયો હતો. આખરે માર્ટિને લોટરીની ટિકિટ વેચાણ કરવા માટે દુકાન શરૂ કરવાનો નિર્ણય કર્યો હતો.

વર્ષો સુધી આર્થિક સ્થિતિને સુધારવા માટે ઝઝુમેલા માર્ટિન માટે લોટરીનો વ્યવસાય બમણો ફાયદો કરાવે તેવો હતો. ઘણી વખત ન વેચાયેલી ટિકિટનું ઈનામ પણ તેના ખિસ્સામાં આવતું હતું. ૧૯૮૪માં માર્ટિને ૨૬ વર્ષની ઉમરે કોઈમ્બતુરમાં લોટરીની પાંચ દુકાનો ખોલી કાઢી હતી. તે જ વર્ષે તેણે લગ્ન પણ કર્યાં હતાં. બીજા વર્ષે માર્ટિને લોટરીની ટિકિટો છાપવાનું પણ શરૃ કરી દીધું.

બહુવિધ બ્રાન્ડસ અને ઉચ્ચ ઈનામો સાથે તેણે પોતાનો લોટરી વ્યવસાય સતત વધાર્યે રાખ્યો. વળી, જેમ જેમ બિઝનેસ વધતો ગયો તેમ માર્ટિને ચેન્નાઈમાં ડેક્શન એજન્સીઝ, મદુરાઈમાં કે.એ.એસ. શેખર અને ત્રિચીમાં તેના ભાઈ



રામદાસ જેવા પ્રાદેશિક ખેલાડીઓ સાથે સ્પર્ધા કરવાનું શરૂ કર્યું. ૧૯૯૦ના દાયકા સુધીમાં તેણે પોતાને તમિલનાડુમાં માર્કેટ લીડર તરીકે સ્થાપિત કરી દીધો.

લોટરી જુગાર જ છે. જેના નશામાં લોકોને ડુબાડીને માર્ટિને અઢળક સંપત્તી મેળવી લીધી. જો કે, ૨૦૦૩માં માર્ટિનને પ્રથમવાર જોરદાર આંચકો લાગ્યો. આ સમયે તમિલનાડુના તત્કાલીના મુખ્ય પ્રધાન જે. જયલલિતાએ રાજ્યમાં લોટરીના વ્યવસાય પર પ્રતિબંધ મૂક્યો હતો. જયલલિતાનું માનવું હતું કે, લોટરી લઈને નાણાં મળવાની લાલચમાં રાજયના અનેક ગરીબ પરિવારો પાયમાલ થઈ રહ્યા છે.

જયલિલિતાના આ નિર્ણયને કારણે માર્ટિને તામિલનાડુમાં આવેલી દુકાનો બંધ કરીને પોતાનો ધંધો કર્ણાટક, કેરળ, ઉત્તરપૂર્વ અને ભૂતાનમાં વિસ્તરણ કરવાની નોબત આવી હતી. જે પછી તેનો કારોબાર સતત વધતો ગયો અને 2005 સુધીમાં માર્ટિન ઉદ્યોગ અને રાજકીય વર્તુળો બંનેમાં એક અગ્રણી વ્યક્તિ બની ગયો હતો. તે એક સમયે ડીએમકેના નેતા એમ. કરુણાનિધિની ખૂબ નજીક હોવાનું પણ કહેવાય છે. એવી અટકળો છે કે જયલલિતાયો લોટરી પરનો પ્રતિબંધ પણ તેના કારણે જ મૂક્યો હતો.

ફ્યુચર ગેમિંગના સ્થાપક સેન્ટિયાગો માર્ટિન ક્યારેય વિવાદેથી દૂર રહ્યા નથી. ૨૦૦૮માં એવા આરોપો મુકાયા કે, તેણે કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માકર્સવાદી)ના કેરળના મુખપત્ર દેશાબિમણીને બે કરોડ રૂપિયાનું દાન આપ્યું હતું. ઉત્તર-પૂર્વનાં રાજ્યોમાં એવી ફરિયાદો હતી કે, માર્ટિનના પગારપત્રક પર ઘણા બધા સરકારી અધિકારીઓ છે. વર્ષ ૨૦૧૦માં એન્ડોરમિન્ટ ડિરેક્ટોરેટ (ED) એ તેના પર લોટરીના ધંધામાં સિક્કિમ સરકાર સાથે છેતરપિંડી કરવાનો અને ૯૧૦ કરોડનો નફો ગેરકાયદે કરવાનો આરોપ લગાવ્યો હતો. ત્યારથી માર્ટિન કેન્દ્રીય એજન્સીના રડાર પર રહ્યો અને આવકવેરા વિભાગે પણ સતત તેના પર નજર રાખી. ૨૦૧૧માં તામિલનાડુમાં જયલલિતાની સરકાર કરી સતા પર આવી તે પછી લોટરી કિંગની મુશ્કેલીઓ વધી હતી. માર્ટિન પર જમીન પચાવી પાડવાના, ગેરકાયદે લોટરી વેચાણ અને છેતરપિંડી કરવાના ૧૪ કેસ કરવામાં આવ્યા હતા. તે પછી તેને આઠ મહિના સુધી જેલમાં પણ પુરી દેવાયો હતો. અલબત તે 6 મે ૨૦૧૨ના રોજ મુક્ત થયો. માર્ટિને લોટરી ઉપરાંત રિયલ એસ્ટેટ, શિક્ષણ અને મીડિયામાં નવાં સાહસો ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. જો કે, તેને આ ધંધાઓમાં એટલી સફળતા મળી ન હતી, જેટલી તેને લોટરીના ધંધામાં મળી હતી. માર્ટિન ૨૦૦૨માં ભારતમાં સૌથી વધુ વ્યક્તિગત કરદાતા હતો. તેણે અને તેની કંપનીઓના જૂથે જુલાઈ ૨૦૦૯થી સપ્ટેમ્બર ૨૦૨૩ દરમિયાન GST ટેક્સ તરીકે સામુહિક રીતે ૨૩,૧૮૯ કરોડ રૂપિયા ચૂકવ્યા હતા. ૨૦૧૧માં તમિલનાડુના મુખ્યમંત્રી DMK પાર્ટીના એમ. કરુણાનિધિ હતા. તેમણે એક ફિલ્મની પટકથા લખી હતી, જેનું નામ ઈલાઈગનળ હતું. આ તેમની ૭૫મી પટકથા હતી, જે મેક્સિમ ગોર્કીની નવલકથા 'ધ મધર' પર આધારિત હતી. આ ફિલ્મનો નિર્માતા સેન્ટિયાગો માર્ટિન હતો. માર્ટિને કરુણાનિધિ દ્વારા લખાયેલી ફિલ્મ માટે ૨૦ કરોડનું રોકાણ કર્યું હતું. વર્ષ ૨૦૧૯માં આવકવેરા વિભાગે કોઈમ્બતુર, ચેન્નાઈ, કોલકાતા, મુંબઈ, દિલ્હી સહિત દેશભરમાં લોટરી કિંગ માર્ટિન સેન્ટિયાગોની ૭૦ જગ્યાએ દરોડા પાડયા હતા. આ કાર્યવાહીમાં ઈન્કમ ટેક્સની ટીમને ૫૯૫ કરોડ રૂપિયાની અઘોષિત આવક મળી હતી.

એક વરિષ્ઠ આવકવેરા તપાસ અધિકારીએ જણાવ્યું હતું કે, દરોડામાં ઘણા મહત્વપૂર્ણ પુરાવાઓ મળી આવ્યા હતા અને માર્ટિને એ પણ સ્વીકાર્યું હતું કે, તેને પ્રાઈઝ વિનિંગ ટિકિટોના ગેરપયોગ બદલ હોલસેલર્સ પાસેથી ૫૯૫ કરોડ રૂપિયાની અઘોષિત રકમ પ્રાપ્ત થઈ હતી. તેણે વિવિધ રોકાણો માટે રૂ.૬૦૦ કરોડથી વધુની અઘોષિત રસીદો મોજૂદ હોવાનું પણ સ્વીકાર્યું હતુ. હાલમાં આ જ માર્ટીનનું નામ ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા ડેટા બાદ ફરી ચર્ચામાં આવ્યું છે. લોટરી કિંગ માર્ટિનની કંપની ફ્યુચર ગેમિંગ એન્ડ હોટેલ સર્વિસે જે કુલ ૧,૩૬૮ કરોડ રૂપિયાનું દાન આપ્યું તેમાંથી ૫૦૯ કરોડ રૂપિયા તામિલનાડુના શાસક પક્ષ ડીએમકેને દાનમાં આપ્યા છે. આ રકમ માર્ટિન દ્વારા દાનમાં આપવામાં આવેલા રૂપિયાના લગભગ ૩૦ ટકા છે. બાકીના ૬૩ ટકા તેણે કોને દાન કર્યું? તે કોયડો હજુ ઉકેલાયો નથી. ડીએમકેને ચૂંટણી બોન્ડ દ્વારા કુલ ૬૫૬,૫ કરોડ રૂપિયા મળ્યા છે. જેમાંના ૫૦૯ કરોડ રૂપિયા તો માર્ટિન દ્વારા જ મળ્યા હતા.

ભારતમાં ચૂંટણી બોન્ડ યોજનાને મોદી સરકારે ભલે અમલી બનાવી હોય, પરંતુ તેના લાભાર્થી તો લગભગ તમામ પક્ષો છે. હકીકતમાં તો પારદર્શી વહિવટની વાતો કરતી ભારત સરકારને પણ ચૂંટણી બોન્ડની વિગતો આપવી ન હતી. પરંતુ સુપ્રીમ કોર્ટે ઉધડો લીધા બાદ દેશ સમક્ષ રાજકીય પક્ષોની આ ખંડણીની નીતિ ખુલ્લી પડી છે.

**માર્ટિન એક સમયે મ્યાનમારમાં મજૂરી કરતો હતો, પરંતુ સમય જતાં લોટરીના વ્યવસાયમાં અજમાવેલા નસીબે તેને અબજોપતિ બનાવી દીધો. રાજકીય નેતાઓ સાથે પણ તેનો ઘરોબો રહ્યો છે અને કદાચ તેના કારણે જ તેને બે વખત જેલમાં જવું પડ્યું હતુ**

# ક્લાસી અને યુનિક લુક આપે શર્ટ બ્લાઉઝ પેટર્ન

યુવતીઓ પોતાના લુકને ક્લાસી અને યુનિક બનાવવા નિતનવાં એક્સપેરિમેન્ટ કરતી રહે છે. એમાં આજકાલ શર્ટ બ્લાઉઝ ડિઝાઇન ટ્રેન્ડમાં છે. કૉલેજ ગોઇંગ ગર્લ્સથી માંડી યુવતીઓ શર્ટ બ્લાઉઝ ડિઝાઇન ટોપ કૅરી કરી રહી છે. એની સાથે જિન્સથી લઇને પ્લાઝો અને સ્કર્ટ પહેરી રહી છે. શર્ટ બ્લાઉઝ ડિઝાઇનને શેની સાથે કૅરી કરી શકાય એ અંગે જાણીએ.







### જિન્સ સાથે શર્ટ બ્લાઉઝ

સામાન્ય રીતે જિન્સ સાથે ક્રોપ ટોપ, ટી શર્ટ, શર્ટ વગેરે પહેરવાનું ચલણ છે, પરંતુ તેની સાથે શર્ટ બ્લાઉઝ ડિઝાઇનને કેરી કરવામાં આવે તો યુનિક લાગે છે. આ પેર્ટનમાં શર્ટની જેમ કોલર હોય છે, બેલી બટનથી ઉપર અને નોર્મલ શર્ટ કરતાં ટૂંકો હોય છે. તેને ક્રોપ શર્ટ પણ ઓળખવામાં આવે છે. આગળ બટનવાળો શર્ટ પણ દેખાવમાં ક્લાસી લાગે છે.

### સ્કર્ટ સાથે શર્ટ બ્લાઉઝ

જેમ જિન્સની સાથે શર્ટ બ્લાઉઝ કેરી કરવામાં આવે છે એ જ રીતે તેને સ્કર્ટ સાથે પહેરી શકો છો. જ્યારે સ્કર્ટ સાથે શર્ટ બ્લાઉઝને પહેરો ત્યારે સ્કર્ટ લોંગ અથવા ની લેન્થનું હોય એ જરૂરી છે. શોર્ટ સ્કર્ટ સાથે આ પ્રકારનો શર્ટ શૂટ નહીં થાય. બીજું, સ્કર્ટ પ્લેન હોય તો શર્ટ પ્રિન્ટેડ પસંદ કરો અને શર્ટ પ્લેન હોય તો સ્કર્ટ પ્રિન્ટેડ પસંદ કરશો તો ક્લાસી લુક મળશે.

### પ્લાઝો સાથે શર્ટ બ્લાઉઝ

ગરમીની શરૂઆત થઈ ચૂકી છે. આવી સિઝનમાં લાઇટ આઉટફિટ પહેરવાનું આપણે પ્રીફર કરીએ છીએ. એમાંય તો પ્લાઝો અને શર્ટ બ્લાઉઝ ટોપ હોય તો તો એકદમ કમ્ફર્ટ ફિલ થાય. પ્લાઝોમાં સ્કર્ટ ટાઇપ પ્લાઝો અવેલેબલ છે. જે પહેરવામાં પ્લાઝો ટાઇપ હોય પરંતુ તેનો ઘેર એટલો હોય કે સામેની વ્યક્તિને જાણે સ્કર્ટ પહેર્યું હોય એવું જ લાગે.

### લહેંગા સાથે શર્ટ બ્લાઉઝ

શર્ટમાં કોલરવાળાં બ્લાઉઝની ડિઝાઇન સુંદર દેખાય છે. પ્રસંગોમાં આ પ્રકારના આઉટફિટ અલગ જ લુક આપશે. નવવધૂ પણ લહેંગાની સાથે કોલર શર્ટને ટ્રાય કરી શકે છે. મેંદી, સંગીત જેવા ફંક્શનમાં લહેંગા સાથે શર્ટ બ્લાઉઝ યુનિક લુક આપશે. વેલ્વેટ હંમેશાં શાહી લુક આપે છે. વેલ્વેટ મટીરિયલના શર્ટની સાથે લહેંગા પ્રસંગોમાં રોયલ ટચ આપશે.

### સાડીની સાથે શર્ટ બ્લાઉઝ

ફેમિલી ફંક્શનમાં કે પ્રસંગોમાં સિમ્પલ ડિઝાઇનનો બ્લાઉઝ પહેરીને બોર થઇ ગયા છો અને કંઇક અલગ ટ્રાય કરવા ઇચ્છો છો તો શર્ટ બ્લાઉઝ ડિઝાઇન બેસ્ટ ઓપ્શન છે. કોટનથી લઇને બનારસી સાડી, ક્રેપ સાડી અને નેટ સાડી આમ દરેક પ્રકારની સાડી સાથે આ ડિઝાઇનનો બ્લાઉઝ કેરી કરી શકો છો. તેને દરેક સિઝન અને પ્રસંગમાં પહેરી શકાય છે.

# પ્રોટીનથી ભરપૂર અને અનેક સમસ્યા માટે રામબાણ ચણા



ગુણચણાના લીલા દાણાનું શાક તેમજ ખીચડી થાય છે અને તે સ્વાદિષ્ટ લાગે છે. સૂકા ચણા શેકીને ખાવાથી સ્વાદિષ્ટ લાગે છે. તેને પીસીને તેના લોટમાંથી સેવ, ગાંઠિયા, ફાફડા, ભજિયાં, ખમણ ઈત્યાદિ બને છે. તેમાંથી મગજ, મોહનથાળ, બુંદી, મોતીચુર અને મેસૂબ વગેરે પૌષ્ટિક વાનગીઓ બને છે. ચણા ઠંડા, રૂક્ષ, હલકા, ભૂરા, ઝાડાને રોકનાર, તે પિત્ત, લોહીવિકાર, કફ અને તાવને મટાડનાર છે.

### દોષ

ચણા કોઢનો વધુ પ્રકોપ કરનાર હોઈ તેમજ પથરીના રોગીઓને નુકસાન કરે છે. તેથી તેમના માટે તેનું સેવન હિતકારી નથી. વળી ચણાનું વધુ પડતું સેવન પેટમાં વાયુ પેદા કરે છે તેથી આહારમાં તેનો અતિરેક ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.

### આહારમાં ઉપયોગ વખતે લેવાની કાળજીઓ

1. ચણામાં પ્રોટીન સૌથી વિશેષ પ્રમાણમાં છે. તેમાં ચૂનાનું તત્ત્વ પણ છે. પાણીમાં ભીંજવી ફણગાવેલા ચણામાંથી વિટામિન બી-1 મળે છે તેમજ ચણાનાં કુમળાં તાજાં પાનમાંથી વિટામિન બી અને સી મળે છે.
2. ચણાની તળેલી મસાલેદાર દાળ પણ બને છે.
3. કફ તથા પિત્તના રોગમાં ચણા ફાયદો કરે છે.
4. ચણાનાં પાનની ભાજી બનાવી ખાવાથી પિત્તજ્વર મટે છે.

### ઔષધીય ગુણ

1. ચણાના લોટમાં પાણી અને થોડું ઘી મેળવી શરીરે માલીશ કરવાથી શરીર ગૌર વર્ણનું અને તેજસ્વી બને છે.
2. ચણાના લોટને પાણીમાં રગડીને મધ મેળવી લગાડવાથી અંડકોષનો સોજો મટે છે.
3. ચણાના લોટમાં થોડું ગૂગળ અને હળદર મેળવી ગરમ કરી બાંધવાથી ગાંઠ કે બદનની ગાંઠ બેસી જાય છે.
4. ગોળની સહેજ ગરમ ચાસણીમાં ચણાનાં ફોતરાં મેળવી બાંધવાથી હાથ-પગનો મચકોડ મટી જાય છે.
5. ચણાનાં ફોતરાં અથવા તેનાં પાનનો ભૂકો ચલમમાં ભરીને પીવાથી ઠંડી લાગવાથી કે આમશયન વિકૃતિથી થયેલી હેડકી શાંત થાય છે.

# ચહેરા પરથી ડાઘ દૂર કરતાં અને સુંદરતા વધારવા ઉપયોગી બટાકા



### બટાકાના ગુણ

બટાકામાં ભરપૂર પ્રમાણમાં એન્ટિ ઓક્સિડન્ટ્સ જોવા મળે છે. જેથી ત્વચા યુવાન લાગે છે અને ગ્લો કરે છે. આ ઉપરાંત બટાકામાં રાઈબોફ્લેવિન, વિટામિન બી6, વિટામિન સી અને આયર્ન જેવાં જરૂરી પોષક તત્ત્વ પણ રહેલાં છે. જે સ્કિનને સુંદર બનાવવાની સાથે પોષણ પૂરું પાડવાનું કામ કરે છે.

### બટાકાના ફાયદા

યુવાન દેખાવું કોને ન ગમે? લોકો યુવાન દેખાવા વિવિધ પ્રકારની એન્ટિ એજિંગ ક્રીમ્સનો ઉપયોગ કરે છે. તમે જાણો છો? ચહેરા પરની કરચલીઓ દૂર કરવા બટાકાનો ઉપયોગ કરી શકાય છે. બટાકામાં રહેલા એન્ટિ ઓક્સિડન્ટ્સના પ્રભાવથી તમે રિંકલ્સમાંથી છુટકારો મેળવી શકો છો. આ ઉપરાંત બટાકામાં રહેલું તત્ત્વ ટેનિંગ દૂર કરવાનું કામ કરે છે.

### કાળાશ દૂર થશે

બટાકામાં આમ તો અનેક ગુણોનો ભંડાર છે. એમાં પોટેશિયમ પણ હોય છે. પોટેશિયમની કમાલથી ચહેરાની કાળાશ દૂર થઈ શકે છે. આ તત્ત્વ તમારા ચહેરા પરની કાળાશને દૂર કરવાનું કામ કરે છે. આ ઉપરાંત ડાર્ક સ્પોટ્સને પણ દૂર કરે છે. બટાકાના ઉપયોગથી તમે ડાઘરહિત ત્વચાનાં સિક્રેટને અનલૉક કરી શકો છો.

### ડલ સ્કિનમાંથી છુટકારો

તમે ગ્લોઈંગ સ્કિન ઈચ્છો છો તો બટાકાને છીણીને એનો રસ કાઢો. આ રસને કોટનની મદદથી ફેસ પર એપ્લાય કરી, હળવા હાથે મસાજ કરી પછી ચહેરા ઉપર વીસ મિનિટ સુધી એમ જ રહેવા દો. સુકાઈ જાય એટલે સાદા પાણીથી ચહેરો ધોઈ લો. બટાકાના રસને એપ્લાય કરવાથી ચહેરા પરની ડલનેસ દૂર થઈ જાય છે તથા ચહેરા પર ગજબનું નૂર આવી જાય છે.

### ડ્રાય સ્કિન

ઘણી યુવતીઓની ત્વચા ડ્રાય હોય છે, ડ્રાયનેસને દૂર કરવા વિવિધ પ્રકારની ક્રીમનો ઉપયોગ કરવામાં આવે છે. બટાકાનો ઉપયોગ કરવાથી એમાં રહેલાં ગુણકારી તત્ત્વોને કારણે ડ્રાય સ્કિનની સમસ્યા દૂર થઈ જાય છે.

### બટાકાનો ફેસપેક

ગ્લોઈંગ સ્કિન કોને ન ગમે? ઉત્તમ ગ્લો જોઈતો હોય તો બટાકાનો ફેસપેક બનાવીને ઉપયોગ કરી શકો છો. બટાકાની છાલ કાઢીને તેને છીણી લો. એમાં લીંબુનો રસ, દૂધ અને બેસન મિક્સ કરી લો. તેને ફેસ પર એપ્લાય કરી શકાય એ રીતે તૈયાર કરો. પછી ફેસ પર લગાવો. વીસ મિનિટ પછી ચહેરો ધોઈ લો. આ ઉપરાંત આ પેકમાં ઓટ્સ મિક્સ કરીને સ્ક્રબ પણ બનાવી શકો છો.

# કેનેડાની વસતીમાં 66 વર્ષમાં સૌથી ઝડપી વધારો

## સરકારે વિદેશી સ્ટુડન્ટની સંખ્યા પર અંકુશ લાદવા પ્રયાસ કર્યા છે, છતાં વસતી વધારાનો દર ઊંચો રહ્યો : કુલ વસ્તી 4 કરોડને પાર

**ઓટાવા**

અમેરિકાની જેમ કેનેડા પણ ઈમિગ્રન્ટ્સનો દેશ બની રહ્યો છે. છેલ્લા ૬૬ વર્ષમાં કેનેડાની વસતીમાં જે દરે વસતી વધારો નહોતો થયો તે વધારો ૨૦૨૩માં થયો છે. વર્ષ ૨૦૨૩માં કેનેડાની વસતી વધીને ૪.૦૭ કરોડ થઈ હતી જે એક રેકોર્ડ છે. ૨૦૨૩માં કેનેડામાં કુલ ૧૨.૭ લાખ લોકો આવ્યા હતા. એટલે કે ગયા વર્ષની તુલનામાં કેનેડાની વસતીમાં ૩.૨ ટકાનો વધારો થયો છે. છેલ્લે ૧૯૫૭માં કેનેડાની વસતીમાં આટલો ઉંચો ગ્રોથ જોવા મળ્યો હતો. કેનેડાની વસતી વધવામાં સ્ટુડન્ટ્સનો મોટો ફાળો છે. હવે સરકાર ધીમે ધીમે ઈમિગ્રન્ટ વિરોધી નીતિ અપનાવતી જાય છે. આ ઉપરાંત કેનેડામાં મકાનની અછત અને બેરોજગારી તથા મોંઘવારી જેવી સમસ્યાથી પણ લોકો પરેશાન છે.

કેનેડામાં મકાનના ભાવો અત્યંત વધી ગયા હોવાથી વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોની લોકપ્રિયતાને ફટકો પડયો છે. આ ઉપરાંત માથાદીઠ ઈકોનોમી જોવામાં આવે તો દેશનો જીડીપી ઘટયો છે. આ ઉપરાંત



માથાદીઠ ઉત્પાદકતામાં પણ ઘટાડો થયો છે તેવું બેન્ક ઓફ કેનેડાના આંકડા દર્શાવે છે. વર્ષ ૨૦૨૩માં કેનેડાની વસતીમાં જે ગ્રોથ થયો તેમાંથી મોટા ભાગનો ગ્રોથ આંતરરાષ્ટ્રીય માઈગ્રેશનને આભારી હતો. લગભગ ૯૭ ટકા ગ્રોથ માટે કાયમી અને ટેમ્પરરી ઈમિગ્રેશનને જવાબદાર ગણવામાં આવે છે. જ્યારે બાકીના ૨.૪ ટકા વસતીવધારા માટે કુદરતી કારણો જવાબદાર છે. કેનેડામાં સળંગ બીજા વર્ષે વસતીમાં તીવ્ર વધારો થયો છે અને નોન પર્મેનન્ટ રેસિડન્ટની વસતી વધી હોય તેવું આ ત્રીજું વર્ષ છે. લેટેસ્ટ આંકડા પ્રમાણે ૧ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ કેનેડામાં ૨૬.૬૧ લાખ નોન પર્મેનન્ટ રેસિડન્ટ વસવાટ કરતા હતા. તેમાંથી ૨૩.૩૨ લાખ લોકો પરમિટ હોલ્ડર હતા અને તેમના પરિવારના સભ્યોની સાથે રહેતા હતા જ્યારે ૩.૨૮ લાખ લોકો કેનેડામાં આશરો માગવા આવ્યા હતા. તેમાંથી કેટલાક પાસે સ્ટડી અને વર્ક પરમિટ હતી જ્યારે મોટા ભાગના કોઈ પણ જાતની પરમિટ વગરના હતા. કેનેડામાં દર વર્ષે નોન-પર્મેનન્ટ રેસિડન્ટ અને સ્ટુડન્ટના આગમન પર અંકુશ મુકાય તેવી શકયતા છે. જસ્ટિન ટ્રૂડો સરકારની વિરોધીઓ દ્વારા ટીકા કરવામાં આવ્યા પછી સરકારે સ્ટુડન્ટની સંખ્યા પર અંકુશ લાદી રહી છે. આમ છતાં ટકાવારીની રીતે કેનેડામાં વસતી વધારાનો દર ઊંચો જ રહેશે.

# પશ્ચિમ આફ્રિકામાં કોકોના પાકમાં રોગને કારણે ચોકલેટના ભાવ ત્રણ ગણાં વધ્યા

**ટોરોન્ટો**

ટોરોન્ટોના ધ ચોકલેટેરિયામાં ઈસ્ટરની સિઝન ચાલી રહી છે, જ્યાં દિવાલો બન્ની આકારની ચોકલેટ ટ્રીટ, રંગબેરંગી વરખમાં લપેટેલા ચોકલેટ ઈંડા અને મીની ચોકલેટ હેમર સાથે નાજુક “સ્મેશ” ઈંડા સાથે જોવા મળે છે. આવા સમયે ચોકલેટના ભાવ વધી ગયા છે. જેનું કારણ પશ્ચિમ આફ્રિકામાં કોકોના પાકમાં બીન રોગના ફેલાવાને કારણે છેલ્લા 12 મહિનામાં કોકોના ભાવ ત્રણ ગણા વધી ગયા છે, તેને માનવામાં આવે છે.

પશ્ચિમિ આફ્રિકામાં વૈશ્વિક કોકો પુરવઠાના 70 ટકાથી વધુનું ઉત્પાદન થાય છે. ધ ચોકલેટેરિયાના મેનેજર પ્રિસિલા ટેલોએ જણાવ્યું હતું કે, અમે અમારા કાચા માલના ભાવમાં નિયમિત વધારો જોયો છે, જેને કારણે અમારા માટે અમારી કિંમતો નીચે રાખવાનું મુશ્કેલ બન્યું છે. અમારા મોટાભાગના ગ્રાહકો સમજતા હોય છે. તેઓ જુએ છે કે બધું વધી રહ્યું છે. તેથી તેઓ સમજે છે કે શા માટે અમારા ભાવ વધી રહ્યા છે. સ્ટોરના એક ચોકલેટ સપ્લાયરે ગયા વર્ષે તેની કિંમતોમાં 11 ટકાનો વધારો કર્યો હતો. વૈશ્વિક ચોકલેટ ઉદ્યોગ કથિત રીતે $ 100 બિલિયન યુએસ કરતાં વધુ મૂલ્ય ધરાવે છે. પરંતુ મંગળવારે કોકોના ભાવ પ્રતિ મેટ્રિક ટન $10,000 યુએસના રેકોર્ડને આંબી જતાં, આ વર્ષે તમારી ઈસ્ટર ટ્રીટ્સ થોડી અલગ દેખાઈ તેવી શક્યતા છે.

યુનિવર્સિટી ઓફ વિક્ટોરિયાના આસિસ્ટન્ટ પ્રોફેસર સોફિયા કેરોડેનુટોના જણાવ્યા અનુસાર, આ વર્ષે કોકોનું ઉત્પાદન લગભગ 30 ટકા જેટલું ઓછું થયું છે.

# ટોરોન્ટોમાં ચોરીના વધુ 48 વાહનો જપ્ત કરાયા : 150 આરોપો ઘડાયા

**ટોરોન્ટો**

ટોરોન્ટામાં ચોરાયેલા વાહનોની હેરફેર, શિપિંગ અને રિ-વિનિંગ પર કેન્દ્રિત કરીને પોલીસે આરંભેલી તપાસમાં $ 4 મિલિયનથી ઓછી કિંમતના 48 વાહનો જપ્ત કરવામાં આવ્યા હતા. બુધવારે ટોરોન્ટોમાં એક ન્યૂઝ કોન્ફરન્સમાં પોલીસે પ્રોજેક્ટ સ્પેક્ટર અને પ્રોજેક્ટ પેરાનોઇડ તરીકે ઓળખાતી બે અલગ-અલગ પરંતુ સંબંધિત અન્ડરકવર તપાસની વિગતો આપી હતી. પોલીસે જણાવ્યું હતું કે, પ્રોજેક્ટ સ્પેક્ટર, નાર્કોટિક્સ અને ફાયર આર્મ્સની હેરફેરમાં સામેલ વ્યક્તિઓના નેટવર્કની તપાસ એપ્રિલ 2023માં શરૂ કરવામાં આવી હતી. તે તપાસ દરમિયાન પોલીસે જણાવ્યું હતું કે, એક અન્ડરકવર ઓપરેટર છ ગેરકાયદેસર હથિયારો અને ગેરકાયદે ડ્રગ્સનો જથ્થો ખરીદવામાં સફળ રહ્યો હતો.

પ્રોજેક્ટ સ્પેક્ટર દરમિયાન મળેલી માહિતીને કારણે ચોરાયેલા વાહનોની હેરફેર, શિપિંગ અને રી-વિનિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવેલી નવી તપાસ થઈ હતી. સ્ટાફ સુપ્રિ.. પૌલિન ગ્રેએ પત્રકારોને જણાવ્યું હતું કે, બે તપાસના સંબંધમાં સંયુક્ત 150 લોકો સામે આરોપો મુકવાયા છે.

# ‘ગુડ ફ્રાઈ ડે’ એટલે ઈસા મસીહનો બલિદાનનો દિવસ

*“ગુડ ફ્રાઈડે ‘એક એવો દિવસ છે તે દિવસે ઈસા મસીહે પોતાના ભક્તો માટે બલિદાન આપીને નિ:સ્વાર્થ પ્રેમની પરાકાષ્ઠાનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ રજુ કર્યુ હતું. ઈસાઈ ધર્મના પ્રવર્તક ઈસા મસીહને જે દિવસે શૂળી પર લટકાવ્યા હતા અને તેમણે પ્રાણ ત્યજી દીધા હતા. તેથી બાઈબલની માન્યતા મુજબ એ દિવસ શુક્રવાર મતલબ ગુડ ફ્રાઈડે હતો. તેથી આ દિવસને ગુડ ફ્રાઈડેના રૂપમાં મનાવવામાં આવે છે.

આ દિવસે ઈસુએ ધરતી પર વધી રહેલ અત્યાચાર અને પાપ માટે બલિદાન આપીને નિ:સ્વાર્થ પ્રેમની પરાકાષ્ઠાનું ઉદાહરણ રજુ કર્યુ હતું. તેથી ગુડ ફ્રાઈડેને “હોલી ફ્રાઈડે” અથવા ગ્રેટ ફ્રાઈડે પણ કહે છે. વળી અનેક લોકો તેને “બ્લેક ફ્રાઈડે “પણ કહે છે.

**ગુડ ફ્રાઈડેનો ઈતિહાસ :-** ગુડ ફ્રાઈડે મનાવવા પાછળની માન્યતા છે કે, લગભગ બે હજાર વર્ષ પહેલા એરુશલમ (જેરુસલેમ)ના ગૈલિની શહેરના નાઝરેથ નિવાસી ઈસા યુવાનોમાં અને લોકોમાં માનવતા, ભાઈચારો, એકતા અને શાંતિનો ઉપદેશ આપીને તેઓમાં પરમપિતા પરમેશ્વરમાં આસ્થા જગાવવા લાગ્યા. તે ખુદને “ઈશ્વરનો પુત્ર ‘કહેતા હતા. વળી તેઓ પરમેશ્વરના રાજ્યનું આગમન અને સ્થાપનાની વાતો કરતા હતા. તેમણે ધાર્મિક, અંધવિશ્વાસ ફેલાવનારા ધર્મગુરૂઓને’ માનવજાતિના શત્રુ” તરીકે ઓળખાવ્યા. ઈસુની



વધતી જતી લોકપ્રિયતા અને તેમના સંદેશાઓથી પરેશાન થઈને ધર્મગુરૂઓએ રોમન સૂબા પોન્તિયસ પિલાતના કાન ભંભેરવા શરૂ કરીને કહ્યું કે, “ઈસુ પોતાને ઈશ્વરપુત્ર ગણાવે છે. વળી, પરમેશ્વરનું રાજ્ય આવી રહ્યું છે તેવી લોકોને વાતો કરે છે. આ ભારે પાપ છે. પરંતુ ઈસુને ક્રોસ પર મારી નાખવાનો હુકમ કરનાર રોમન સૂબા પોન્તિયસ પિલાત બરાબર જાણતા હતા કે, આ ધર્મગુરુઓની ઈસુ પ્રત્યેની ઈર્ષ્યા જ છે.

**ઇસુના મૃત્યુ પહેલાનો અંતિમ સંદેશોઃ-** મૃત્યુ સમયે તેમના માર્મિક અને હૃદયગ્રાહી અંતિમ શબ્દો આ પ્રમાણે હતા. “હે ઈશ્વર ! તેમને ક્ષમા કરો, કારણ કે તેઓ નથી જાણતા કે તેઓ શું કરી રહ્યા છે! તેઓએ ઊંચા અવાજથી પરમેશ્વરને કહ્યું “હે પિતા ! હું મારા આત્માને તારા હાથમાં સોંપી રહ્યો છું. આમ જે સ્થાન પર ઈસા મસીહને સલીબ(શૂળી )પર ચઢાવવામાં આવ્યા હતા. બાઈબલ મુજબ એ સ્થાન ,”ગોલગોથા ‘નામની એક ઊંચી ટેકરી હતી.

**- ડો.જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક. (સંગીતકાર)**

# ઓન્ટેરિયોમાં મકાન બાંધકામનું સ્તર ઊંચું પરંતુ હજુ પણ લક્ષ્યાંક માટે ગતિ ધીમી

## બજેટમાં 80000 મકાન બાંધકામના અંદાજ સામે 88000થી વધુનું કામ પૂર્ણ થવાની આશા

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયોમાં નવા ઘર નિર્માણની ગતિ વધી રહી છે. જો કે તે હજુ પણ સરકાર માટે 2031 સુધીમાં 1.5 મિલિયન ઘરો બાંધવાથી દૂર હોવાનું મંગળવારે રજૂ કરાયેલા બજેટ ઉપરથી જણાયું હતુ. 2023ના બજેટમાં હાઉસિંગ સ્ટાર્ટ માટેના અંદાજમાં ઓન્ટેરિયો 2024માં 80,000 કરતાં ઓછા નવા ઘરો બાંધશે તેવો અંદાજ મુકાયો હતો. પરંતુ તે સંખ્યા હવે લગભગ 88,000 થવાની ધારણા છે.

ખાનગી ક્ષેત્રની આગાહીઓની સરેરાશના આધારે બજેટમાં અંદાજો મુજબ તે આંકડાઓ આગામી થોડા વર્ષોમાં ધીમી ગતિએ પરંતુ સતત વધતા રહેવા માટે પુરતા છે. 2027માં 95,800 સુધી આ આકંડો જઈ શકે છે.

જો કે, ઓન્ટેરિયોને આ વર્ષે ઓછામાં ઓછા 1,25,000 ઘરો બનાવવાની જરૂર છે. 1.5 મિલિયન ઘરો મેળવવા માટે દર વર્ષે ઓછામાં ઓછા 175,000 સુધીની રેમ્પિંગ કરવાની જરૂર છે. કારણ કે 10-વર્ષના સમયગાળાના પ્રથમ થોડા વર્ષોમાં પણ જરૂરી સ્તરો નીચે જોવા મળ્યા હતા.

પ્રોગ્રેસિવ કન્ઝર્વેટિવ સરકારની પોતાની ગણતરી પ્રમાણે તેણે 110,000 ઘરો બનાવવાના ગયા વર્ષના લક્ષ્યાંકના 99 ટકાને વાસ્તવમાં પૂર્ણ કર્યું હતું. જો કે, તે ફક્ત એટલા માટે છે, કારણ કે તેઓએ લાંબા ગાળાની સંભાળ પથારીને ઘર તરીકે ગણવાનું શરૂ કર્યું છે. તેમાંથી લગભગ 10,000 ગયા વર્ષે બનાવવામાં આવ્યા હતા. NDP લીડર મેરિટ સ્ટાઈલ્સે જણાવ્યું હતું કે સરકાર તેના આંકડાઓને કૃત્રિમ રીતે વધારવા માટે લાંબા ગાળાની સંભાળનો ઉપયોગ કરી રહી છે.

# ટોરોન્ટોમાં બાળકને કરડીને ખેંચી જનાર કુતરુ કબજે કરાયું, માલિકની પણ ધરપકડ

**ટોરોન્ટો**

ટોરોન્ટોમાં કૂતરાના હુમલા બાબતે આરોપ મુકવા આવેલી મહિલા કે જેમાં નવ વર્ષના બાળકને ગંભીર ઈજાઓ થઈ હતી તે અગાઉ એક બેજવાબદાર કૂતરા માલિક હોવાનું જાણવા મળ્યું છે. શનિવારે સવારે લેક શોર બુલવાર્ડ વેસ્ટ અને બાથર્સ્ટ સ્ટ્રીટ નજીકના રમતના મેદાનમાં એક પરિવાર ફરવા માટે નીકળ્યો હતો.

ત્યારે એક ખુલ્લા ગેટમાંથી બાળક તરફ એક કૂતરો ધસી આવ્યો હતો. જે બાદ કૂતરો બાળકને કરડીને જમીન પર ખેંચી ગયો હતો. જે બાદ બાળકના પિતા અને કૂતરાના માલિકે બાળકને છોડાવ્યો હતો. જે પછી કુતરાનો માલિક પણ તરત જ માલિક ભાગી ગયો હતો. આ ઘટનામાં પેટ્રિકજા સિયારેકની ધરપકડ કરવામાં આવી હતી અને તેના પર આરોપ મૂકવામાં આવ્યો હતો, અને એક કૂતરો જપ્ત કરવામાં આવ્યો હતો.

મંગળવારે સિયારેકને જામીન પર મુક્ત કરવામાં આવ્યો હતો. મહત્વનું છે કે, સિયારેક આ અગાઉ પણ કૂતરાના માલિક તરીકે બેજવાબદાર રહ્યા હતા. સબિતા સિંઘે આ અંગી મીડિયાને કહ્યું હતુ કે, તેણીએ 2021માં સિયારેક અને તેના પાર્ટનરને એક કોન્ડો ભાડે આપ્યો હતો. જે બાદ સિયારેકની માલિકીની કુતરાને લઈને અનેક ફરિયાદો ઉઠી હતી. આ મામલો કોર્ટ સુધી પણ પહોંચ્યો હતો. જેમાં કૂતરાઓને જાહેરમાં પટ્ટો બાંધવાનો આદેશ આપ્યો હતો.

# રાજ્યમાં ફરી સ્વાઈન ફ્લૂનો હાહાકાર અમદાવાદ ખાતે સૌથી વધુ કેસ નોંધાયા

## ગુજરાતમાં માર્ચ મહિનામાં નવા 380 કેસ નોંધાયા : 15 લોકોના મોત

**ગાંધીનગર**

ગુજરાતમાં હાલ સ્વાઈન ફ્લૂ હાહાકાર મચાવી રહ્યો છે. અચાનક જ સ્વાઈન ફ્લૂના કેસમાં ઉછાળો જોતાં આરોગ્ય તંત્ર પણ માથુ ખંજવાળતું થઈ ગયું છે. માર્ચ મહિનાના 25 દિવાસમાં જ આ રોગચાળાના 380 કેસ નોંધાઈ ચૂક્યા છે. સમગ્ર દેશભરમાં સ્વાઈન ફ્લૂના કેસમાં ગુજરાત રાજ્ય ચોથા ક્રમાંકે છે. આ રોગની ચપેટમાં આવેલા દર્દીઓમાંથી 15 લોકોને તેમનો જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો.




રાજ્યમાં સૌથી વધારે અમદાવાદમાં સ્વાઈન ફ્લૂના કેસ જોવા મળી રહ્યા છે.

રાજ્યભરમાં અગાઉ લોકોએ મિશ્ર ઋતુ અને કમોસમી વરસાદનો અનુભવ કર્યો હતો જેને કારણે સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત સહિત રાજ્યના મોટાભાગમાં લોકો વિવિધ બીમારીઓની ચપેટમાં આવી ગયા છે. તાજેતરમાં ઉનાળાના આકરા તાપ પડતાની સાથે જ સ્વાઈન ફ્લૂએ પણ માજા મૂકી છે.

અમદાવાદના સોલા સિવિલમાં છેલ્લા બે અઠવાડીયામાં વાઈરલ ઈન્ફેક્શનના ત્રણ હજારથી પણ વધુ કેસ નોંધાયા છે. શરદી, ઉધરસ અને તાવ જેવી ફરિયાદો બાળકોમાં વધુ જોવા મળી રહી છે અને ખાંસી લાંબો સમય સુધી રહેવાની પણ દર્દીઓ તરફથી ફરિયાદ મળી રહી છે.

# ગુજરાત રાજ્યના 26 સાંસદોએ પાંચ વર્ષમાં અડધું ફંડ જ વાપર્યું : ADR

**અમદાવાદ**

ગુજરાતના સંસદસભ્યો મતવિસ્તારના વિકાસ માટે આપવામાં આવેલી ગ્રાન્ટને વાપરવામાં પણ કંજુસાઈ કરતા હોય છે. એક રિપોર્ટ પ્રમાણે 26 સાંસદોએ પાંચ વર્ષમાં માત્ર 49.77 ટકા જ ફંડ વાપર્યું છે. એડીઆર, ગુજરાતના રિપોર્ટ પ્રમાણે 2019થી 2024ની ટર્મમાં આ વખતે એમપી લોકલ એરિયા ડેવલપમેન્ટ ફંડમાં ઘટાડો થયો છે. પાંચ વર્ષ માટે પ્રત્યેક સંસદસભ્ય પાસે 25 કરોડના બદલે માત્ર 17 કરોડની ફાળવણી કરાઈ હતી.

ગુજરાતના 26 સંસદસભ્યો હસ્તક 17 કરોડ લેખે કુલ રૂપિયા 442 કરોડ હતા, આ ફંડ દ્વારા તેઓ તેમના મત વિસ્તારમાં વિકાસના કામો માટે વાપરી શકતા હતા પરંતુ 26 સાંસદોએ માત્ર 354.99 કરોડ રૂપિયાના કામોની ભલામણ કરી હતી જે પૈકી 263.15 કરોડના કામો મંજૂર કરવામાં આવ્યા હતા. આ કામો માટે કૂલ 220 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે જે મળવાપાત્ર ફંડના માત્ર 49.77 ટકા થાય છે. સાંસદોએ જે કામોની ભલામણ કરી હતી તેમાં રેલવે-માર્ગ-બ્રિજ અને પથવે માટેની 5111 યોજનાઓમાં 114.81 કરોડ પીવાના પાણીની 1992 યોજનાઓ માટે 17.25 કરોડ, શિક્ષણની 1046 યોજનાઓ માટે 295 કરોડ આરોગ્યની 675 યોજનાઓ માટે 13.15 કરોડ મંજૂર કરવામાં આવ્યા હતા.

# અમદાવાદથી ટૂંક સમયમાં થાઈલેન્ડ, સાઉદી, મલેશિયાની સીધી ફ્લાઈટ શરૂ થશે

**અમદાવાદ**

ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) દ્વારા 31 માર્ચથી 26 ઑક્ટોબર, 2024 સુધીનું ઉનાળુ સમયપત્રક જાહેર કરવામાં આવ્યું છે. તેમાં અમદાવાદથી બેંગકોક, કુઆલાલંપુર અને જેદ્દાહ સહિતના આંતરરાષ્ટ્રીય સ્થળોની સીધી ફ્લાઈટ્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. સુત્રોના જણાવ્યા મુજબ "થાઈ એર થાઈલેન્ડના બેંગકોક માટે તેની વિકલી ફ્લાઈટ્સની ફ્રિકવન્સીમાં વધારો કરે તેવી શક્યતા છે. એર ઈન્ડિયા એક્સપ્રેસ પણ બેંગકોક માટે સીધી ફ્લાઈટ શરૂ કરશે. વધુમાં, એર એશિયા મલેશિયાના કુઆલાલંપુર માટે સીધી ફ્લાઈટ શરૂ કરે તેવી ધારણા છે જ્યારે અકાસા એર સાઉદી અરેબિયામાં જેદ્દાહ માટે સીધી ફ્લાઈટ શરૂ કરે તેવી શક્યતા છે."

# ગુજરાતની 6 આયુર્વેદ કોલેજોની માન્યતા એક સાથે રદ થઈ, નીચી ગુણવત્તાનું કારણ

**જામનગર**

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીએ રાજ્યની ઘણી આયુર્વેદિક કોલેજોમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે કડક પગલાં લીધાં છે. યુનિવર્સિટીએ આ વર્ષે અમદાવાદ, ગાંધીનગર, કલોલ, મહિસાગર, આણંદ અને ગોધરા જિલ્લામાં આવેલી 6 આયુર્વેદ કોલેજોને માન્યતા રદ કરવાનો નિર્ણય લીધો છે. જેમાં અમદાવાદની એક સરકારી કોલેજનો પણ સમાવેશ થાય છે.

ગુજરાતમાં આયુર્વેદિક કોલેજોમાં એજ્યુકેશન ક્વોલિટી સુધારવા માટે GAU (ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી) એક્શનમાં આવી છે. GAUએ અમદાવાદ ગાંધીનગર, આણંદ, કાલોલ, મહીસાગર અને ગોધરા જીલ્લામાં આવેલી 6 આયુર્વેદિક કોલેજો સાથેનું જોડાણ રદ કરવાનું નક્કી કર્યું છે.

જો કે સરકારી કોલેજો ઉપર ભાગ્યે જ જોવા મળતી આવી કાર્યવાહીથી અમદાવાદની અખંડાનંદ સરકારી આયુર્વેદ કોલેજમાં OPD અને IPD ત્રણ અલગ અલગ જગ્યાએ હોવાથી જોડાણ રદ કરવાનું નક્કી કર્યું છે. આ સિવાયની અન્ય પાંચ સેલ્ફ ફાયનાન્સ કોલેજોનું જોડાણ રદ કર્યું છે. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. મુકુલ પટેલે જણાવ્યું હતું કે પ્રોફેસરો અને લેબ સહિતની જરૂરી સુવિધાના અભાવે કોલેજો સામે કાર્યવાહી કરવી પડી હતી.

# અમદાવાદમાં IT વિભાગનો સપાટો, હોટલ અને ડેરી સાથે સંકળાયેલા ગ્રુપ પર દરોડા

**અમદાવાદ**

ગુજરાતમાં આવકવેરા વિભાગ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. શહેરના હોટલ અને ડેરીના વ્યવસાય સાથે સંકળાયેલા ગ્રુપ પર આવકવેરા વિભાગે દરોડા પાડ્યા છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ગોપાલ ડેરી અને રીવર વ્યુ હોટલ પર આ દરોડા પાડવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે અગાઉ આવકવેરા વિભાગ દ્વારા બિલ્ડર લોબી અને જ્વેલર્સને ગ્રુપ પર દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી. ગુજરાતમાં એક તરફ લોકસભા 2024ની ચૂંટણીનો માહોલ છે ત્યારે આવકવેરા વિભાગ શહેરમાં એક્શન મોડમાં આવ્યું છે. અમદાવાદ આવકવેરા વિભાગની ટીમ દ્વારા આ દરોડા પાડવામાં આવ્યા છે.

# ગુજરાતમાં ચૂંટણીપંચ સક્રિય : રોકડ, દારૂ સોનું-ચાંદી સહિત 42 કરોડની વસ્તુ જપ્ત

**અમદાવાદ**

રાજ્યમાં આચારસંહિતા ભંગ તેમજ ચૂંટણી ખર્ચ પર દેખરેખ માટે કંટ્રોલરૂમ શરૂ કરી દેવાયા છે. મતદારોને EPIC કાર્ડ સમયસર મળી જાય તે માટે જરૂરી સુચનાઓ આપી દેવામાં આવી છે. તેમજ કોઈપણ મતદારને મત આપવા માટે સમસ્યા ન સર્જાય તે માટે તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને નિર્દેશો આપી દેવામાં આવ્યા છે.લોકસભાની સામાન્ય ચૂંટણી અને વિધાનસભાની 05 બેઠકોની પેટાચૂંટણીઓ મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય



તે માટે મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા ભારતના ચૂંટણી પંચ દ્વારા નિર્દેશિત તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે. રાજકીય પક્ષો અને ઉમેદવારો માટે નક્કી કરવામાં આવેલી ખર્ચ મર્યાદા જળવાઈ રહે અને પ્રતિબંધિત વસ્તુઓની હેરફેર અટકે તે માટે ચૂંટણી ખર્ચ દેખરેખ અને નિયંત્રણ માટે રાજ્યમાં કાર્યરત 756 ફ્લાઈંગ સ્કવોડ્સ દ્વારા અત્યાર સુધીમાં રૂ.1.16 કરોડ રોકડ, રૂ. 7.37 કરોડની કિંમતનો 1.94 લાખ લીટર કરતાં વધુ દારૂ, રૂ. 11.44 કરોડની કિંમતનું 18.48 કિલો સોનું અને ચાંદી, રૂ.14 લાખની કિંમતનું 52.26 કિલો ચરસ અને ગાંજો તથા મોટરકાર, મોટર સાઈકલ, સીગારેટ, લાઈટર અને અખાદ્ય ગોળ સહિતની રૂ.22.50 કરોડની અન્ય વસ્તુઓ મળી કુલ રૂ.42.62 કરોડની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે.

# ગુજરાતમાં ભાજપને ટક્કર આપે એવાં ઉમેદવાર શોધવા કોંગ્રેસના હવાતિયાં

**અમદાવાદ**

લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે આજથી ઉમેદવારો તેમની ઉમેદવારી નોંધાવી શકશે. 4 એપ્રિલ ઉમેદવારી કરવાની અંતિમ તારીખ છે. 26 એપ્રિલે 12 રાજ્યની 88 લોકસભા બેઠક માટે મતદાન થશે અને 4 જૂને તમામ લોકસભા બેઠકનું પરિણામ આવશે. ત્યારે ગુજરાત કૉંગ્રેસે હજીપણ 7 લોકસભા ઉમેદવાર જાહેર કરવાના બાકી છે. અમદાવાદ પૂર્વ, મહેસાણા, સુરેન્દ્રનગર, રાજકોટ, જૂનાગઢ, વડોદરા અને નવસારી લોકસભા ઉમેદવારો જાહેર કરવાના બાકી છે. કોંગ્રેસે ગુજરાતમાં 17 ઉમેદવારોની જાહેરાત કરી છે. જ્યારે બે બેઠક આમ આદમી પાર્ટીને ગઠબંધનમાં આપી છે. પરંતુ હજુ સુધી સૌરાષ્ટ્રની જૂનાગઢ, રાજકોટ અને સુરેન્દ્રનગર બેઠક, ઉત્તર ગુજરાતની મહેસાણા અને અમદાવાદ પૂર્વ, જ્યારે મધ્ય ગુજરાતની વડોદરા અને દક્ષિણ ગુજરાતની નવસારી બેઠક બાકી છે. કોંગ્રેસ હજી ઉમેદવારોના નામ નક્કી કરી રહ્યું નથી. સેન્ટ્રલ ઈલેકશન કમિટીમાં નામો પર મહોરની શક્યતા હતી, પરંતુ કોંગ્રેસ હજી સુધી નામ નક્કી કરવામાં સફળ નીવડ્યુ નથી. એક તરફ ઢગલાબંધ નેતાઓ ભાજપમાં ભળી ગયા છે, તો બીજી તરફ અનેક નેતાઓએ ચૂંટણી લડવાની ના પાડી દીધી છે.

# ભાજપે ગુજરાતની તમામ સીટો માટે ઉમેદવારો કર્યા ફાઈનલ, નવી યાદીમાં 6 નેતાના નામ

**અમદાવાદ**

ભાજપે લોકસભા ચૂંટણી 2024 માટે ગુજરાતની તમામ બેઠકો માટે ઉમેદવારોના નામ ફાઈનલ કરી દીધા છે. રવિવાર 24મી માર્ચે સાંજે ભાજપે બાકીની 6 બેઠકો માટેના ઉમેદવારોના નામ પણ જાહેર કર્યા હતા. મહેસાણામાંથી હરીભાઈ પટેલ, સાબરકાંઠામાંથી શોભનાબેન મહેન્દ્રસિંહ બારૈયા, સુરેન્દ્રનગરમાંથી ચંદુભાઈ છગનભાઈ શિહોરા, જૂનાગઢમાંથી રાજેશભાઈ ચુડાસમા, અમરેલીથી ભરતભાઈ મનુભાઈ સુતરિયા, વડોદરામાંથી હેમાંગ યોગેશચંદ્ર જોષીને ટિકિટ આપવામાં આવી છે. જો કે, વડોદરા અને સાંબરકાંઠામાં હજી પણ વિરોધ જારી છે.

# ગુજરાતમાં ભાજપના 27 ટકા ઉમેદવારો મૂળ કોંગ્રેસી

## પક્ષપલટુઓ માટે ભાજપના કાર્યકર્તા-નેતાઓ પ્રચાર કરશે : અનેક બેઠક પર નારાજગી

**અમદાવાદ**

ભાજપની જાણીતી 'નો રિપીટ થિયરી'ને સાઈડમાં રાખીને આગામી લોકસભા ચૂંટણીમાં 26 બેઠકો પર માત્ર 14 સાંસદોને જ બદલ્યા છે બાકીના 12 જૂના ચહેરાઓને જ રિપીટ કર્યા છે. 2019ની લોકસભા ચૂંટણીમાં તમામ 26 એ 26 બેઠકો પર વિજય મેળવનારી ભાજપે 12 નવા ચહેરા સાથે ચૂંટણી મેદાને ઉતરશે. ભાજપમાં પક્ષપલટુ નેતાઓની હારમાળા સર્જાઈ છે. આ વચ્ચે હવે લોકસભા અને વિધાનસભાની પેટાચૂંટણી જીતવા માટે ભાજપને કોંગ્રેસના સહારાની જરૂર પડે છે. કોંગ્રેસના ઉમેદવાર વગર ભાજપની જીત શક્ય નથી. એટલે જ ભાજપે લોકસભા પહેલા મોટાપાયે ભરતી મેળો ચાલુ રાખ્યો છે. ભાજપના કાર્યકર્તાઓનું નસીબ એવું વાંકુ છે કે, જૂના જોગીઓ ઘરે બેસશે, અને કાર્યકર્તાઓ આયાતી ઉમેદવારો માટે પ્રચાર કશે. ગુજરાતમાં લોકસભામાં બાજપના 27 ટકા જેટલા ઉમેદવારો મૂળ કોંગ્રેસ પરિવારના છે. જે બતાવે છે કે, લોકસભાની ચૂંટણીમાં ભાજપ વર્સિસ કોંગ્રેસનો જંગ નહિ, પરંતુ કોંગ્રેસ વર્સિસ કોંગ્રેસનો જંગ થવાનો છે. લોકસભા પહેલા ભાજપ કોંગ્રેસયુક્ત બની ગયું છે. ભાજપના 26 બેઠકો પર જાહેર કરાયેલા ઉમેદવારોમાંથી 27 ટકા ઉમેદવારો મૂળ કોંગ્રેસી છે. 26 માંથી 7 ઉમેદવારો નાતો કોંગ્રેસ સાથે છે. જેમાં શોભનાબેન બારૈયા, ચંદુભાઈ શિહોરા, પ્રભુ વસાવા, દેવુસિંહ ચૌહાણ, ભરત ડાભી, વિનોદ ચાવડા, પુનમ માડમ સામેલ છે. જેમના ભૂતકાળના છેડા કોંગ્રેસ સાથે અડે છે.

**- પેટાચૂંટણી પણ કોંગ્રેસીઓના સહારે લડશે ભાજપ**

વિજાપુર,પોરબંદર, ખંભાત, માણાવદર અને વાઘોડિયા. ગુજરાતની આ પાંચ વિધાનસભાની સીટ પરની પેટા ચૂંટણીના ઉમેદવારો ભાજપે જાહેર કરી દીધા છે. ચહેરા એ જ છે. પાટલી બદલાઈ ગઈ છે. જે બતાવે છે કે, ભાજપ વિધાનસભાની પેટાચૂંટણી પણ કોંગ્રેસના ઉમેદવારના સહારે લડશે.

# ગુજરાતમાં ટીબીની ઘાતકતા યથાવત્, ત્રણ વર્ષમાં 18 હજારથી વધુ નાગરિકના મોત

## બે વર્ષમાં જ ટીબીના કેસમાં 25 ટકાનો વધારો, દરરોજ 16 વ્યક્તિ જીવ ગુમાવે છે

**અમદાવાદ**

કોરોના વાયરસની સાથે ટ્યુબરક્યુલોસિસ (TB)ની ઘાતકતા પણ ચિંતાજનક છે. ગુજરાતમાં એક વર્ષમાં 5700થી વધુ વ્યક્તિના ટીબીથી મૃત્યુ થયા હતા. આમ, રાજ્યમાં પ્રતિ દિવસે સરેરાશ 16 વ્યક્તિ ટીબીને કારણે જીવન ગુમાવે છે. છેલ્લા ત્રણ વર્ષમાં જ ગુજરાતમાં 18 હજારથી વધુ વ્યક્તિના મૃત્યુ થયા છે. આ વર્ષે 1 જાન્યુઆરીથી 23 માર્ચ દરમિયાન જ ટીબીના 22095 કેસ સરકારી હોસ્પિટલમાં જ્યારે 10434 કેસ



ખાનગી હોસ્પિટલમાં નોંધાયા છે. આ સ્થિતિએ ગુજરાતમાં આ વર્ષે ટીબીના દરરોજના સરેરાશ 399 નવા કેસ સામે આવ્યા છે. છેલ્લા બે વર્ષમાં જ ટીબીના કેસમાં 25 ટકાનો વધારો થયાનું સામે આવ્યું છે. ટીબીના દર્દીઓની સંખ્યા વધીને 1,44,715 થઈ હતી. વર્ષ 2022ના અંતે ટીબીના કુલ દર્દીઓ 1,51,912 નોંધાયા હતા. એમ, બે વર્ષમાં રાજ્યમાં ટીબીના દર્દીઓમાં 25 ટકાનો વધારો થયો છે. ગત વર્ષે જાન્યુઆરીથી ઓક્ટોબર સુધી ગુજરાતમાં ટીબીના કુલ 1,25,786 દર્દી હતા. આ મુજબ ગત વર્ષના છેલ્લા ત્રણ મહિનામાં જ 26126 દર્દીઓ નોંધાયા હોવાનું લોકસભાના અહેવાલ પરથી સામે આવે છે.

ગત વર્ષે ટીબીના સૌથી વધુ કેસ નોંધાયા હોય તેવા રાજ્યોમાં ઉત્તર પ્રદેશ 5.22 લાખ સાથે મોખરે છે.

# સુરેન્દ્રનગરના વિદ્યાર્થીનું ઓસ્ટ્રેલિયામાં મોત, દરિયામાં સ્નાન કરવા જતા ડૂબ્યો

**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર શહેરના જોરાવરનગર વિસ્તારમાં રહેતા અને ઓસ્ટ્રેલિયા અભ્યાસ કરતા જીલ ખોખરાનું મોત થયું હતું. દરિયામા નાહવા જતાં પાણીમાં ડુબવાથી મોત નિપજ્યું હતું. આજે જીલની ડેડબોડીના અંતીમ સંસ્કાર જોરાવરનગર તેમના નિવાસ સ્થાને કરવામાં આવશે. સાંજે અંતીમ સંસ્કાર માટે લોકો એકઠા થઈ રહ્યાં છે. હવે મુંબઈથી ડેડબોડી સુરેન્દ્રનગર લવાશે ત્યારે અંતીમ સંસ્કાર કરવામાં આવશે.

અગાઉ વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયાના પર્થ શહેરમાં રહેતા એક ભારતીય વિદ્યાર્થીનું કૂગી બિચ ખાતે ડૂબી જતા મૃત્યુ થયુ હતુ. મળતી માહિતી પ્રમાણે 33 વર્ષીય મૂળ ભારતના કેરાલા રાજ્યના કેવિન કેરિયાટ્ટીનું મોત નિપજ્યું હતું. કેવિન દરિયામાં ડૂબ્યો તેની તેના મિત્રને જાણ થતા તાત્કાલિક મદદ માટે બચાવદળને જાણ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે જ્યારે તેને પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યો ત્યારે તે બેભાન અવસ્થામાં હતો. તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જ્યાં તેને મૃત જાહેર કરાયો હતો.

# વડોદરાના પાટીયાપુરા પાસે પૂર્વ સરપંચનું ચાલુ કારે હાર્ટએટેક આવતા મોત

**વડોદરા**

પાટીયા પુરા ગામ પાસે વસવેલ ગામના પૂર્વ સરપંચને હાર્ટ એટેક આવતા તેમનું સારવાર દરમિયાન મોત થયું છે, સરપંચ પાટીયાપૂરા ગામ પાસે પહોચ્યાં તે દરમિયાન તેમને છાતીમાં દુખાવો ઉપાડતા સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવતા કાર કાંસમાં ખાબકી હતી, બાદમાં તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયાં ત્યા ફરજ પરના ડોકટરે તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ થતાની સાથે આસપાસના લોકો કાંસ પાસે આવી પહોચ્યાં હતાં.

# માતા-પિતા અને મોટી પુત્રી દ્વારા નાની દીકરીની હત્યા

**મોરબી**

વાંકાનેરના દિઘડીયામાં ચકચાર મચાવતી ઘટના સામે આવી છે. આ ગામની એક સગીર દીકરી રિંકલ ગોંડલિયાનું તેના માતા, પિતા અને બહેને જ મળીને હત્યા કરી નાંખી છે. આ સગીરાનો એક યુવક સાથે સંબંધ હતો. પરિવારે આ સગીરાને અનેકવાર તેની સાથે બોલવાની ના પાડી હતી. પરંતુ સગીરાએ તેમનું ન માનતા પરિવારે તેની હત્યા કરી નાંખી છે. જે બાદ આ હત્યાની જાણ અન્ય લોકોને ન થાય એટલે તેમણે આ સગીરાનું હાર્ટ એટેકના કારણે મોત થયાની વાત ઉપજાવી નાંખી હતી.

# બોટાદમાં ટ્રેન નીચે પડતું મુકી એક જ પરિવારના ચાર સભ્યોનો આપઘાત

**બોટાદ**

બોટાદમાં ટ્રેન નીચે પડતુ મુકી પિતા- પુત્રએ આપઘાત કર્યો હોવાની ઘટના સામે આવી છે. જેમાં મૃતક પિતા-પુત્ર રાણપુર તાલુકાના ધારપીપળા ગામના વતની હોવાનું જાણવા મળ્યુ છે. ઘટનાની જાણ થતા તાત્કાલિક રેલવે પોલીસે ઘટના સ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી છે. હજુ પિતા- પુત્રના આપઘાતનું કારણ જાણવા મળ્યુ નથી. બીજી તરફ આ અગાઉ પણ ટ્રેન નીચે પડતુ મુકીને એક પરિવારે આપઘાત કર્યો હતો.બોટાદના નિગાળા રેલવે મથક પર એક જ પરિવારના ૪ સભ્યોએ ટ્રેન નીચે પડતું મુકી આપઘાત કરી લેતા ચકચાર મચી હતી. આપઘાત કરનારામાં ૨ યુવતી અને ૨ પુરૂષો હોવાનુ સામે આવ્યું હતુ. ચારેય મૃતકોએ ભાવનગર-ગાંધીગ્રામ ટ્રેન નીચે કૂદીને મોતને વ્હાલ કર્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતુ કે આપઘાત કરનાર પરિવાર સખપર ગામનો રહેવાસી હતો. જેમાં મૃતકોમાં ૪૨ વર્ષીય મંગાભાઈ વિજુડા, ૧૯ અને ૧૭ વર્ષની બે પુત્રી, અને ૨૧ વર્ષીય પુત્ર હતો. સૂત્રોની માનીએ તો મંગાભાઈ ૧૦ દિવસ પહેલા જ જામીન પર છૂટીને આવ્યા હતા. જેમની સામે કૌટુંબિક ભાઈ સાથે મારામારી હેઠળ ગઢડા પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.

# દ્વારકામાં મોટી દુર્ઘટના ટળી, ગોમતી નદીમાં ફસાયેલા 40 ભક્તોનું રેસ્ક્યુ કરાયું

**દ્વારકા**

રાજ્યના વિવિધ ભાગોમાંથી આવેલા લગભગ 40 જેટલા શ્રધ્ધાળુંઓ દ્વારકાધીશનાં દર્શન કર્યા બાદ ગોમતી નદીમાં પગપાળા ચાલીને જઈ રહ્યા હતા. આ સમય દરમિયાન દરિયામાં ભરતી આવી જતા ગોમતીમાં પણ પાણીની આવક અચાનક વધી હતી, પણ આ બાતથી લોકો અજાણ હતા.શ્રધ્ધાળુંઓ ગોમતી નદીના પટમાંથી પરત આવી રહ્યા હતા તે સમય ભરતીનો હોવાથી પાણીનો પ્રવાહ વધુ હતો. જેના કારણે આ લોકો પાણીમાં ફસાયા હતા અને ડૂબવા લાગ્યા હતા. જો કે ફાયર વિભાગને તાત્કાલિક જાણ કરવામાં આવતા સ્થાનિક લોકોના સહયોગથી બોટ દ્વારા આ તમામ લોકોને બહાર કાઢી લેવામાં આવ્યા હતા.

# સુરેન્દ્રનગરમાં ભેંસ બહાર કાઢવા જતા 2 બાળકોના ડૂબી જવાથી મોત

**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લાના લીમડી તાલુકાના બળોલ ગામમાં ગુરૂવારે બે બાળકો તળાવમાં ડૂબી જવાથી મોત નિપજ્યા છે. બાળકો તળાવમાંથી ભેંસોને બહાર કાઢી રહ્યા હતા. આ દરમિયાન ઘટના બની હતી. જે પછી બંનેના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા.

જે પછી સુરેન્દ્રનગર જિલ્લા સિવિલ હોસ્પટિલમાં આ બંને બાળકોના મૃતદેહને બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે બગોદરા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યા હતા. બીજી તરફ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જેમાં બાળકોના નામ હર્ષદ બચુભાઈ ડાંગર, ઉંમર 15 વર્ષ અને પ્રવીણ મીઠાભાઈ ડાંગર હોવાનું બહાર આવ્યું હતું.

## પોલિટિક્સ ન્યૂઝ

# વડોદરા ભાજપમાં બળવાના એંધાણ : અગ્રણી કાર્યકર નવી પાર્ટી બનાવશે

શહેર ભાજપમાં વધુ એક સળગતો વિવાદ થયો છે. જેમાં ભાજપના અગ્રણી કાર્યકર નવી પાર્ટી બનાવશે. તેમાં સમગ્ર મામલે અરવિંદ સિંધાનું નિવેદન છે કે ભાજપ અને કોંગ્રેસના નારાજ કાર્યકરો સ્થાન અપાશે. ભાજપના અસંતુષ્ટ કાર્યકરો અમારા સંપર્કમાં છે. ભાજપની ભગિની સંસ્થા ભારતીય જનસંઘ પાર્ટી હશે. શ્યામાપ્રસાદ મુખર્જી કોંગ્રેસના નહેરુજીના સમયે મંત્રી હતા. તેઓએ હિન્દૂ વિચારધારા સાથે ભારતીય જનસંઘની સ્થાપના કરી હતી. જેમાં ભાજપ અને કોંગ્રેસના નારાજ કાર્યકરોને અમે પાર્ટીમાં સ્થાન આપીશું. મને પણ વાઘોડિયા વિધાનસભાના મીડિયા ઇન્ચાર્જ પદેથી કહ્યા વગર હટાવી દેવાયો છે. હાલ 11 ઉમેદવારો મૂળ કોંગ્રેસી કે અપક્ષ હોય તેવા લોકોને ભાજપે ટિકિટ આપી છે. કોંગ્રેસમાં ભાજપના કાર્યકરો આવે તો તેમને સ્થાન અપાય છે. ભાજપના હાલના સંગઠનની કાર્યશૈલીથી કાર્યકરોમાં અસંતોષ છે..

# ગુજરાતમાં પોસ્ટર કાંડ પાછળ ભાજપના કાર્યકર અને નેતાઓ : IBનો રિપોર્ટ

વડોદરામાં ભાજપને બદનામ કરવાની આ પ્રવૃત્તિમાં આઇ.બી.ને પણ તપાસ કરવા માટે જણાવવામાં આવ્યું હતું. આઇ.બી.એ એક ગુપ્ત અહેવાલ તૈયાર કરીને ગાંધીનગર મોકલી આપ્યો છે. જેમાં ભાજપના એક નેતા અને કાર્યકરની સંડોવણીની શંકા વ્યક્ત કરવામાં આવી છે. સંગમ ચાર રસ્તાથી હરણી વારસિયા રીંગ રોડ તરફ જતા રસ્તા પર આવતી ઝવેર નગર સોસાયટી, ગાંધી પાર્ક સોસાયટી, લલ્લુભાઇ પાર્ક સોસાયટી, વિસ્તારમાં કેટલાક બેનરો લગાડવામાં આવ્યા હતા. જે બેનરોમાં ભાજપના ઉમેદવાર રંજનબેન ભટ્ટ વિરૂદ્ધ પ્રચાર કરતા લખાણ હતા. વારસિયા પોલીસે આ ગુનામાં (૧) હરિશ ઉર્ફે હરિ છગનભાઇ ઓડ ( રહે. દુર્વા હાઇટ્સ, ડી - માર્ટની બાજુમાં ખોડિયાર નગર ચાર રસ્તા પાસે) (૨) ધ્રુવિત ભૂપેન્દ્રભાઇ વસાવા (રહે. યોગજીવન સોસાયટી, વૃંદાવન ચાર રસ્તા પાસે, વાઘોડિયા રોડ) તથા (૩) ફાલ્ગુન મનહરભાઇ સોરઠીયા (રહે. શિવાકૃતિ ટેનામેન્ટ, દંતેશ્વર) ને ઝડપી પાડયા હતા. જ્યારે અટલાદરા જતા રોડ પર ખિસકોલી સર્કલની રેલિંગ પર આગામી લોકસભાની ચૂંટણી અંતર્ગત કેટલાક વ્યક્તિઓએ બેનર લગાવ્યા હતા જેમાં પણ ત્રણ જણને પકડી પડાયા છે.

# સાબરકાંઠામાં ભાજપની સ્થિતિ બગડી કોંગ્રેસી-આયાતી ઉમેદવાર બદલવા માંગ

ઈડર દામોદર એરિયામાં ધારાસભ્યનું નિવાસ સ્થાન પોલીસ છાવણીમાં ફેરવાયું છે. એટલું જ નહીં હિંમતનગરમાં ઘર ઘર સંપર્ક અભિયાનના આયોજન માટે મળેલી બેઠકમાં આક્રોષિત કાર્યકરોએ ધારાસભ્ય રમણ વોરા સહિતના નેતાઓને ઘેરી ઉમેદવાર બદલવાની માગ કરી હતી. તો જિલ્લા પંચાયતના મહિલા સદસ્યએ ધારાસભ્ય પર આક્ષેપ કરતા કહ્યું કે, રમણ વોરાએ તેમને અપશબ્દો બોલી જ્ઞાતી વિશે અપમાનજનક શબ્દો બોલ્યા છે. મારે જિલ્લા પંચાયતનું કોઈ પદ નથી જોતું, હું રાજીનામું આપી દઈશ. તો રમણ વોરાએ બધાની વચ્ચે ઈડર તાલુકા સંગઠનના હોદ્દેદારને કહ્યું કે, તું મને સલાહ ના આપીશ. બુધવારે સાબરકાંઠા લોકસભા સીટના પ્રભારીની અધ્યક્ષતામાં હિંમતનગરમાં કચ્છ કડવા પાટીદાર સમાજવાડી ખાતે 'ઘર ઘર સંપર્ક અભિયાન'ને લઈને બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લા પંચાયતના સદસ્યોએ લોકસભાના ઉમેદવાર બદલવા રજૂઆત કરવા પહોંચ્યા હતા.

# ગુજરાતમાં અસદુદ્દીન ઓવૈસીની એન્ટ્રી પાર્ટી બે બેઠક ઉપર ઉતારશે ઉમેદવાર

અમદાવાદઃ AIMIM એ સોમવારે જણાવ્યું હતું કે પાર્ટી આગામી લોકસભા ચૂંટણીમાં ગુજરાતના ભરૂચ અને ગાંધીનગર બેઠક પરથી ચૂંટણી લડશે. ગાંધીનગર બેઠકનું પ્રતિનિધિત્વ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ કરે છે. ભરૂચ બેઠક પર હાલમાં ભાજપનો કબજો છે. 35 વર્ષ પહેલા અહીં કોંગ્રેસના અહમદ પટેલ સાંસદ હતા. લોકસભા ચૂંટણી 2024 ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીન (AIMIM) ગુજરાત એકમના પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય સાબીર કાબલીવાલાએ જણાવ્યું હતું કે, ઉમેદવારોના નામ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. ભરૂચ અને ગાંધીનગર બંને વિસ્તારોમાં નોંધપાત્ર પ્રમાણમાં મુસ્લિમ વસ્તી છે. આ વસતીને ધ્યાનમાં રાખીને AIMIMએ અહીંથી પોતાના ઉમેદવાર ઉતારવાનો નિર્ણય લીધો છે.

# આણંદમાં ત્રિપાંખિયો જંગ, NCPના પ્રદેશ પ્રમુખની ચૂંટણી લડવાની જાહેરાત

આણંદ લોકસભા બેઠક માટે ભાજપ દ્વારા મિતેશ પટેલને ટિકિટ આપવામાં આવી છે પણ હવે તેમના સ્થાને અન્ય ઉમેદવાર ઉતારવામાં આવશે તેવો ગણગણાટ રાજકીય વર્તુળોમાં સાંભળવા મળી રહ્યો છે. એવામાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)ના પ્રદેશ અધ્યક્ષ જયંત પટેલ (બોસ્કી)એ પણ આણંદ લોકસભા બેઠક પર ચૂંટણી લડવાની જાહેરાત કરી દીધી છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)ના પ્રદેશ અધ્યક્ષ જયંત પટેલ (બોસ્કી)એ પણ આણંદ લોકસભા બેઠક પર દાવેદારી નોંધાવી છે. જયંત પટેલ (બોસ્કી) એ સોશ્યલ મિડિયામાં પોસ્ટ મુકી આણંદ બેઠક પરથી ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. જેને પગલે હવે આણંદ બેઠક પર ભાજપના મિતેશ પટેલ, કોંગ્રેસના અમિત ચાવડા અને NCPના જયંત પટેલ (બોસ્કી) વચ્ચે ત્રિ-પાંખિયો જંગ જામશે.

# ભાજપનો મુખ્ય મહિલા ચહેરો સીતારમને ચૂંટણી લડવા ભણ્યો નનૈયો, કહ્યું 'પૈસા નથી'

જેપી નડ્ડાએ આંધ્રપ્રદેશ અથવા તમિલનાડુમાંથી ચૂંટણી લડવાનો વિકલ્પ આપ્યો હતો

**નવી દિલ્હી**

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે ભાજપ (BJP)ના લોકસભા ચૂંટણી લડવાના પ્રસ્તાવને ફગાવી દીધો છે. તેની પાછળનું કારણ જણાવતા તેમણે કહ્યુંકે તેમની પાસે લોકસભાની ચૂંટણી લડવા માટે 'જરૂરી ફંડ' નથી. ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ તેમને આંધ્રપ્રદેશ અથવા તમિલનાડુમાંથી ચૂંટણી લડવાનો વિકલ્પ આપ્યો હતો.



કેન્દ્રીય નાણામંત્રીની મોટી જાહેરાતએક કાર્યક્રમ દરમિયાન નિર્મલા સીતારમણે કહ્યું, "ઘણાં દિવસો સુધી વિચાર્યા પછી મેં જવાબઆપ્યો... કદાચ નહીં. મારી પાસે ચૂંટણી લડવા માટે આટલા પૈસા નથી, પછી તે આંધ્રપ્રદેશ હોય કે તમિલનાડુ જીતવા માટે અલગ અલગ માપદંડોનો પણ સવાલ છે. શું તમે આ સમુદાયથી છો કે એધર્મથી છો? તમે ક્યાંના છો? મને નથી લાગતું કે હું આ બધું કરવા સક્ષમ છું." ફંડ કેમ નથી. જણાવ્યું કારણ નિર્મલા સીતારમણે કહ્યું કે, "હું ખૂબ આભારી છું કે ભાજપના નેતૃત્વએ મારી અરજી સ્વીકારી તેથી જ હું ચૂંટણી લડી રહી નથી." જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે દેશના નાણામંત્રી પાસે ચૂંટણીલડવા માટે પૂરતું ભંડોળ કેમ નથી? તો તેમણે કહ્યું કે ભારતનું કોન્સોલિડેટેડ ફંડ તેમનું અંગત ફંડનથી. મારો પગાર, મારી કમાણી અને મારી બચત મારી છે, ભારતનો કોન્સોલિડેટેડ ફંડ મારું નથી.

## અટલ પેન્શન યોજના 'કાગળ પરનો વાઘ' કે 'રિટર્નની ગેરેન્ટી' ? : કોંગ્રેસ

**નવી દિલ્હી**

લોકસભા ચૂંટણી ટાણે કોંગ્રેસ અને BJP વચ્ચે અટલ પેન્શનયોજના મુદ્દે ભારે શબ્દ યુદ્ધ ચાલી રહ્યું છે. કોંગ્રેસ નેતા જયરામ રમેશે મોદી સરકારની યોજનાને'કાગળ પરનો વાઘ' કહેતા બંને પક્ષો વચ્ચે સોશિયલ મીડિયા પર ઉગ્ર નિવેદનબાજી શરૂ થઈ ગઈ છે. આ મામલે નાણામંત્રી નિર્મલા સીતારમન વચ્ચે વિવાદ શરૂ થઈ ગયો છે. એકતરફ કોંગ્રેસયોજનાની ખામીઓ ગણાવી રહી છે, તો બીજીતરફ નાણામંત્રી યોજનામાં રિટર્નથી લઈને ફાયદાગણાવી રહ્યા છે. જયરામ રમેશે યોજના પર ઉઠાવ્યા સવાલ અટલ પેન્શન યોજના સામે આંગળી ચીંધવાની શરૂઆત કોંગ્રેસ તરફથી થઈ છે.જયરામ રમેશે યોજના પર સવાલ ઉઠાવી કહ્યું કે, 'લગભગ એકતૃતીયાંશ સબસ્ક્રાઈબર, જેઓ યોજનામાં જોડાયા છે, પરંતુ તેમની મંજૂરી જ લેવામાં આવી નથી.અધિકારીઓએ પોતાનો ટાર્ગેટ પુરો કરવા માટે મંજૂરી લીધા વગર નામ જોડી દીધા છે. યોજનાના૪૩ ટકા સબસ્ક્રાઈબર 1000 રૂપિયાના પેન્શનના નાના સ્લેબમાં છે, તેથી આ લોકો ફિક્સ્ડપેન્શનના કારણે મોંઘવારી સામે લડી શકતા નથી.

## ફિલ્મ અભિનેતા ગોવિંદા શિંદે જૂથના શિવસેનામાં જોડાયા

**મુંબઈ**

અભિનેતા ગોવિંદા ગુરુવારે શિવસેનામાં જોડાયા હતા. તેમણે મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન એકનાથ શિંદેની હાજરીમાં પાર્ટીનું સભ્યપદ લીધું. આ પછી એવી અટકળો ચાલી રહી છે કે શિંદેની પાર્ટી તેમને મુંબઈ ઉત્તર પશ્ચિમ લોકસભા બેઠક પરથી ટિકિટ આપી શકે છે. જો આમ થશે તો તેઓ શિવસેનાના ઉમેદવાર અમોલ કીર્તિકર સામે ચૂંટણી લડશે લોકસભાની ચૂંટણીની તારીખ જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ રાજકારણ પણ ગરમાઈ રહ્યું છે. ફિલ્મ અભિનેતા ગોવિંદા ગુરુવારે શિવસેના (શિંદે જૂથ)માં જોડાયા હતા.

# INDIA એલાયન્સ મેં ફાઈટ, મૈં હી દુલ્હા હું રાઈટ, મહાગઠબંધન અંગે ભાજપનો કટાક્ષ

**નવી દિલ્હી**

લોકસભાની તારીખોની જાહેરાત થઈ ગયા પછી, હવે રાજકીય પક્ષો જોરદાર તૈયારીઓમાં લાગ્યા છે. એક તરફ ઉમેદવારોનાં નામ જાહેર થઈ રહ્યાં છે, તો બીજી તરફ ચૂંટણીપ્રચારની તૈયારીઓ તેજ છે. આ ચૂંટણી પર વિપક્ષ અને સત્તાધારી પક્ષ બંનેની 'બાજ' નજર છે. નરેન્દ્ર મોદીને અને ભાજપને સત્તા ઉપરથી દૂર કરવા વિપક્ષી ગઠબંધન 'ઈંડીયા'ની રચના કરાઈ, પરંતુ વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે અંદરો-અંદર જ ખેંચતાણ ચાલી રહી છે. એક તરફ બિહારના મુ.મં. નીતીશકુમારનું નામ આગળ કરાય છે, તો બીજી તરફ પ.બંગાળનાંમુ.મં. અને તૃણમૂલ સુપ્રીમો મમતા બેનર્જીનું કેટલાક નામ આગળ કરી રહ્યાં છે. હજી કોઈ નામ અંગે સહમતી સધાઈ નથી. આથી ભાજપે તેના વિડીયો પોસ્ટ




પર લખ્યું 'જુઓ ઈંડીયા ગઠબંધનની ફાઈટ, હું જ દુલ્હો છું રાઈટ ?' આ 'ભવ્ય નાટકના મુખ્ય કલાકાર છે રાહુલ ગાંધી, સોનિયા ગાંધી, રાજદ નેતા લાલુ યાદવ, તેજસ્વીયાદવ, તૃણમૂલ કોંગ્રેસ સુપ્રીમો મમતા બેનર્જી, ઉદ્ધવ ઠાકરે અને અરવિંદ કેજરીવાલ જેવા કેટલાયેનેતાઓ છે.'

## સીએમ પેમા ખાંડુ સહિત ભાજપના ૫ ઉમેદવારોની જીત લગભગ નક્કી

**ઈટાનગર**

અરુણાચલ પ્રદેશમાં મતદાન પહેલા જ સીએમ પેમા ખાંડુ સિહત ભાજપના ૫ ઉમેદવારોની જીત લગભગ નક્કી થઈ ગઈ છે. વાત જાણે એમ છે કે આ ઉમેદવારોની સામે કોઈ ઉમેદવાર ઊભા રહ્યા નથી. કોઈ પણ ઉમેદવારે તેમના વિરુદ્ધ નામાંકન દાખલ કર્યું નથી. અત્રે જણાવવાનું કે અરુણાચલ પ્રદેશમાં ૧૯ એપ્રિલના રોજ વિધાનસભાની ૬૦ બેઠકો માટે મતદાન થવાનું છે. અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુના મુક્તો વિધાનસભા વિસ્તારથી નિર્વિરોધ ચૂંટાઈ આવે તેવી સંભાવના છે. એટલું જ નહીં ભાજપના અનેક અન્ય ઉમેદવારો પણ અલગ અલગ વિધાનસભા સીટથી નિર્વિરોધ ચૂંટાઈ શકે છે.

## કોણે આપ્યા ભારત માતા કી જય અને જય હિંદના નારા : CMના નિવેદન પછી વિવાદ

**હૈદરાબાદ**

કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયનના નિવેદન પછી નવો વિવાદ શરુ થયો છે. પિનરાઈ વિજયએ સોમવારે કહ્યું હતુંકે, 'ભારત માતા કી જય' અને 'જય હિંદ'ના નારા સૌથી પહેલા બે મુસ્લિમોએ લગાવ્યા હતા. તેમણે કટાક્ષ કરતાં કહ્યું કે, (RSS) સંઘ પરિવારના લોકો આ નારાનો ઉપયોગ કરવાનું બંધ કરશે કે નહીં તે ખબર નથી, કારણ કે આ નારો એક મુસ્લિમે લગાવ્યો હતો. વિજયનએ કેરળમાં મલપ્પુરમમાં વિવાદાસ્પદ નાગરિકતા (સુધારા) કાયદા (CAA) વિરુદ્ધ એક રેલીને સંબોધિત કરતાં આવો દાવો કર્યો હતો. તેમણે કહ્યું કે, આબિદ હસન નામના જૂના રાજદ્વારીએ સૌપ્રથમ 'જય હિન્દ'નો નારા લગાવ્યો હતો.

## પોલિટિક્સ ન્યૂઝ

### દિલ્હી સરકાર જેલમાંથી ચલાવી ન શકાય' લેફ્ટે. ગવર્નર વી.કે. સક્સેનાની સ્પષ્ટ વાત

**નવી દિલ્હી :** આપ નેતાઓએ કહ્યું હતું કે, કેજરીવાલ સળીયા પાછળ હોવા છતાં રાજ્યના મુખ્યમંત્રી પદે તો ચાલુ જ રહ્યા છે અને તેઓ જેલમાંથી પણ સરકાર ચલાવી શકે. આ તબક્કે તે પણ ઉલ્લેખનીય છે કે કેજરીવાલે જેલમાંથી જ બે મહત્વના હુકમો તો જારી કરી જદીધા હતા. પરંતુ લેફ્ટેનન્ટ ગવર્નર વી.કે. સક્સેનાએ તેનો અમલ અટકાવી દીધો હતો. તેઓએસ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે જેલમાંથી સરકાર ચલાવી જ ન શકાય. તે સર્વવિદિત છે કે, આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના મુખ્ય મંત્રી અરવિંદ કેજરીવાલનીદિલ્હી સરકારની એક્સાઈઝ પોલીસી અને તે ઉપરાંત મનીલોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરે ૨૧મી માર્ચે ધરપકડ કરી હતી. પછી અહીંની કોર્ટે તેઓની ઉક્ત એજન્સીની દિલ્હીના ઉપરાજ્યપાલ વી.કે. સક્સેના એ એક કાર્યક્રમમાં બોલતાં કહ્યું હતું કે, 'હું દિલ્હીના લોકોને ખાતરી આપું છું કે, દિલ્હી સરકાર જેલમાંથી ચાલી જ ન શકે.'

### લોકસભાની ચૂંટણી માટે ભાજપ દ્વારા 7મી યાદી જાહેર, અમરાવતીમાં નવનીત રાણા




**નવી દિલ્હી :** લોકસભા ચૂંટણી 2024 માટે ભાજપે વધુ એક યાદીજાહેર કરી છે. ભાજપે બુધવારે પોતાની સાતમી યાદીમાં બે ઉમેદવારોના નામની જાહેરાત કરી છે.ભાજપે મહારાષ્ટ્રની અમરાવતી બેઠકથી શ્રીમતી નવનીત કૌર રાણાને મેદાનમાં ઉતાર્યા છે.કર્ણાટકના ચિત્રદુર્ગ બેઠકથી ગોવિંદ કરજોલને ઉમેદવાર બનાવ્યા છે. જણાવી દઈએ કે, ભાજપે મંગળવારે લોકસભા ચૂંટણી માટે છઠ્ઠી યાદી જાહેર કરી હતી. જેમાં ત્રણઉમેદવારોના નામની જાહેરાત કરી હતી. મણિપુર સરકારમાં મંત્રી થૌનાઓજમ બસંત કુમાર સિંહનેઆંતરિક મણિપુર બેઠક પરથી મેદાનમાં ઉતારાયા છે. રાજસ્થાનના દૌસાથી કનૈયાલાલ મીણાનાનામની જાહેરાત કરાઈ છે. જ્યારે કરૌલી-ધૌલપુરથી ઈન્દુ દેવી જાટવને ટિકિટ અપાઈ છે.

### કેજરીવાલની ધરપકડના બીજા દિવસે સાંસદ સુશીલ કુમાર રિંકુ ભાજપને શરણે

**ચંડીગઢ :** લોકસભા ચૂંટણી પહેલા પંજાબમાં આમ આદમી પાર્ટીનો મોટો ઝટકો લાગ્યો છે. દિલ્હીના મુખ્યમંત્રીઅરવિંદ કેજરીવાલની ધરપકડના બીજા જ દિવસે પંજાબમાં AAPના એક માત્ર સાંસદ સુશીલકુમાર રિંકુ અને જાલંધર ઈસ્ટના ધારાસભ્ય શીતલ અંગુરાલભાજપ જોડાઈ ગયા છે. આપે રિંકુને ટિકિટ આપવાની પણ જાહેરાતકરી હતી. અગાઉ બંને નેતાઓ ભાજપમાં જોડાવાની અટકળો વહેતી હતી, જોકે તે દરમિયાન બંનેનેતાઓએ અટકળોને માત્ર અફવા કહી હતી. અગાઉ પંજાબમાં કોંગ્રેસના નેતા રવનીત બિટ્ટુએપક્ષમાંથી રાજીનામું આપી ભાજપમાં જોડાઈ ગયા હતા. પંજાબમાં આમ આદમી પાર્ટી ને કોંગ્રેસ બંને એકલા હાથે ચૂંટણી લડવાના છે. એવું કહેવાય છે કે,સુશીલ કુમાર રિંકુ અગાઉ કોંગ્રેસમાં હતા અને તેમણે 2017માં જાલંધર પશ્ચિમ બેઠક પરથીવિધાનસભા ચૂંટણી જીતી હતી. આમ આદમી પાર્ટીએ જાલંધર બેઠક પર 2023માં યોજાયેલી પેટા-ચૂંટણીમાં રિંકુને ઉમેદવાર બનાવ્યા હતા.

### ચૂંટણી પહેલા કોંગ્રેસને ફટકો, સાવિત્રી જિંદાલે પણ છોડ્યો કોંગ્રેસનો હાથ

**નવી દિલ્હી :** લોકસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ કોંગ્રેસને એક બાદ એક ફટકા સહન કરવાનો વારો આવી રહ્યો છે. વિવિધ રાજ્યોમાં કોંગી નેતાઓ દ્વારા પક્ષપલટો કરવામાં આવી રહ્યો છે. ત્યારે હવે ભારતની સૌથી અમીર મહિલા અને દેશના ટોચના અમીરોની યાદીમાં સામેલ સાવિત્રી જિંદાલે કોંગ્રેસ છોડવાની જાહેરાત કરી છે. ટ્વિટર પર કરી જાહેરાત સાવિત્રી જિંદાલે બુધવારે ટ્વિટર પ્લેટફોર્મ પર એક પોસ્ટ દ્વારા જાહેરાત કરતા જણાવ્યું કે મેં ધારાસભ્ય તરીકે 10 વર્ષ સુધી હિસારના લોકોનું પ્રતિનિધિત્વ કર્યું છે અને મંત્રી તરીકે હરિયાણા રાજ્યની નિ:સ્વાર્થ સેવા કરી છે. હિસારના લોકો મારો પરિવાર છે અને મારા પરિવારની સલાહ પર હું આજે કોંગ્રેસ પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી રહી છું. તેમણે આગળ લખ્યું કે હું કોંગ્રેસ નેતૃત્વ અને મારા તમામ સાથીદારોના સમર્થન માટે હંમેશા આભારી રહીશ જેમણે હંમેશા મને તેમનું સમર્થન અને સન્માન આપ્યું.

### મમતા પર ટિપ્પણી કરનારા ભાજપ નેતા દિલીપ ઘોષને હવે પાર્ટીએ નોટિસ ફટકારી

**કોલકાતા :** પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી અંગેવિવાદિત ટિપ્પણી કરનારા ભાજપ નેતા દિલીપ ઘોષને હવે પાર્ટીએ નોટિસ ફટકારી છે. નોટિસજારી કરીને ભાજપે ઘોષના નિવેદનો પર નારાજગી વ્યક્ત કરી હતી અને આ સાથે તેમની પાસેથી સ્પષ્ટતા પણ માંગી છે. ભાજપે નોટિસમાં શું કહ્યું ભાજપે નોટિસ જારી કરીને કહ્યું કે, 'તમારું નિવેદન અભદ્ર અને અસંસદીય છે. પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જગતપ્રકાશ નડ્ડાની સૂચના મુજબ કૃપા કરીને આ અંગે વહેલી તકે સ્પષ્ટતા કરો અને યોગ્ય પગલાં લો. TMCએ ECIને ફરિયાદ કરી હતી ખરેખર ભાજપ નેતા દિલીપ ઘોષે મમતા બેનરજી અંગે વિવાદિત નિવેદન આપતાં કહ્યું હતું કેમમતા બેનરજી ક્યારેક પોતાને ગોવાની દીકરી કહે છે તો ક્યારેક ત્રિપુરાની દીકરી. તેમણે એ જણાવવું જોઈએ કે તેમના અસલી પિતા કોણ છે. ગમે તેની દીકરી બનવું યોગ્ય નથી. દિલીપ ઘોષના આ નિવેદનને મહિલાઓની ઓળખ સાથે જોડીને ટીએમસીએ ચૂંટણી પંચને ફરિયાદ કરી હતી.

# માફિયા ડોન મુખ્તાર અંસારીનું કાર્ડિયક અરેસ્ટથી મોત, ઉત્તર પ્રદેશના તમામ જિલ્લામાં હાઈએલર્ટ

## મુખ્તારને ધીમુ ઝેર અપાયું હોવાનો જેલ તંત્ર પર પરિજનો દ્વારા આક્ષેપ

**લખનઉ**

ઉત્તર પ્રદેશની બાંદા જેલમાં સજા ભોગવી રહેલા માફિયા અને પૂર્વ ધારાસભ્ય મુખ્તાર અંસારીનું કાર્ડિયક એરેસ્ટથી મોત થયું હતું. મુખ્તારને ઉલ્ટી થયા બાદ તે બેહોશ થઈ ગયો હતો. ત્યારબાદ તેને તુરંત રાની દુર્ગાવતી મેડિકલ કૉલેજમાં ઈમરજન્સી વૉર્ડમાં ખસેડાયો હતો. જોકે ૯ ડૉક્ટરની ટીમે ઘણા પ્રયાસો કરવા છતાં તેનું કાર્ડિયક એરેસ્ટથી મોત થયું છે. તો બીજીતરફ મંગળવારે પરિવારજનોએ



મુખ્તારને ધીમુ ઝેર અપાયું હોવાનો જેલ તંત્ર પર આક્ષેપ કર્યો હતો. આ ઉપરાંત મુખ્તારે પણ પોતાને ધીમુ ઝેર આપતા હોવાનો જેલ વહિવટીતંત્ર પર આક્ષેપ કર્યો હતો.

અગાઉ મંગળવારે પણ તેની તબિયત લથડતા રાની દુર્ગાવતી મેડિકલ કૉલેજમાં દાખલ કરાયો હતો. તેને સ્ટૂલ સિસ્ટમની સમસ્યા હતી. તેને આઈસીયુમાં રાખી 14 કલાક સારવાર કરાઈ હતી. મંગળવારે મેડિકલ ચેકઅપ દરમિયાન મુખ્તાર અંસારીના પેટનું બે વખત એક્સરે અને બ્લડ સેમ્પલ કલેક્ટ કરાયું હતું. રિપોર્ટમાં તેનું સુગર, સીબીસી, એલએફટી (લિવર ફંક્શન ટેસ્ટ), ઈલેક્ટ્રોલાઈટ (સોડિયમ, પોટેશિયમ, કૈલ્શિયમ)ની તપાસ કરાઈ હતી. રિપોર્ટ આવ્યા બાદ તેને હોસ્પિટલમાંથી રજા આપી ફરી જેલ ભેગો કરાયો હતો. ડીસી એસ.એન.સાબતે કહ્યું હતું કે, મુખ્તાર અંસારી રોઝો રાખતો હતો. ગુરુવારે રોજા રાખ્યા બાદ તેની અચાનક તબીયત લથડી હતી. અન્સારીના અવસાન બાદ યુપીના તમામ જિલ્લામાં હાઈએલર્ટ જાહેર કરાયું હતું.

# ચૂંટણી પહેલા નક્સલવાદ પર મોટો પ્રહાર છત્તીસગઢમાં એન્કાઉન્ટરમાં 6 નક્સલી ઠાર

**રાયપુર**

લોકસભા ચૂંટણી પહેલા નક્સલવાદ પર મોટો પ્રહાર કરવામાં આવ્યો છે. છત્તીસગઢના બીજાપુરમાં સૈનિકો અને નક્સલવાદીઓ વચ્ચે ભીષણ એન્કાઉન્ટર થયુ હતું. આ એન્કાઉન્ટરમાં જવાનોએ ગોળીબાર કરીને 6 નક્સલીઓને ઠાર મરાયા છે. આ ઘટનાની પુષ્ટિ એસપી જિતેન્દ્ર કુમાર યાદવે કરી છે.

એન્કાઉન્ટરમાં 6 નક્સલી ઠાર મરાયા હતા. છત્તીસગઢના બીજાપુરના બાસાગુડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ થઈ હતી. સુરક્ષા દળોની ટીમમાં કોબરા 210, 205, CRPF 229બટાલિયન અને DRGની સંયુક્ત ટીમે આ કાર્યવાહી કરી છે. જવાનોએ જંગલમાં નક્સલીઓ પર જોરદાર ગોળીબાર કર્યો હતો. જવાનો દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં 6 નક્સલવાદીઓ માર્યાગયા હોવાના સમાચાર સામે આવી રહ્યા છે. આ એન્કાઉન્ટર બાદ બાસાગુડાના જંગલમાં સૈનિકોએ સર્ચ દરમિયાન નક્સલવાદીઓના મૃતદેહો મેળવી લીધા છે. છત્તીસગઢના બીજાપુર જિલ્લાના બાસાગુડા વિસ્તારમાં હોળીના તહેવારના દિવસે ત્રણ ગ્રામીણોની અજાણ્યા લોકો દ્વારા કુહાડીથી હુમલો કરીને તેમની હત્યા કરી નાખવામાં આવી હતી.

# રેલવે મંત્રીએ બુલેટ ટ્રેન માટે બનાવેલી ખાસ ટ્રેકની ઝલક ટ્વીટર પર શેર કરી

**મુંબઈ**

રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે ભારતની પ્રથમ બુલેટ ટ્રેન માટે બનાવવામાં આવી રહેલા ખાસ પ્રકારના ટ્રેકની પ્રથમ ઝલક બતાવી છે. તેમણે તેમના એક્સ હેન્ડલ પરથી આને લગતો એક વીડિયો પોસ્ટ કર્યો છે. જેમાં તેમણે દેશના પ્રથમ બેલાસ્ટલેસ ટ્રેકની વિશેષતાઓ સમજાવી હતી. ગુજરાત-મુંબઈ વચ્ચે બની રહેલા આ ટ્રેક વિશે વિગતવાર માહિતી વિડીયોમાં આપવામાં આવી છે. આ ઉપરાંત બુલેટ ટ્રેન દોડવાના દ્રશ્યો પણ એનિમેટેડ રીતે સામેલ કરવામાં આવ્યા છે અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે 'મેક ઈન ઈન્ડિયા' હેઠળ બનેલા આ ટ્રેક બેલાસ્ટલેસ છે. એટલે કે એવા ટ્રેક જેને હાઈ-સ્પીડ ટ્રેનોના વજનને સહન કરવા માટે ટ્રેકમાં કાંકરી અને કોંક્રીટના એંગલની જરૂર પડતી નથી. વૈષ્ણવે જણાવ્યું કે આ ટ્રેક પર સ્પીડ 320 કિમી પ્રતિ કલાકની હશે. જેમાંથી 153 કિલોમીટર વાયડક્ટનું કામ પૂર્ણ થયું છે. આ ઉપરાંત 295.5 કિમીનું પીયર વર્ક પણ પૂર્ણ કરવામાં આવ્યું છે. વિડિયોમાં દેખાય છે કે આ ચોક્કસ ટ્રેક સિસ્ટમ છે. જેમાં જે સ્લેબ બેલાસ્ટલેસ ટ્રેક સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ ટ્રેક સિસ્ટમ મુખ્યત્વે ચાર ભાગો ધરાવે છે.

# નવી દિલ્હીમાં ડ્રગ કાર્ટેલનો ભાંડાફોડ, 100 કરોડના હેરોઈન સાથે 4 આરોપીઓ ઝબ્બે

## મ્યાનમારથી દેશના કેટલાય ભાગોમાં કેફી દ્રવ્યો પુરા પડાતો હોવાનો પોલીસનો દાવો

**નવી દિલ્હી**

દિલ્હી પોલીસના સ્પેશયલ સેલે એક આંતરરાજ્ય નાર્કોટિક ડ્રગ કાર્ટેલનો ભાંડો ફોડી૧૫ કિલો હેરોઈન પકડયું છે. આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત ૧૦૦ કરોડ રુપિયા છે. સ્પેશયલસેલના ડીસીપી અમિત કૌશિક મુજબ મણિપુર, આસામ, પશ્ચિમ બંગાળ અને દિલ્હીમાંએકઆંતરરાજ્ય માદક પદાર્થ ગેંગ સક્રિય છે. આ ગેંગ મ્યાનમારથી દિલ્હી સહિત દેશના કેટલાયભાગોમાં હેરોઈન પૂરુ પાડે છે.

પોલીસને ૨૧ માર્ચના રોજ સૂચના મળી હતી કે આ કાર્ટેલના સભ્યો દિલીરામ, પ્રકાશ પોડયેલ અનેઅર્જુને મણિપુરમાંથી દાજૂ કુકી ઉર્ફે રાજુ પાસેથી હેરોઈનનો મોટો જથ્થો લીધો હતો. તે હેરોઇનનોઆ મોટો જથ્થો દિલ્હી રાજઘાટમાં બસ ડેપોની પાસે કોઈને આપનારા હતા.

પોલીસે જાળ બીછાવી અને તેઓની ધરપકડ કરી તેમની પાસેથી ૧૫ કિલોગ્રામ હેરોઈન જપ્ત કર્યુ.આ હેરોઈનની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં ૧૦૫ કરોડ રુપિયા થાય છે.

આરોપીઓની ઓળખ દિલીરામ, પ્રકાશ અને અર્જુનના સ્વરુપમાં થઈ. આરોપીઓએ પૂછપરછમાંજણાવ્યું હતું કે તેઓ ડ્રગ સિન્ડિકેટના સભ્ય છે અને મ્યાનમારમાંથી ભારત સહિત કેટલાયભાગોમાં ડ્રગ્સનો પુરવઠો પૂરો પાડે છે. તેઓ છેલ્લા ત્રણ વર્ષથી હેરોઈનની દાણચોરી કરી રહ્યા છે.તે પશ્ચિમબંગાળ, બિહાર અને દિલ્હી એનસીઆરની કેટલીય પાર્ટીમાં ડ્રગ્સનો પુરવઠો પૂરો પાડી ચૂક્યા છે.

# ભારત દેશમાં બેરોજગાર શિક્ષિત યુવાનોનો આંકડો વધુ ઉંચે પહોંચ્યો : અહેવાલ જાહેર

**નવી દિલ્હી**

વૈશ્વિક આર્થિક મંદિને પગલે દુનિયાભરમાં બેરોજગારીનુંપ્રમાણ વધારે છે ત્યારે ભારત દેશ પણ તેમાંથી બાકાત નથી. દેશમાં બેરોજગારીની સમસ્યા મોટી છેઅને તે દિવસેને દિવસે વધી રહી છે. કોવિડ મહામારી પછી દેશમાં બેરોજગારી વધી છે અને અનેક કંપનીઓ મોટા પ્રમાણમાં છટ્ટણીઓ કરી રહી છે ત્યારે ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (ILO) અને ઈન્સ્ટિટ્યૂટ ફોર હ્યુમન



ડેવલપમેન્ટ (IHD) દ્વારા સંયુક્ત રીતે ઈન્ડિયાએમ્પ્લોયમેન્ટ રિપોર્ટ 2024 જાહેર કર્યો છે. જેમાં ભારતમાં બેરોજગારોમાં લગભગ 83 ટકા જેટલાતો માત્ર યુવાનો જ છે. આમાં પણ મોટાભાગના યુવાનો શિક્ષિત છે.

દેશના કુલ બેરોજગાર યુવાનોમાં શિક્ષિત બેરોજગારોની સંખ્યા 2000ની સરખામણીએ હવે બમણી થઈ ગઈ છે. વર્ષ 2000માં શિક્ષિત યુવાનો બેરોજગારોની સંખ્યા કુલ યુવા બેરોજગારના 35.2 ટકા હતી. વર્ષ 2022માં તે વધીને 65.7 ટકાથઈ ગઈ છે. આમાં માત્ર એવા જ શિક્ષિત યુવાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમણે ઓછામાં ઓછું એસએસસી સુધીનું શિક્ષણ પૂર્ણ કર્યું છે.

# આતંકવાદી કસાબને પકડનારા સદાનંદ વસંતને NIAનું સુકાન

**મુંબઈ**

લોકસભા ચૂંટણી 2024ના મતદાનપહેલા કેન્દ્ર સરકારે એક મોટું પગલું ભર્યું છે. જેમાં કેન્દ્ર સરકારે 1990 મહારાષ્ટ્ર કેડરના જાણીતા IPS અધિકારી સદાનંદ વસંત દાતેને રાષ્ટ્રીય તપાસ એજન્સીના ડીજીના પદ પર નિયુક્ત કર્યા છે.

કેન્દ્ર સરકાર દ્વારા દાતે સહિત અન્ય બે આઈપીએસ અધિકારીઓની અલગ અલગ એજન્સીઓમાં નિમણૂકનો આદેશ જારી કર્યા પછી સદાનંદ વસંત દાતે હાલમાં ચર્ચામાં છે.26/11ના હુમલા દરમિયાન તેમની બહાદુરી અને સૂઝબૂઝના કારણે તેમને રાષ્ટ્રપતિ પોલીસ મેડલથી સમ્માનિતકરવામાં આવ્યા હતા. હવે દેશભરમાં આતંકવાદ, નક્સલવાદ, ઉગ્રવાદ,ઈન્ડિયન પોપ્યુલર ફ્રન્ટ જેવા પ્રતિબંધિત સંગઠનો અને ખાલિસ્તાની આતંકવાદીઓ સામે દેશમાંતેમજ અમેરિકા, બ્રિટન, કેનેડામાં પણ તપાસ કરી રહેલી NIAનું સુકાન સોંપવામાં આવ્યું છે. હવે એવું મનાઈ રહ્યું છે કે,આંતરિક સુરક્ષા મામલે હવે NIA વધુ ઝડપી એક્શન લેશે.

# ચૂંટણી લડવા પાર્ટીએ ટિકિટ ન આપતા સાંસદે ઝેર ગટગટાવ્યું

**ચેન્નાઈ**

ભારતમાં રાજકારણમાં આવ્યા પછી લોકો સત્તા માટે એટલા બેબાકળા થઈ જાય છે કે સત્તા ગુમાવવાની બીકમાં તેઓ કંઈ પણ કરી બેસે છે. તમિલનાડુમાં MDMK પાર્ટીના હાલના સાંસદ એ. ગણેશમૂર્તિને તેમના પક્ષે લોકસભાની ચૂંટણી માટે ટિકિટ ન આપતા ગણેશમૂર્તિને એટલું લાગી આવ્યું કે તેમણે ઝેરી દવા પી લીધી હતી. તેના કારણે હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું છે. ચૂંટણીની ટિકિટ ન મળવાના કારણે નેતાએ જીવ ટૂંકાવ્યો હોય તેવી આ દુર્લભ ઘટના છે. ગણેશમૂર્તિ ઈરોડના સાંસદ હતા જેમને ટિકિટ ન મળવાના કારણે તેઓ નિરાશ થઈ ગયા હતા અને જંતુનાશક દવા ગટગટાવી ગયા હતા. તેમને અહીં એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ સારવારથી કોઈ ફરક પડયો ન હતો અને તેમનું મૃત્યુ થયું છે.

# મંદસૌર જિલ્લાના એક ખેતરમાં ૧૦૦ ઘેટા મૃત્યું પામેલા જોવા મળતા ચકચાર

**મંદસૌર**

મધ્યપ્રદેશના મંદસૌર જિલ્લામાં અરેરાટી ફેલાય તેવો વીડિયો સામે આવ્યો છે. એકખેતરમા લગભગ ૧૦૦ જેટલા ઘેટા મૃત્યું પામેલા જોવા મળ્યાં હતાં, કેટલાકને નાકમાંથી લોહીનીકળતું જોવા મળી રહ્યું હતું. આ તમામ ઘેટાના મોત ખુલ્લી ટાંકીમાંથી પાણી પીધા પછી થયાહતાં. મોટીસંખ્યામાં ઘેટાના મોતને પગલે આ વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો. આ બનાવનાહરગઢ પોલીસ સ્ટેશન હેઠળના કોટડા બહાદુર ગામમાં બન્યો હતો. આ બનાવ અંગે જાણવા મળેલી વિગતો અનુસાર ખુલ્લી ટાંકીમાંથી પાણી પીધા બાદ અચાનકતમામ ઘેટાઓ નીચે પડી ગયા હતા અને તેમના મોત નિપજ્યાં હતાં.આ બનાવની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. તેઓએ પાણીનો નમુનો એકત્રીતકર્યો છે, તેમજ ઘેટાનું પોસ્ટમોર્ટમ કરાવ્યું છે. પોલીસે ઘેટાના માલિકની પુછપરછ કરી છે.મંગળવારે મોડી સાંજે રાજસ્થાનના જાલોર જિલ્લાના કેટલાક પશુપાલકો પોતાના ઘેટાને લઈનેમધ્યપ્રદેશના માલવા વિસ્તારમાં પહોચ્યાં હતાં. મંદસૌર જિલ્લાના કોટડા બહાદુર ગામમાં ઘેટાએખુલ્લી ટાંકીમાંથી પાણી પીધુ હતું ત્યાર બાદ તેઓ બેશુધ્ધ થવા લાગ્યા હતાં.

# ભારત મ્યાંમાર સરહદે 370 કરોડના ખર્ચે તારની વાડ બાંધશે

**નવી દિલ્હી**

ભારત મ્યાંમારને અડીને આવેલી 1610 કિ.મી. લાંબી સરહદે 3..7 અબજ ડોલર (અંદાજે રૂપિયા 370 કરોડ) ના ખર્ચે વાડ બાંધવાની યોજના ધરાવે છે. દાણચોરી સહિતની ગેરકાયદે પ્રવૃત્તિને નાથવા આ આયોજન થઈ રહ્યું છે. કેન્દ્ર સરકારે આ વર્ષે અગાઉ જાહેરાત કરી ચૂકી છે કે પૂર્વોત્તરના લોકશાહી માળખાને અકબંધ રાખવા તેમ જ રાષ્ટ્રીય સુરક્ષાને જાળવવા તે સરહદે વાડ બાંધીને દાયકાઓ જૂની વિઝા-ફ્રી મુક્ત અવરજવરની નીતિ પર પૂર્ણવિરામ મૂકશે. વાડ બાંધવાના ખર્ચને સરકારની એક સમિતિએ મંજૂરી આપી દીધી છે. વડાપ્રધાનના નેતૃત્વમાં બનેલી કેબિનેટ સમિતિ તરફથી મંજૂરી મેળવવા હવે પ્રયાસ થશે. વડાપ્રધાનના કાર્યાલય, ગૃહ મંત્રાલય, નાણા, વિદેશ વિભાગ તેમ જ માહિતી અને પ્રસારણ મંત્રાલય તરફથી આ મુદ્દે હજી ટિપ્પણી આપવામાં આવી નથી.



ક્લાસેને સાત સિક્સર અને ચાર બાઉન્ડ્રી વડે 80 રન બનાવ્યા હતા

# હાઇસ્કોરિંગ મેચમાં હૈદરાબાદે મુંબઇને ૩૧ રનથી હરાવ્યું

હૈદરાબાદ । સનરાઈઝર્સ હૈદરાબાદે આઈપીએલમાં વિક્રમી હાઈસ્કોરિંગ બનેલી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને ૩૧ રનથી પરાજય આપ્યો હતો. હૈદરાબાદના ત્રણ વિકેટે ૨૭૭ રનના જવાબમાં મુંબઈની ટીમ પાંચ વિકેટે ૨૪૬ રન નોંધાવી શકી હતી. બંને ટીમના કુલ ૫૨૩ રન નોંધાયા હતા જે લીગમાં હાઈએસ્ટ સ્કોર રહ્યો છે. આ પહેલાં ચેન્નઈ અને રાજસ્થાન વચ્ચે ૨૦૧૦માં રમાયેલી મેચમાં કુલ ૪૬૯ રન નોંધાયા હતા. તોતિંગ ટાર્ગેટ સામે મેદાને પડેલી મુંબઈની ટીમ માટે રોહિત અને ઈશાન કિશને તોફાની શરૂઆત કરી હતી અને ત્રણ ઓવરમાં જ ૫૦ રનની ભાગીદારી નોંધાવી હતી. ઈશાન કિશન ૧૩ બોલમાં બે બાઉન્ડ્રી અને ચાર સિક્સર વડે ૩૪ રન બનાવીને આઉટ થયો હતો. દસ રનના ગાળામાં મુંબઈની ટીમે રોહિત શર્માની (૨૬) વિકેટ પણ ગુમાવી હતી.

## રાજસ્થાને દિલ્હીને ૧૨ રનથી હરાવ્યું

જયપુર । રિયાન પરાગના આક્રમક ૮૪ રન બાદ અવેશ ખાને છેલ્લી ઓવરમાં માત્ર ચાર રન આપતા રાજસ્થાન રોયલ્સે પોતાના ઘરઆંગણે રમાયેલી આઈપીએલની લીગ મેચમાં દિલ્હી કેપિટલ્સને ૧૨ રનથી પરાજય આપ્યો હતો. વર્તમાન સિઝનમાં અત્યાર સુધી રમાયે લી તમામ નવ મેચમાં હોમ ટીમે પોતાના ઘરઆંગણે વિજય મેળવ્યો છે. રાજસ્થાનના પાંચ વિકેટે ૧૮૫ રનના સ્કોર સામે દિલ્હીની ટીમ પાંચ વિકેટે ૧૭૩ રન બનાવી શકી હતી. રનચેઝ કરનાર દિલ્હીની ટીમ માટે ઓપનર ડેવિડ વોર્નરે ૩૪ બોલમાં ૪૯, મિચેલ માર્શે ૨૩ તથા સુકાની રિષભ પંતે ૨૮ રન બનાવ્યા હતા. અંતિમ ઓવર્સમાં ટ્રિસ્ટન સ્ટબ્સે ૨૩ બોલમાં બે બાઉન્ડ્રી અને ત્રણ સિક્સર વડે અણનમ ૪૪ રન બનાવીને દિલ્હી માટે વિજયની આશા જીવંત રાખી હતી પરંતુ અવેશે ચુસ્ત ઓવર નાખીને દિલ્હીની આશા ઉપર પાણી ફેરવી દીધું હતું. અગાઉ રાજસ્થાનની ઈનિંગમાં મુખ્ય યોગદાન રિયાન પરાગના ૮૪ રનનું રહ્યું હતું. જેણે ૪૫ બોલમાં સાત બાઉન્ડ્રી અને છ સિક્સર ફટકારી હતી. આ ઉપરાંત અશ્વિને ૨૯ રન બનાવ્યા હતા.




| ટીમ | M | W | L | PT |
|---|---|---|---|---|
| ચેન્નઇ | 2 | 2 | 0 | 04 |
| રાજસ્થાન | 2 | 2 | 0 | 04 |
| હૈદરાબાદ | 2 | 1 | 1 | 02 |
| કોલકાતા | 1 | 1 | 0 | 02 |
| પંજાબ | 2 | 1 | 1 | 02 |
| બેંગલુરુ | 2 | 1 | 1 | 02 |
| ગુજરાત | 2 | 1 | 1 | 02 |
| દિલ્હી | 2 | 0 | 2 | 00 |
| મુંબઇ | 2 | 0 | 2 | 00 |
| લખનઉ | 1 | 0 | 1 | 00 |

## ચેન્નઇએ ગુજરાતને ૬૩ રનથી હરાવ્યું

**ચેન્નઈ** । શિવમ દુબેની આકર્ષક અડધી સદી બાદ બોલર્સે કરેલી શિસ્તબદ્ધ બોલિંગની મદદથી ચેન્નઈ સુપર કિંગ્સે પોતાના ઘરઆંગણે રમાયેલી આઈપીએલની લીગ મેચમાં ગુજરાત ટાઈટન્સને ૬૩ રનથી પરાજય આપ્યો હતો. ચેન્નઈના છ વિકેટે ૨૦૬ રનના સ્કોર સામે ગુજરાતની ટીમ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૪૩ રન નોંધાવી શકી હતી.

## રોમાંચક મુકાબલામાં ગુજરાત ટાઇટન્સે મુંબઇને છ રને હરાવ્યું

**અમદાવાદ** । ગુજરાત ટાઈટન્સે ઈન્ડિયન પ્રીમિયર લીગની ૨૦૨૪ની સીઝનનો વિજયી પ્રારંભ કર્યો છે. ગુજરાત જાયન્ટ્સે રોમાંચક મુકાબલામાં મુંબઈ ઈન્ડિયન્સને ૬ રને પરાજય આપીને ટૂર્નામેન્ટના વિજયી શ્રીગણેશ કર્યા હતા. જીત માટેના ૧૬૯ રનના લક્ષ્યાંક સામે મેદાનમાં ઉતરેલી મુંબઈની ટીમ નિર્ધારિત ૨૦ ઓવરમાં ૯ વિકેટના ભોગે ૧૬૨ રન જ બનાવી શકતા તેનો પરાજય થયો હતો.

## બેંગ્લોરે પંજાબને ચાર વિકેટે પરાજય આપ્યો

**બેંગલુરુ** । વિરાટ કોહલી અને અંતિમ ઓવર્સમાં દિનેશ કાર્તિકે રમેલી આક્રમક ઈનિંગની મદદથી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ પંજાબ કિંગ્સને ચાર વિકેટે હરાવીને આઈપીએલમાં વિજયનું ખાતું ખોલ્યું હતું. પંજાબે છ વિકેટે ૧૭૬ રનનો સ્કોર નોંધાવ્યો હતો. જવાબમાં આરસીબીએ છ વિકેટના ભોગે ૧૭૮ રન બનાવીને મેચ જીતી લીધી હતી.

## સ્લો ઓવર રેટ માટે શુભમન ગિલને ૧૨ લાખ રૂપિયાનો દંડ



ચેન્નઈ । ગુજરાત ટાઈટન્સના નવા સુકાની શુભમન ગિલને ચેન્નઈ સુપર કિંગ્સ સામેની આઈપીએલ લીગ મેચમાં ટીમના સ્લો ઓવર રેટ માટે ૧૨ લાખ રૂપિયાની જંગી રકમનો દંડ ફટકારવામાં આવ્યો છે. આઈપીએલ કાઉન્સિલે જણાવ્યું હતું કે લીગની ન્યૂનતમ ઓવરની ગતિ સંબંધિત આચારસંહિતા હેઠળ ગુજરાતની ટીમનો સિઝનમાં પ્રથમ અપરાધ હોવાના કારણે ગિલને ૧૨ લાખ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો છે. ગિલના નેતૃત્વ હેઠળની ગુજરાતની ટીમનો ચેન્નઈ સામેની મેચમાં ૬૩ રનથી પરાજય થયો હતો.

## રોહિત શર્માની વિશેષ સિદ્ધિ, મુંબઇ માટે ૨૦૦ મેચ પૂરી




હૈદરાબાદ સામેની મેચ માટે મેદાનમાં ઉતરવાની સાથે રોહિત શર્માએ એક વિશેષ સિદ્ધિ મેળવી હતી. આઈપીએલમાં એક ફ્રેન્ચાઈઝી તરફથી ૨૦૦ મેચ રમનાર ત્રીજો ખેલાડી બની ગયો છે. હૈદરાબાદ સામે રોહિતે મુંબઈ માટે ૨૦૦મી મેચ રમી હતી. મેચ પહેલાં દિગ્ગજ ક્રિકેટર સચિન તેંડુલકરે ૨૦૦ના નંબરવાળી વિશેષ ટી-શર્ટ રોહિતને આપી હતી. આઈપીએલમાં ધોની ચેન્નઈ સુપર કિંગ્સ માટે અને વિરાટ કોહલી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર માટે ૨૦૦ પ્લસ મેચો રમી ચૂક્યા છે. રોહિતની ઓવરઓલ ૨૪૫મી આઈપીએલ મેચ છે.

## વિકેટ કીપર રિષભ પંતની દિલ્હી માટે ૧૦૦ મેચ પૂરી



વિકેટકીપર રિષભ પંતે રાજસ્થાન સામેની મેચ માટે મેદાનમાં ઉતરવાની સાથે વિશેષ સિદ્ધિ મેળવી છે. પંતે દિલ્હી તરફથી ૧૦૦મી મેચ રમી હતી. સુરેશ રૈનાએ સૌથી પહેલાં ચેન્નઈ સુપર કિંગ્સ માટે ૧૦૦ મેચ રમવાની સિદ્ધિ મેળવી હતી. ત્યારબાદ હરભજન (મુંબઈ), કોહલી (બેંગ્લોર), ગંભીર (કોલકાતા), રહાણે (રાજસ્થાન) તથા ભુવનેશ્વર કુમાર હૈદરાબાદ માટે ૧૦૦ મેચ રમી ચૂક્યા છે. દિલ્હી માટે અત્યાર સુધીમાં લેગ સ્પિનર અમિત મિશ્રા ૯૯, બેટ્સમેન શ્રેયસ ઐયર ૮૭, મેચો રમી ચૂક્યા છે.

## ન્યૂઝીલેન્ડ ક્રિકેટ સાથે સોની પિક્ચર્સ નેટવર્ક ઇન્ડિયાનો ૭ વર્ષનો કરાર

મુંબઈ । ન્યૂઝીલેન્ડમાં રમાનારા બ્લેક કેપ્સ અને વ્હાઈટ ફર્ન્સના ત્રણેય ફોર્મેટ ટેસ્ટ, વન-ડે તથા ટી૨૦ ઈન્ટરનેશનલના તમામ મુકાબલાના ડિજિટલ અને બ્રોડકાસ્ટિંગ અધિકાર સોની પિક્ચર્સ નેટવર્ક ઈન્ડિયાએ આગામી સાત વર્ષ માટે હાંસલ કર્યા છે.

આ કોન્ટ્રાક્ટ ૨૦૨૪ની પહેલી મેથી ૨૦૩૧ની ૩૦મી એપ્રિલ સુધી રહેશે જેમાં ભારતના ૨૦૨૬-૨૭ તથા ૨૦૩૦-૩૧ના ન્યૂઝીલેન્ડ પ્રવાસનો પણ સમાવેશ થાય છે. તમામ મેચો સોની પિક્ચર્સ નેટવર્ક ઈન્ડિયાની તમામ સ્પોર્ટ્સ ચેનલ અને સોની લિવ ઉપર લાઈવ સ્ટ્રિમ કરવામાં આવશે. સોની પિક્ચર્સ નેટવર્ક ઈન્ડિયા ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ તથા શ્રીલંકન ક્રિકેટ બોર્ડ સાથે પણ બ્રોડકાસ્ટિંગ રાઈટ્સનો કરાર કરી ચૂકી છે. એસપીએનઆઈના સીઈઓ તથા એમડી એનપીસિંહે જણાવ્યું હતું કે ન્યૂઝીલેન્ડ બોર્ડ સાથે કરાર કરવાનો અમને આનંદ થઈ રહ્યો છે. ન્યૂઝીલેન્ડ તેની શાનદાર ખેલદિલી તથા લડાયક અભિગમ માટે જાણીતું છે.

## નવેમ્બરમાં ભારત અને પાક.ની દ્વિપક્ષીય શ્રેણી ઓસ્ટ્રેલિયામાં રમાય તેવી સંભાવના

**। નવી દિલ્હી ।**

ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડે ભારત અને પાકિસ્તાન વચ્ચેની દ્વિપક્ષીય શ્રેણીની યજમાની કરવામાં રસ દાખવ્યો છે અને આ શ્રેણી બીસીસીઆઈ અને પીસીબીની પહેલ ઉપર મદાર રાખશે. ભારત અને પાકિસ્તાન ૨૦૧૨-૧૩ બાદ કોઈ દ્વિપક્ષીય શ્રેણી રમ્યા નથી અને બંને દેશની ટીમ માત્ર વર્લ્ડ કપ અને ચેમ્પિયન્સ ટ્રોફી જેવી વૈશ્વિક આઈસીસી ઈવેન્ટ્સમાં જ આમનેસામને થઈ છે. બંને એશિયન દેશ ચાલુ વર્ષના નવેમ્બરમાં એક જ સમયે ઓસ્ટ્રેલિયામાં હશે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ ૨૨મી નવેમ્બરથી રમાનારી બોર્ડર-ગાવસ્કર ટ્રોફી માટે ભારતના પહોંચવાના કેટલાક સમય પહેલાં પાકિસ્તાન સામેની શ્રેણીનો કાર્યક્રમ તૈયાર કર્યો છે જેમાં ત્રણ વન-ડે અને ત્રણ ટી૨૦ રમાશે.

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના ક્રિકેટ ડાયરેક્ટર પીટર રોચે જણાવ્યું હતું કે નેશનલ ક્રિકેટ બોર્ડ ભારત અને પાકિસ્તાન વચ્ચેની શ્રેણીની યજમાની કરવામાં સક્ષમ થવાનું પસંદ કરશે અને બંને દેશના બોર્ડ પ્રતિ પોતાનો ઉત્સાહ વ્યક્ત કરવાનું જારી રાખશે. વિશ્વનો પ્રત્યેક દેશ ભારત અને પાકિસ્તાનને પોતાના દેશમાં દ્વિપક્ષીય શ્રેણી રમતા જોવાનું વધારે પસંદ કરશે અને અમે આ દેશોમાંના એક છીએ. ઓસ્ટ્રેલિયન ટીમ સામેની બંને ટીમના કાર્યક્રમમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. ભવિષ્યમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની દ્વિપક્ષીય શ્રેણી માટે ઓસ્ટ્રેલિયા એક આદર્શ તટસ્થ દેશ બની શકે છે.

## બોપન્ના-એબડેનની જોડી સેમિફાઇનલમાં, સિઝનમાં ત્રીજી વખત અંતિમ-૪માં

ફ્લોરિડા । ભારતના અનુભવી ટેનિસ ખેલાડી રોહન બોપન્ના અને ઓસ્ટ્રેલિયાના તેના સાથીદાર મેથ્યૂ એબડેને માયામી ઓપન ટૂર્નામેન્ટમાં નેધરલેન્ડ્સના સેમ વર્બિક તથા ઓસ્ટ્રેલિયાના જોન પેટ્રિક સ્મિથની જોડીને હરાવીને ચાલુ સિઝનમાં ત્રીજી મેન્સ ડબલ્સની સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ચાલુ વર્ષના જાન્યુઆરીમાં ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ જીતનાર બોપન્ના અને એબડેને પ્રથમ સેટ ગુમાવ્યા બાદ વળતો પ્રહાર કરીને ક્વાર્ટર ફાઈનલમાં ૩-૬,૭-૬,૧૦-૭થી વિજય મેળવ્યો હતો. વિશ્વના બીજા ક્રમાંકિત ૪૪ વર્ષીય બોપન્નાને આ વિજયના કારણે એટીપી રેન્કિંગમાં ટોપ-૧૦મા રહેવા તથા જુલાઈમાં યોજાનારી પેરિસ ઓલિમ્પિક માટે સીધું ક્વોલિફાય કરવામાં મદદ મળશે. પેરિસ ગેમ્સ માટેની કટઓફ ડેટ ૧૦મી જૂન છે. બોપન્ના અને એબડેનની ટોચની ક્રમાંકિત જોડીએ પ્રથમ સેટમાં ઘણી સામાન્ય ભૂલો કરી હતી પરંતુ બીજા સેટમાં મહત્ત્વપૂર્ણ પોઈન્ટ્સ હાંસલ કરીને મેચ ટાઈબ્રેકર સુધી ખેંચી હતી. બોપન્ના અને એબડેન એડિલેડ ઓપનની સેમિફાઈનલ સુધી પણ પહોંચ્યા હતા.

# ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ દ્વારા ટેરી મિલર રિક્રિએશન સેન્ટરમાં હોળી પર્વની ઉજવણી

## મીઠાઈઓની વહેચણી બાદ સભ્યોએ પરંપરાગત નૃત્યો અને ગીતોની મજા માણી

**બ્રામ્પ્ટન**



ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ, બ્રામ્પ્ટન અને પડોશી વિસ્તારોના વરિષ્ઠ લોકોમાં એકતા અને સહાનુભૂતિનું દીવાદાંડી સમાન બ્રામ્પ્ટનમાં ટેરી મિલર રિક્રિએશન સેન્ટર ખાતે ૨૩ માર્ચ ૨૦૨૪ના રોજ હોળીના વાઈબ્રન્ટ તહેવારની આનંદપૂર્વક ઉજવણી કરાઈ હતી. રંગબેરંગી પોશાકમાં સજ્જ ૧૦૦થી વધુ સભ્યોએ એકબીજાનો આનંદ, ખુશી અને સારા સ્વાસ્થ્યની શુભકામના આપી હતી. જે બાદ હાસ્ય અને સહાનુભૂતિપૂર્વક મીઠાઈઓની વહેચણી કરાઈ હતી. આ સાથે જ પરંપરાગત નૃત્યો અને ગીતોમાં લીન સભ્યોએ સાંસ્કૃતિક સમૃદ્ધિને પ્રતિબિંબિત કરી મનોરંજન માણ્યુ હતુ. ક્લબના ડિરેક્ટર જિયાન પૉલે કેનેડિયન સમુદાયોમાં એકતા વધારવા માટે હોળી જેવા પર્વની ઉજવણી પર ભાર મૂક્યો હતો. પૌલે ટિપ્પણી કરી હતી કે, *આવી ઉજવણીઓ માત્ર આપણા હૃદયમાં આનંદ લાવે છે, સાથે જ અવરોધોને તોડવા અને પેઢીઓ અને સંસ્કૃતિઓમાં મિત્રતાના બંધનને સ્થાપિત કરવા માટે પ્રેરણા આપે છે. પોલ વિસેન્ટે (વોર્ડ ૧ અને ૫ના પ્રાદેશિક કાઉન્સિલર) બિન્ગો ગેમમાં ભાગ લીધો હતો. મનિન્દર સિદ્ધુ (સાંસદ)એ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે હાજર રહી સમુદાયમાં સંબંધ અને એકતાની ભાવનાને ઉત્તેજન આપવા માટે આવા સાંસ્કૃતિક કાર્યક્રમોના મહત્વ વિશે વાત કરી હતી. અમરજીત સંધ, એમપીપી અને ચાર્માઈન વિલિયમ્સે પણ તેમની હાજરી સાથે આ પ્રસંગને શોભાવ્યો હતો. બાદમાં, જેઓ મુખ્ય વક્તા હતા, તેમણે સમુદાય અને સમાજ નિર્માણમાં મહિલાઓની ભૂમિકા વિશે સંબોધન કર્યું હતું.

# કેનેડામાં વરસાદના પાણીના નિકાલની ગંભીર સમસ્યા : નિરાકરણ આવશ્યક

## છેલ્લા વરસાદમાં ઓટ્ટાવામાં પાણી ભરાયા હતા

**ટોરોન્ટો**



ટોરોન્ટો સહિત લગભગ તમામ કેનેડામાં સ્ટોર્મવોટર મેનેજમેન્ટ એક મોટી સમસ્યા છે. છેલ્લા વરસાદમાં દેશની રાજધાની ઓટાવાના રસ્તાઓ પાણીથી ભરાઈ ગયા હતા. લોકોને અગત્યના કામ માટે મુસાફરી કરવી પણ મુશ્કેલ બની ગઈ હતી. આવી સમસ્યાઓ કેનેડામાં વારંવાર જોવા મળે છે. તેને સંભાળવા માટે ત્યાં સ્ટ્રોમ ડ્રેનેજ બનાવવામાં આવી છે. આ એક ખાસ પ્રકારની સિસ્ટમ છે, જેના દ્વારા વધારાનું પાણી, જે જમીન કે વૃક્ષો અને છોડ દ્વારા શોષાય નથી, તે બહાર આવે છે. આ પદ્ધતિ તમામ દેશોમાં અપનાવવામાં આવે છે.

વાસ્તવમાં, રસ્તાઓ, ફૂટપાથ, કાર પાર્કિંગ, મકાનો વગેરે જેવા પાકા વિસ્તારો પર કોંક્રીટના કારણે પાણી તેટલી ઝડપથી સુકાઈ જતું નથી. આ ઓવરફ્લો થાય છે અને રસ્તાઓ પર વહેવા લાગે છે અથવા ગટરોને અવરોધે છે.

કેનેડામાં આ સમસ્યા વધારે છે કારણ કે ત્યાં માત્ર વરસાદ જ નથી પણ ભારે હિમવર્ષા પણ થાય છે. આ બરફ પણ વહેણ પેદા કરે છે. જ્યારે જમીન શોષી શકે છે તેના કરતા વધુ વરસાદ પડે છે ત્યારે પાણીનો પ્રવાહ દેખાય છે. આનાથી ટોરોન્ટોમાં પૂરની સ્થિતિ જ નથી, પરંતુ જેમ જેમ પાણી નાળાઓ દ્વારા ઘરોમાં પહોંચવાનું શરૂ થાય છે તેમ તેમ પીવાના પાણીની ગુણવત્તા પણ બગડવા લાગે છે.

# કેનેડામાં મેપલ સિરપનું ઉત્પાદન 5 વર્ષની નીચી સપાટીએ પહોંચ્યું

## 2023માં મેપલ સિરપનું માત્ર 47 મિલિયન લિટરનું ઉત્પાદન નોંધાયું

**ઓન્ટેરિયો**

કેનેડાના મેપલ સિરપ ઉત્પાદકો માટે એક નાજુક પરિસ્થિતિ સર્જાઈ છે. જેમાં લોકપ્રિય પેનકેક ટોપરની અનામતો ઘટી રહી છે અને સ્ટેટિસ્ટિક્સ કેનેડાના નવા આંકડા દર્શાવે છે કે મેપલ સિરપનું ઉત્પાદન પાંચ વર્ષની નીચી સપાટીએ પહોંચી ગયું છે.

સરકારના જણાવ્યા અનુસાર 2022માં ઉત્પાદન 79 મિલિયન લિટરના રેકોર્ડના ઉચ્ચ સ્તરેથી ઘટીને આ વર્ષે માત્ર 47 મિલિયન લિટરથી વધુ થયું છે. ક્યૂબેકમાં સિરપનો દેશનો સૌથી મોટો વ્યૂહાત્મક ભંડાર ઘટીને માત્ર 6.9 મિલિયન પાઉન્ડ થયો છે, જે 133 મિલિયન પાઉન્ડ્સ તેને રાખવા માટે બનાવવામાં આવ્યો છે, તેનો માત્ર એક અપૂર્ણાંક છે. સિરપનો ધીમો પુરવઠો હજુ સુધી ઉત્પાદકોને ગભરાટનું કારણ નથી, પરંતુ અસંખ્ય અયોગ્ય રીતે ગરમ શિયાળાના સંપૂર્ણ વાવાઝોડાની સાથે માંગમાં સતત વધારો થયો છે, જે રોગચાળાની શરૂઆત પછીથી બંધ થયો નથી. ક્યુબેક આવી પરિસ્થિતિને ટાળવાનો પ્રયાસ કરી રહ્યું છે, સમગ્ર પ્રાંતમાં વધારાની 70 લાખ નળનું વિતરણ કરવા સાથે એપ્રિલ 2026 સુધીમાં ઈન્સ્ટોલ કરવા માટેની ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે.

તાજેતરમાં ક્યૂબેકે તમામ ટેપ આઉટ થયાની જાણ કરી હતી. 2021માં ક્યુબેકમાં મેપલ સિરપ ઉત્પાદકોનું સંચાલન કરતી સંસ્થાએ જાહેરાત કરી હતી કે તે તેના અનામતમાંથી લગભગ 50 મિલિયન પાઉન્ડ છોડશે. કારણ કે તેને જાણવા મળ્યું કે સીરપની માંગ પુરવઠાને વટાવી રહી છે.

# કોવિડ સંબંધિત પોસ્ટ પછી ડૉ. ગિલ કાનૂની મુશ્કેલીમાં ફસાઈ ગયા, નાણાની પણ તંગી

## કેનેડામાં ભારતીય મૂળની તબીબને બે કરોડની જરૂર પડતાં એલન મસ્ક આગળ આવ્યા

**ઓન્ટેરિયો**

કેનેડામાં ઈમ્યુનોલોજી અને પીડિયાટ્રિક્સના નિષ્ણાત ડૉ. ગિલ, કોવિડ સંબંધિત પોસ્ટ કર્યા પછી કાનૂની મુશ્કેલીમાં છે. તેને કાનૂની લડાઈ માટે 300,000 કેનેડિયન ડોલર (રૂ. 1,83,75,078)ની જરૂર છે. આ એકત્રિત કરવામાં તેમને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જો કે આ દરમિયાન તેમના માટે એક સારા સમાચાર આવ્યા છે. તેને એક્સ તરફથી ટેકો મળ્યો છે, જેમણે તેના ખર્ચને આવરી લેવાનું વચન આપ્યું છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X એ ડૉ. ગિલનો પક્ષ લેતા એક નિવેદન બહાર પાડ્યું છે. એક્સે કહ્યું, ‘કોવિડ લોકડાઉનના પ્રયાસો અને જાહેર રસીકરણના આદેશના વિરોધમાં ગિલે કેનેડા અને ઑન્ટારિયોની સરકારો વિરુદ્ધ ખુલ્લેઆમ ટ્વિટર પર વાત કરી હતી. જેના કારણે તેને મીડિયા દ્વારા હેરાન કરવામાં આવ્યો હતો. તે જ સમયે, ભૂતપૂર્વ ટ્વિટર મેનેજમેન્ટ દ્વારા તેને સેન્સર કરવામાં આવ્યું હતું. વધુ શું છે, કૉલેજ ઑફ ફિઝિશિયન્સ એન્ડ સર્જન્સ ઑફ ઑન્ટારિયો દ્વારા કરવામાં આવેલી તપાસ અને પગલાંના ભાગરૂપે તેમના કાયમી જાહેર રેકોર્ડમાં સાવચેતીનો શબ્દ ઉમેરવામાં આવ્યો હતો.’

નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, ‘જ્યારે એલોન મસ્કને આ અઠવાડિયાની શરૂઆતમાં ગીલની કાનૂની ફી ચૂકવવા માટેના ક્રાઉડફંડિંગ અભિયાન વિશે જાણ થઈ, ત્યારે તેણે મદદ કરવાનું વચન આપ્યું હતુ. X હવે ડૉ. ગિલની બાકીની કાનૂની કાર્યવાહી માટે ભંડોળ આપશે જેથી તે $ 300,000 ફી અને ઓર્ડર ચૂકવી શકે.

અહેવાલો અનુસાર, કાનૂની કાર્યવાહીને કારણે, ડૉ ગીલની જીવન બચત બરબાદ થઈ ગઈ છે અને તેના પર ભારે દેવું થઈ ગયું છે. ભારતીય મૂળના ડૉક્ટર રસીકરણના અવાજભર્યા ટીકાકાર રહ્યા છે. તેણે ઓગસ્ટ, 2020 માં એક પોસ્ટ કરી, જેમાં લખ્યું હતું, ‘જો તમે અત્યાર સુધીમાં સમજી શક્યા નથી કે અમને રસીની જરૂર નથી, તો તમે ધ્યાન આપી રહ્યા નથી.

તેમની પોસ્ટની તબીબી લોકોએ ટીકા કરી હતી.

# રાણા કેનેડા દ્વારા હોળીની ઉજવણી, ડીજેના તાલ સાથે નાચગાન

## સાંસ્કૃતિક કૃતિઓની ધમાકેદાર રજૂઆતે સભ્યોને મન મોહી લીધા, અગ્રણીઓનું સન્માન કરાયું

**ઓન્ટેરિયો**











રાણા કેનેડા દ્વારા 17મી માર્ચ 2024ના રવિવારના રોજ RANA પરિવાર મિસીસાગાના પ્રતિષ્ઠિત નેશનલ બેન્ક્વેટ હોલમાં ભવ્ય શૈલીમાં હોળીની ઉજવણી કરાઈ હતી. આ તકે ધમાકેદાર પર્ફોર્મન્સથી હાજર સૌકોઈ મંત્રમુગ્ધ થઈ ગયું હતુ. ડીજેના તાલ સાથે સભ્યોએ નાચગાન કરીને સંગીતની મજા માણતા રંગોની છોળ ઉડાડી હતી. જેમ જેમ દિવસ આગળ વધતો ગયો તેમ તેમ વાતાવરણમાં આનંદ પણ બેવડાયો હતો. બપોરે 2:30 વાગ્યાની આસપાસ માઉથ વોટરિંગ ડીશથી લઈને મીઠાઈઓનો સ્વાદ પણ સૌએ માણ્યો હતો.

પ્રમુખ રાશી બજાજે હોળીમાં ભાગ લેનારા અને સહયોગ આપનારા તમામ લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર સભ્યપદ અને બોર્ડ વતી તેણીએ દાતાઓ, રાકેશ ગોએન્કા જી, સંપત પોદ્દાર જી, આલોક ગોયલજી અને રાજેન્દ્ર પાહુજાજીને તેમના નોંધપાત્ર યોગદાન અને અવિશ્વસનીય સમર્થન બદલ હૃદયપૂર્વકની પ્રશંસા કરી હતી. જે બાદ રાણા કેનેડા દ્વારા અગ્રણી હસ્તીઓને સન્માનિત કરાઈ હતી. સ્ટીફન લેસી MPP અને શિક્ષણ મંત્રી, MPP હરદીપ ગરેવાલ, MPP શેરેફ સબાવે, MPP દીપક આનંદ, મિસિસાગા સિટીના કાઉન્સિલર દીપિકા ડમરેલાને સમુદાય માટે તેમના યોગદાન બદલ બિરદાવાયા હતા. કાર્યક્રમમાં GTAના સંસ્થાકીય વડા સહિત અન્ય ઘણા પ્રતિષ્ઠિત મહેમાનો હાજર રહ્યા હતા.

# USAમાં પૂલ તૂટતાં વિશ્વને કરોડોનો ફટકો વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ જવાની શંકા

**બાલ્ટીમોર**

અમેરિકાના બાલ્ટીમોરમાં કન્ટેનર જહાજ કી બ્રિજ સાથે અથડાયું અને પછી બ્રિજ તૂટી પડ્યો. આ ઘટના જોવામા કોઇ ફિલ્મી ઘટના જેવી લાગી રહી છે. પરંતૂ બ્રિજ તૂટી પડવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં એક મોટું કન્ટેનર જહાજ પુલના થાંભલા સાથે અથડાયું હતું, ત્યારબાદ પુલ પટાપ્સકો નદીમાં ડૂબી ગયો હતો. બ્રિજ તૂટવાને કારણે તે માર્ગ પરથી જતા તમામ જહાજોને અટકાવી દેવામાં આવ્યા છે. આ બ્રિજ અમેરિકામા તૂટ્યો છે પરંતૂ તેની અસર આગામી કેટલાક મહિનાઓ સુધી અમેરિકા સહિત વિશ્વના દેશોને થઈ શકે છે. વાસ્તવમાં આના કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ જવાની સંભાવના છે. બાલ્ટીમોર યુએસ ઈસ્ટ કોસ્ટ પરના સૌથી



વ્યસ્ત બંદરોમાંનું એક છે. કાર અને લાઈટ ટ્રકનું ઉત્પાદન કરતી યુરોપિયન કંપનીઓ માટે પણ તે ખૂબ જ મહત્વપૂર્ણ બંદર છે. આ બંદરની આસપાસ મર્સિડીઝ, ફોક્સવેગન અને BMWની સુવિધાઓ છે. બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર બાલ્ટીમોર દુર્ઘટનાને કારણે ન્યૂ જર્સી અને વર્જિનિયાના બંદરો પર દબાણ વધી શકે છે.

# નીરવ મોદીનો લંડનનો બંગલો વેચાશે, કોર્ટે કિંમત નક્કી કરી

**લંડન**

કોર્ટે પીએનબી કૌભાંડના આરોપી ભાગેડુ નીરવ મોદીનો સેન્ટ્રલ લંડનના મેરીલેબોનમાં આવેલો આલીશાન બંગલો વેચવાની મંજૂરી આપી છે. સુનાવણી દરમિયાન જસ્ટિસ માસ્ટર જેમ્સ બ્રાઈટવેલે કહ્યું કે આ બંગલો ૫.૨૫ મિલિયન બ્રિટિશ પાઉન્ડ (લગભગ ૫૫ કરોડ રૂપિયા)થી ઓછી કિંમતમાં વેચી શકાય નહીં. નીરવ મોદીનો આલીશાન બંગલો જેને લંડન હાઈકોર્ટે વેચવાનો આદેશ આપ્યો છે તે ૨૦૧૭માં એક ટ્રસ્ટને આપવામાં આવ્યો હતો. નીરવ મોદી હાલમાં બ્રિટનની થેમસાઈડ જેલમાં બંધ છે. આ કેસમાંED તરફથી હાજર થયેલા બેરિસ્ટર હરીશ સાલ્વે હાજર થયા હતા. જ્યારે નીરવ મોદી હાલમાં બ્રિટનની થેમસાઈડ જેલમાં બંધ હોવાથી ઓનલાઈન જોડાયેલો હતો. સિંગાપોરની એક કંપની ટ્રાઈડેન્ટ ટ્રસ્ટ પણ આ કેસમાં દાવેદાર છે. આ કંપનીએ ૧૦૩ મેરેથોન હાઉસ વેચવાની પણ માંગ કરી હતી. બીજી તરફ,EDની દલીલ એવી છે કે આ બંગલો વેચ્યા બાદ મળેલી રકમનો ઉપયોગ પંજાબ નેશનલ બેંકની લોન ચૂકવવા માટે થવો જોઈએ.

# અમેરિકામાં આઈઆઈટી મદ્રાસના પૂર્વ વિદ્યાર્થીને મળી MS વિન્ડોઝની કમાન

**વોશિંગ્ટન**

IIT મદ્રાસના પૂર્વ વિદ્યાર્થી પવન દાવુલુરીની માઈક્રોસોફ્ટ વિન્ડોઝ અને સરફેસના નવા ચીફ તરીકે નિમણૂક કરાઈ છે. દાવુલુરીએ સરફેસ સિલિકોન અને ડિવાઈસનો ચાર્જ લીધો છે. ગત પ્રમુખ મિખાઈલ પાર્ખિને વિન્ડોઝ અને વેબ એક્સપિરિયન્સ પર કેન્દ્રિત એક નવી ટીમનું નેતૃત્વ કર્યું છે. હવે વિન્ડોઝ અને સરફેસ બંનેની કમાન દાવુલુરીના હાથમાં છે કેમ કે પાર્ખિને નવી ભૂમિકાઓ શોધવાનો નિર્ણય કર્યો છે.

પીસી અને એક્સબોક્સ હાર્ડવેર, સરફેસ, વિન્ડોઝ અને સિલિકોનમાં કામ કરનાર માઈક્રોસોફ્ટના 23 વર્ષના અનુભવી દાવુલુરીએ પ્રોડક્શન ટીમને લીડ કરી છે અને સોફ્ટવેર અને હાર્ડવેર પ્લેબુકમાં કામ કર્યું છે.

IIT બાદ દાવુલુરી અમેરિકાની મેરીલેન્ડ યુનિવર્સિટીમાં ગયા. તેમણે માઈક્રોસોફ્ટમાં એક રિલાયબિલિટી કમ્પોનેન્ટ મેનેજર તરીકે પોતાનું કરિયર શરૂ કર્યું અને 2021માં વિન્ડોઝ અને સિલી કોન એન્ડ સિસ્ટમ ઈન્ટિગ્રેશન માટે કોર્પોરેટ વીપી બનાવવા માટે રેન્કમાં આગળ વધ્યા. તેમણે ગયા વર્ષે વિન્ડોઝ પ્લસ ડિવાઈસ માટે કોર્પોરેટ વીપીની ભૂમિકા નિભાવી હતી.

# આર્જેન્ટિનામાં મોંઘવારીનો માર: 70,000 સરકારી કર્મચારીને છુટા કરવાનો નિર્ણય! વિરોધની શક્યતા

**બ્યુનોસ એરેસ**

બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જેવિયર મિલીએ આગામી મહિનાઓમાં 70,000 સરકારી કર્મચારીઓની છટણી કરવાનો પોતાનો ઈરાદો વ્યક્ત કર્યો છે.જોકે આ પ્લાન્ડ છટણી આર્જેન્ટિનાના 3.5 મિલિયન પબ્લિક સેક્ટરના કર્મચારીઓનો એક નાનો ભાગ છે. સંભાવના છે કે, માઈલીને મોટા મજૂર સંગઠનોના વિરોધનો સામનો કરવો પડી શકે છે.

રાજ્યના કર્મચારીઓના 70,000 કોન્ટ્રાક્ટ ટૂંક સમયમાં સમાપ્ત થશે



આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જેવિયર મેલીએ મંગળવારે બ્યુનસ આયર્સમાં ઈન્ટરનેશનલ ઈકોનોમિક ફોરમ ઓફ ધ અમેરિકા (IEFA) દ્વારા આયોજિત કોન્ફરન્સમાં કહ્યું કે, છટણીની સામાન્ય લહેર વચ્ચે રાજ્યના કર્મચારીઓના 70,000 કોન્ટ્રેક્ટ પુરા થવાના છે.અગાઉ મંગળવારે, જાહેર કર્મચારીઓનું પ્રતિનિધિત્વ કરતા યુનિયનોમાંના એક એસોસિએશન ઓફ સ્ટેટ વર્કર્સ (ATE), છટણીની સામાન્ય લહેર સામે વિવિધ શહેરોમાં વિરોધ પ્રદર્શનો યોજ્યા હતા.

આ ક્ષેત્રના 70,000 કર્મચારીઓ

Piccirillo જણાવ્યું હતું કે, 70,000 કામદારો જેમના નોકરી કરાર સમાપ્ત થશે તે દેશની તમામ રાજ્ય સંસ્થાઓ હ્યુમન કેપિટલ,મિનિસ્ટ્રી ઓફ સાઈન્સ એન્ડ ઈકોનોમી, સોશિયલ સિક્યોરિટી એજન્સી, એનર્જી સેક્રેટરિયટ સાથે સંબંધિત છે.

# જાપાનમાં કોલેસ્ટ્રોલ ઓછું કરવાની દવા જ ઘાતક બની, 2ના મોત, 100 લોકોને દાખલ કરવા પડયા

**શાંઘાઈ**

જાપાનામાં કોલેસ્ટ્રોલ ઓછું કરવા માટેની દવા જ હાર્ટના દર્દીઓ માટે આફત બનીને આવી છે. આ દવા લીધા બાદ બે લોકોના મોત થયા છે અને 100થી વધારે લોકોને હોસ્પિટલમાં દાખલ કરવા પડયા છે. આ ઘટના બાદ દવા બનાવતી કંપની પર ઘણા સવાલો ઉભા થયા છે. કોબાયાશી ફાર્માસ્યુટિકલ નામની કંપનીએ આંતરરાષ્ટ્રીય ન્યૂઝ એજન્સીને કહ્યુ હતુ કે, દર્દીઓ બીમાર પડવાની ઘટના બાદ પાંચ પ્રકારની દવાઓ બજારમાંથી પાછી ખેંચવામાં આવી છે અને કંપની



દવાઓની તપાસ કરી રહી છે. અમે દવાથી પ્રભાવિત થયેલા લોકોની માફી માંગીએ છે.

જાણવા મળતી વિગતો પ્રમાણે આ દવાઓમાં બેની કોજી (લાલ રંગના ચોખામાંથી બનતુ તત્વ) નામનુ એક તત્વ નાંખવામાં આવે છે. જે કોલેસ્ટ્રોલનુ પ્રમાણ ઓછુ કરતુ હોવાનુ મનાય છે પણ જાણકારોનુ કહેવુ છે કે, આ દવામાં કેમિકલ પણ ભેળવવામાં આવતુ હોવાથી ઓર્ગન ડેમેજ થવાનો ડર રહેતો હોય છે.

દવાઓના કારણે મચેલા હાહાકાર બાદ જાપાનના આરોગ્ય મંત્રી નૂન નૂને કોબાયાશી ફાર્માસ્યુટિકલને વહેલી તક તપાસનો અહેવાલ સરકારને સુપરત કરવાનો આદેશ આપ્યો છે. સાથે સાથે સરકારે પોતાની એજન્સીઓને પણ સમગ્ર દેશમાં દવાના કારણે કેટલા લોકોને અસર થઈ છે તેની જાણકારી એકત્રિત કરવા માટે કહ્યુ છે.

# પાકિસ્તાનમાં ચીનના એન્જિનિયરોના કાફલા પર આત્મઘાતી હુમલો, 5ના મોત

**ઈસ્લામાબાદ**

ચીનના ખૂબ નજીકના ગણાતા દેશ પાકિસ્તાનમાં મંગળવારે ચીની નાગરિકોની સાથે એક મોટી દુર્ઘટના બની ગઈ. પાકિસ્તાનમાં આત્મઘાતી બોમ્બ હુમલામાં ચીનના પાંચ નાગરિકોના મોત થયા છે. પાકિસ્તાની પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનમાં મંગળવારે એક આત્મઘાતી હુમલાખોર દ્વારા ચીનના નાગરિકોના કાફલા પર હુમલો કરાયો. હુમલા દરમિયાન થયેલા બોમ્બ વિસ્ફોટમાં ચીનના પાંચ નાગરિકોના મોત થયા છે. હુમલામાં કેટલાક લોકો ઈજાગ્રસ્ત થયા તેની માહિતી



સામે નથી આવી. સ્થાનિક પોલીસ અધિકારી મોહમ્મદ અલી ગુંડાપુરે જણાવ્યું કે, આત્મઘાતી હુમલાખોરે વિસ્ફોટકથી ભરેલા એક વાહનથી ચીનના એન્જિનિયરોના કાફલાને ટક્કર મારી. તમામ ચીની એન્જિનિયર ઈસ્લામાબાદથી ખૈબર પખ્તુનખ્વા વિસ્તારના દાસુમાં પોતાના કેમ્પ જઈ રહ્યા હતા.

# સાઉદી અરેબિયાની યુવતી મિસ યુનિવર્સની સ્પર્ધામાં ભાગ લેશે

**દુબઈ**

ઈસ્લામિક દેશ સાઉદી અરેબિયા એક સમયે તેની કટ્ટરતા માટે કુખ્યાત હતુ.હવે મોહમ્મદ બિન સલમાન અલના રાજમાં તે પોતાની છાપ સુધારી રહ્યું છે. સાઉદી અરેબિયા હવે સત્તાવાર રીતે મિસ યુનિવર્સ સ્પર્ધામાં ભાગ લઈ રહ્યું છે. આમ કરનાર તે પ્રથમ ઈસ્લામિક દેશ બન્યું છે. ૨૭ વર્ષની સુંદર મોડલ રુમી અલકાતહાની દેશનું પ્રતિનિધિત્વ કરી રહી છે. સાઉદી અરેબિયા માટે આ ઐતિહાસિક પગલું છે. આ પહેલા સાઉદી અરેબિયામાં ફક્ત બિનમુસ્લિમો જ દારુ ખરીદતા હતા. આ પહેલા મહિલાઓને જાહેરમાં ગાડી ચલાવવા અને પુરુષોની સાથે કાર્યક્રમમાં ભાગ લેવા છૂટ આપી હતી.૨૭ વર્ષીય મોડેલ રુમીએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર જાણકારી આપી કે તે મિસ યુનિવર્સ સ્પર્ધામાં પોતાના દેશ સાઉદી અરેબિયાની પ્રથમ સ્પર્ધક હશે.

# વિશ્વભરમાં વર્ષે વ્યક્તિદીઠ 79 કિલો અન્નનો વેડફાટ: UNનો ડરામણો રિપોર્ટ

**વોશિંગ્ટન**

૨૦૨૨માં દુનિયામાં પેદાં કરવામાં આવેલાં અન્નમાંથી અંદાજે ૧૯ ટકા એટલે કે ૧.૦૫ અબજ મેટ્રિક ટનનો વેડફાટ થયો હતો તેમ યુનાઈટેડ નેશન્સના નવા અહેવાલમાં જણાવ્યું હતું. તેમાં પણ સૌથી વધારે ૬૦ વેડફાટ ઘરોમાં થતો જોવા મળ્યો હતો જ્યારે રેસ્ટોરાં અને ફૂડ સર્વિસમાં આશરે ૨૮ ટકા અન્નનો વેડફાટ થયો હતો. દુનિયામાં હાલ ૭૮.૩ કરોડ લોકો ભૂખમરાનો સામનો કરી રહ્યા છે. UN પર્યાવરણ કાર્યક્રમના અન્ન બગાડ ઈન્ડેક્સ અહેવાલને બુધવારે પ્રકાશિત કરવામાં આવ્યો હતો. જેમાં ૨૦૩૦ સુધીમાં અન્નનો બગાડ ઘટાડીને અડધો કરવાના વિવિધ દેશોના પ્રયાસો પર નજર રાખવામાં આવે છે. ૨૦૨૧માં પ્રકાશિત અહેવાલમાં જણાવાયું હતું કે ૨૦૧૯માં દુનિયામાં પેદાં થયેલાં અન્નના ૧૭ ટકા અથવા ૯૩.૧ કરોડ મેટ્રિક ટન અન્નનો બગાડ થયો હતો. જો કે, બંને અહેવાલોના આંકડાની સીધી સરખામણી કરવી યોગ્ય નથી કેમ કે ઘણાં દેશોમાંથી પૂરતો ડેટા મળ્યો નથી. યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ-યુએનઈપી એન આંતરરાષ્ટ્રીય સખાવતી સંસ્થા વેસ્ટ એન્ડ રિસોર્સ એક્શન પ્રોગ્રામ - ડબલ્યુઆરએપી- દ્વારા સંયુક્ત રીતે આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે.

# તાલિબાનનું ફરમાન : મહિલા પરપુરૂષ સાથે સંબંધ બાંધતી પકડાશે મારી નંખાશે

**કાબુલ**

મોટાભાગના ઈસ્લામિક દેશોમાં મહિલાઓની સ્થિતિ કંઈ સારી તો નથી જ, પરંતુ અફઘાનિસ્તાનમાં તો તેમની સ્થિતિ જ ખરાબ હતી. તેમાં તાલિબાની શાસન આવતાં તેમની સ્થિતિ તો ઘણી જ કફોડી બની ગઈ છે. તાલિબાનોના સર્વોચ્ચ નેતા મુલ્લા હીબાતુલ્લાહ આખુંદજાદાએ મહિલાઓ વિરૂદ્ધ એક વધુ ફરમાન જારી કર્યું છે તે પ્રમાણે કોઈ મહિલા પરપુરુષ સાથે સંબંધ રાખે તો તેને પથ્થરો મારીને કે કોરડા મારી મારીને મારી નાખવામાં આવશે. આ આખુંદજાદાનો એક રેડીયો મેસેજ પ્રસિદ્ધ થયો છે. તેમાં તેણે પશ્ચિમના દેશોનાં લોકતંત્રોને પડકાર્યો છે. સાથે શરીયા કાનૂન સખત રીતે લાગુ કરવાની જાહેરાત કરી છે.

# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE
REAL ESTATE GROUP

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group
BROKERAGE

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions... Its that Simple!




Terrific Opportunity! Fully Reno'd Bungalow Inside And Out! 982 Sq. Ft On A 75 X 200 Ft Fenced Lot! All Hardwood Floors, Granite Kitchen Counters, Custom Cabinetry, Double Shower And Soaker Tub Excellent To Redevelop (Buy And Hold) Or Build On To Existing Structure. Loads Of Parking And Terrific Neighborhood ! Basement Is Clear And Dry (Rough-In Bath)




Great Location! Close proximity to all amenities. Bright & Spacious 2 Bed plus den Condo with backyard and parking. Functional Layout. Newly installed laminate flooring and paint. New Lrt coming soon. Close to major hub such as Scarborough Town centre, Centennial College, UFT (Scar), Hwy 401 and much more.




Welcome to 6 Pogson Dr. in a most desirable community. Rarely offered a 5 bedroom home with a Legal Basement apartment to gain good monthly income. 4000+Sqft Of Living Space. Solid Brick home sitting on a premium lot with great curb appeal. 7 Car Park & Ample Space For Pool. Tons of upgrades, such as: 5Pc Ensuite W/ Soaker Tub, New Light Fixture, Hardwood & Wrought Iron, Upgraded Kitchen W/Island and much more. Completely separate legal basement with two bedrooms. Wonderful tenants willing to stay or move out.

*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia

**Broker of Record / Sales Representative**
**teamkharodia@gmail.com**
**300-2855 Markham Rd Toronto ON M1X 0C3**
D: (647) 501-6786 | D: (647) 308-2941
F : (416) 298-8303 | P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.



# EXPERT IN VISITOR TOURIST VISA

- AUSTRALIA
- NEWZEALAND
- USA
- UK ENGLAND
- EUROPE SCHENGEN
- AFRICA

**Please Contact Today**

**499 Main Street, Unit 94, Brampton, Ontario L6Y1N7. +1 416-745-2466**



**AMI MEHTA**
CEO SHARP Immigration

SHARP
INTERNATIONAL IMMIGRATION SERVICES
Canada | India | Nigeria

15 YEARS

CICC
College of Immigration and Citizenship Consultants

+1-416-745-2466 (Canada)
+91-98255 56911 (India)
+234-8146184869 (Nigeria)